પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 03-11-2026 • Tuesday • Samvat : 2082 • Aasso Vad-09 • Vol : 97 • No. : 301 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

ફ્લોરિડામાં રોડ પાસે ખાનગી જેટ તૂટી પડ્યું : ૯ના મોત

ફ્લોરિડા, તા.૨

અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઇવેટ બિઝનેસ જેટ વિમાન અચાનક અનિયંત્રિત થઈને મિસાઈલની માફક સીધું જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૯ લોકોના કમકમાટીભર્યા મોત નીપજયા છે. અમેરિકાના પરિવહન મંત્રી શૉન ડફીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. આ દુર્ઘટના પ્રમુખ ટ્રમ્પના પેલેસથી લગભગ ૧૧ કિ.મી.ના અંતરે જ સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, 'લિયરજેટ ૬૦' નામનું આ પ્રાઇવેટ બિઝનેસ જેટ ટેક્સાસના ઓસ્ટિન-બર્ગસ્ટ્રોમ ઇન્ટરનેશનલ એરપોર્ટથી બહામાસ માટે રવાના થયું હતું. ઓસ્ટિન એરપોર્ટના પ્રવક્તા જિમ રેનોલ્ડ્સે આ દુર્ઘટનાને એક મોટી ત્રાસદી ગણાવી છે. આ વિમાનનો ટેલ નંબર N૭૨૨૬Z હતો. દુર્ઘટના પહેલાં એર ટ્રાફિક કંટ્રોલ સાથેની રેડિયો વાતચીતમાં પાઇલટે જણાવ્યું હતું કે વિમાન પર બરફ જામી રહ્યો છે, બહારનું તાપમાન -૪૭ ડિગ્રી સેલ્સિયસ છે અને મધ્યમ સ્તરનું ટર્બુલેન્સ છે. જો કે, થોડી જ ક્ષણોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ અને પાયલટે કટોકટી જાહેર કરતાં કહ્યું કે વિમાન ૨૦૦૦૦ થી ૨૨૦૦૦ ફૂટ પ્રતિ મિનિટની અત્યંત ઝડપે નીચે જઈ રહ્યું છે અને ઓવરસ્પીડની સ્થિતિ છે.બેકગ્રાઉન્ડમાં એલાર્મના અવાજો



વચ્ચે કૂ વિમાન પર કાબૂ મેળવવાનો આખરી પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે કંટ્રોલરે હિંમત આપતા કહ્યું કે "હું તમારી સાથે છું, વાત કરો." પરંતુ પરિસ્થિતિ વણસતાં કોકપિટમાંથી ભય અને ઘબરાહટનો અવાજ આવ્યો કે, "બહાર જુઓપ હે ભગવાન, હવે અમારી પાસે સમય નથી બચ્યો!" અને આ અંતિમ ચીસ સાથે જ ટ્રાન્સમિશન હંમેશા માટે બંધ થઈ ગયું. દક્ષિણ ફ્લોરિડાના એક વિસ્તારમાં રવિવારે આ વિમાન અચાનક હવામાંથી ધડાકાભેર નીચે આવી ગયું હતું. જમીન સાથે અથડાતા જ વિમાનમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને તે આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું.પ્રત્યક્ષદર્શીઓ અને કાર ચાલકોએ બનાવાયેલા વિડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે વિમાન આકાશમાંથી અત્યંત ઝડપથી નીચે પડ્યું હતું. સદનસીબે આ વિમાન નજીકની વસાહતના ઘરો અથવા ત્યાંથી પસાર થઈ રહેલા વાહનો સાથે અથડાતા માંડ-માંડ બચી ગયું હતું, નહીંતર મોટી જાનહાનિ થઈ શકત. વિમાન એક વ્યસ્ત રસ્તાની બિલકુલ નજીક પડતાં ત્યાં મોટો ખાડો પડી ગયો હતો અને ચારેય તરફ આગની લપટો સાથે ઘાટો કાળો ધુમાડો છવાઈ ગયો હતો. આ અકસ્માત મિલિટરી ટ્રેલ અને ૧૦મા એવેન્યુ નોર્થ પાસે સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ પામ બીચ કાઉન્ટી શરિફ કાર્યાલય દ્વારા બંને તરફના રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા હતા અને ફાયર ફાઇટર સહિતની ઇમરજન્સી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વિમાન દુર્ઘટનાગ્રસ્ત કેમ થયું અને તેના પાછળનું અસલી કારણ શું હતું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (ઢ્ઢછછ) અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડની વિશેષ ટીમ સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આ દુર્ઘટનાના કારણે આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે વીજળી પણ ગુલ થઈ ગઈ હતી.

રોડ નિર્માણ દરમિયાન સર્જાઈ દુર્ઘટના
રાજસ્થાનમાં હાઈવોલ્ટેજ કરંટથી ૮ શ્રમિકોનાં મોત

ઝુંઝુનુ, તા.૨

રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લામાં રોડ નિર્માણની કામગીરી દરમિયાન ગંભીર વીજ દુર્ઘટના સર્જાતાં આઠ શ્રમિકોનાં મોત નીપજ્યાં છે. છાપોલી વિસ્તારના કદમ કુંડ તરફ જતા માર્ગ પર કપચી પાથરવાનું મશીન ૧૧ હજાર વોલ્ટની હાઈવોલ્ટેજ વીજલાઈનના સંપર્કમાં આવતાં મશીનમાં વીજપ્રવાહ ફેલાયો હતો. આ દુર્ઘટનામાં પાંચ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ગંભીર રીતે દાઝેલા અન્ય ત્રણ શ્રમિકોએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, રોડ નિર્માણની કામગીરી ચાલી રહી હતી ત્યારે કપચી પાથરવા માટે ઉપયોગમાં લેવાતું મશીન અચાનક ઉપરથી પસાર થતી ૧૧ હજાર વોલ્ટની વીજલાઈનના સંપર્કમાં આવ્યું હતું. પરિણામે મશીનમાં વીજપ્રવાહ ફેલાતાં આસપાસ કામ કરી રહેલા શ્રમિકો તેની ઝપેટમાં આવી ગયા હતા. અકસ્મિક રીતે બનેલી આ ઘટનામાં પાંચ શ્રમિકોનાં સ્થળ પર જ મોત થયાં હતાં. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા ત્રણ શ્રમિકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનાં પણ મોત નીપજ્યાં હતાં.

દુર્ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મૃતકોની ઓળખ સહિતની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રોડ નિર્માણ દરમિયાન હાઈવોલ્ટેજ વીજલાઈનની નજીક ભારે મશીનરીનો ઉપયોગ થતો હોય ત્યારે જરૂરી સુરક્ષા વ્યવસ્થા કેટલી મહત્ત્વપૂર્ણ છે તે આ દુર્ઘટનાએ ફરી એકવાર ઉજાગર કર્યું છે. મશીન વીજલાઈનના સંપર્કમાં કેવી રીતે આવ્યું અને કામગીરી દરમિયાન સુરક્ષાનાં જરૂરી પગલાં લેવામાં આવ્યાં હતાં કે નહીં તે અંગે તપાસ બાદ વધુ વિગતો સામે આવી શકે છે. એકસાથે આઠ શ્રમિકોનાં મોતથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

ભારતને વધુ આશાવાદની જરૂર છે
દેશનું અર્થતંત્ર મજબૂત : બેંકોની સ્થિતિ સારી : સીતારમણ


નવી દિલ્હી, તા. ૨

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારતના બજારો અને અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને તેના લોકોના પ્રયાસો, વિશાળ સ્થાનિક બજાર અને મધ્યમ વર્ગની વધતી જતી ખરીદ શક્તિ દ્વારા ટેકો મળ્યો છે.

HSBC ના સમાવેશના અલ્ગોરિધમ કાર્યક્રમમાં બોલતા, સીતારમણે કહ્યું કે ભારતને તેની આર્થિક સંભાવનાઓમાં વધુ આશાવાદ અને વિશ્વાસની જરૂર છે. તેમણે કહ્યું કે બેંકો સારી સ્થિતિમાં છે અને અર્થતંત્ર મજબૂત રહ્યું છે, લોકોને પોતાના પર વિશ્વાસ રાખવા અને ભારત વિશે વધુ વિશ્વાસ સાથે બોલવા વિનંતી કરી.

સીતારમણે કહ્યું કે ભારતને તેની આર્થિક શક્તિમાં વધુ વિશ્વાસ દર્શાવવાની જરૂર છે. ઈંધણની સમયસર ઉપલબ્ધતાનો ઉલ્લેખ કરીને, તેમણે કહ્યું કે પુરવઠો સમયસર દેશમાં પહોંચી રહ્યો છે.

તેમણે લોકોને ભારતની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખવા અપીલ



કરી, ઉમેર્યું કે દેશને વધુ ખાતરી સાથે પોતાના વિશે બોલવાની જરૂર છે.

નાણામંત્રીએ કહ્યું કે વધતો મધ્યમ વર્ગ અને તેની વધતી જતી ખરીદ શક્તિ દેશની આર્થિક સ્થિતિસ્થાપકતામાં ફાળો આપી રહી છે.

સીતારમણે કહ્યું કે ૨૦૪૭ સુધીમાં બધા ભારતીયોને વીમા કવરેજ પૂરું પાડવું એ એક મુખ્ય સરકારી ઉદ્દેશ્ય છે. તેમણે કહ્યું કે બધા માટે વીમો સરકારના કાર્યસૂચિમાં ઉચ્ચ સ્થાને છે, ઉમેર્યું કે કવરેજ સુલભ બનાવવા માટે સરકાર સમર્થિત વીમા યોજનાઓ હેઠળ પ્રીમિયમ ન્યૂનતમ રાખવામાં આવ્યા છે. તેમણે સમાજના તમામ વર્ગોને ધિરાણ ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો, નાણાકીય સમાવેશને એક મહત્વપૂર્ણ પ્રાથમિકતા તરીકે રેખાંકિત કર્યો.

સીતારમણે કહ્યું કે ભારતે તેની યુવા વસ્તીને કૃત્રિમ બુદ્ધિ (છૈં) દ્વારા સક્ષમ નોકરીઓ મેળવવા માટે જરૂરી કૌશલ્યોથી સક્ષ્ક કરવાની જરૂર છે.

તેમણે યુવાનોને બદલાતી રોજગાર તકો માટે તૈયાર કરવા માટે કૌશલ્ય બનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો કારણ કે છૈં અપનાવવાથી કાર્યની પ્રકૃતિ બદલાઈ રહી છે.

બંગાળની ખાડીમાં તોફાની મુરાસુ વાવાઝોડું સક્રિય

નવી દિલ્હી, તા.૨

દિવાળી પહેલાં દેશના હવામાનમાં ફરી પલટો આવવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલું ચક્રવાતી તોફાન મુરાસુ વધુ તીવ્ર બનતાં દક્ષિણ ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને તેજ પવનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ૨ નવેમ્બરની મોડી રાતથી ૩ નવેમ્બરની વહેલી સવાર દરમિયાન આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, મુરાસુ વાવાઝોડું નેલ્લોર અને નરસાપુર વચ્ચે દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિમી પ્રતિ કલાક રહેવાની અને ઝટકાની ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. વાવાઝોડાની અસરથી આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૨ નવેમ્બરના રોજ ગુજરાત સહિત દેશનાં અનેક રાજ્યોમાં વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, તેલંગાણા, કર્ણાટક, સિક્કિમ અને આસામમાં પણ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે.

કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાનમાં આવેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

IMDના અહેવાલ પ્રમાણે, ૨ નવેમ્બરની વહેલી સવારે મુરાસુ ચેન્નાઈથી આશરે ૨૬૦ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં સક્રિય હતું. વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું હતું. તેની અસરથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવનની ગતિ વધવાની શક્યતા છે.

હવાઈ મુસાફરી મોંઘી થવાના એંધાણ
હવે એરલાઈન્સ જાતે ટીકીટના ભાવ નક્કી કરશે : સરકારનું નિયંત્રણ ઘટશે

નવી દિલ્હી, તા.૨

હવાઈ મુસાફરી કરતા લોકો માટે આગામી દિવસોમાં મોંઘવારીનો વધુ એક માર પડી શકે છે. કેન્દ્ર સરકારની નવી એરફેર નીતિ અંગે જાહેર થયેલી માહિતી અનુસાર, ૧ જાન્યુઆરી ૨૦૨૭થી એરલાઈન્સ કંપનીઓને વિમાન ટિકિટના ભાડાં નક્કી કરવામાં વધુ સ્વતંત્રતા મળી શકે છે. કંપનીઓ પોતાના સંચાલન ખર્ચ અને અન્ય આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખીને ટિકિટના ભાવ નક્કી કરી શકશે. આ વ્યવસ્થામાં સામાન્ય સંજોગોમાં સરકારની સીધી દખલગીરી નહીં રહે, જોકે વિશેષ પરિસ્થિતિમાં સરકાર હસ્તક્ષેપ કરી શકશે.

નવી નીતિ હેઠળ એરલાઈન્સ કંપનીઓને ટિકિટના ભાવ નક્કી કરવામાં વધુછૂટ આપવામાં આવશે. અત્યાર સુધી હવાઈ ભાડાંને લઈને સરકાર દ્વારા અમુક સંજોગોમાં નિયંત્રણો અને મર્યાદાઓ લાગુ કરવામાં આવતી હતી. નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ કંપનીઓ પોતાના ઓપરેશનલ ખર્ચ, ઈંધણના ભાવ અને બજારની સ્થિતિ પ્રમાણે ભાડાં નક્કી કરી શકશે.

જોકે, આનો અર્થ એવો નથી કે એરલાઈન્સને કોઈપણ પ્રકારની જવાબદારી વિના ભાડાં વસૂલવાની છૂટ મળશે. અસાધારણ પરિસ્થિતિમાં જનહિતને ધ્યાનમાં રાખીને સરકાર હસ્તક્ષેપ કરી શકશે.

ભાડાં નક્કી કરવાની સ્વતંત્રતાની સાથે ગ્રાહકોના હિત અને પારદર્શિતા જાળવવા માટે પણ જોગવાઈ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

- એરલાઈન્સે નક્કી કરેલા ભાડાંની વિગતો ઢ્ઢજ્ઞછને આપવી પડશે.

- કંપનીઓની સત્તાવાર વેબસાઇટ પર ભાડાંનું માળખું દર્શાવવું પડશે.

- બેઝ ફેર, ટેક્સ અને અન્ય ચાર્જની અલગથી વિગતો આપવી પડશે.

- ટિકિટ રદ કરવાના ચાર્જ અને રિફંડના નિયમો પણ સ્પષ્ટ કરવા પડશે.

આ વ્યવસ્થાનો હેતુ મુસાફરોને ટિકિટ બુકિંગ વખતે કુલ ખર્ચની સ્પષ્ટ જાણકારી આપવાનો છે.

એક તરફ એરલાઈન્સને ભાડાં નક્કી કરવાની વધુ સ્વતંત્રતા મળવાની વાત છે, તો બીજી તરફ વિમાન ઈંધણ એટલે કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (છ્ફ્લ)ના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મળતી માહિતી અનુસાર, છ્ફ્લના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૧.૩૭નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં ઈંધણનો ભાવ પ્રતિ લિટર રૂ. ૧૩૮.૫૦ સુધી પહોંચ્યો છે. છેલ્લા ચાર મહિનાથી ઈંધણના ભાવમાં સતત વધારો થતો હોવાના કારણે એરલાઈન્સ કંપનીઓના સંચાલન ખર્ચ પર દબાણ વધી રહ્યું છે.

એરલાઈન્સના કુલ સંચાલન ખર્ચમાં છ્ફ્લનો હિસ્સો અંદાજે ૪૦ ટકા જેટલો હોવાનું માનવામાં આવે છે. પરિણામે ઈંધણના ભાવમાં વધારો થાય ત્યારે તેની સીધી અસર કંપનીઓના ખર્ચ પર પડે છે.

નવી નીતિ અને ઈંધણના વધતા ભાવને કારણે આગામી સમયમાં હવાઈ ટિકિટ મોંઘી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

એરલાઈન્સ કંપનીઓ વધેલા સંચાલન ખર્ચને ટિકિટના ભાડામાં સમાવી શકે છે. ખાસ કરીને તહેવારો, રજાઓ અને વધુ મુસાફરીની સિઝનમાં માંગ વધે ત્યારે ભાડાંમાં વધારો જોવા મળી શકે છે. આમ, નવી એરફેર નીતિથી એરલાઈન્સને વ્યાપારી સ્વતંત્રતા મળવાની સાથે મુસાફરો માટે હવાઈ મુસાફરીના ખર્ચમાં વધારો થવાની સંભાવના પણ ઊભી થઈ છે.

સરકારે જાહેર કરી નવી ગાઈડલાઈન
વિદેશથી ભારત આવતા મુસાફરો માટે એર સુવિધા ૨.૦ ફોર્મ ફરજિયાત

નવી દિલ્હી, તા.૨

વિદેશથી ભારત આવતા આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે કેન્દ્ર સરકારે મહત્ત્વની નવી ગાઈડલાઈન જાહેર કરી છે. હવે ભારત આવતા તમામ મુસાફરોએ 'એર સુવિધા ૨.૦' પોર્ટલ પર સ્વયં-ઘોષણા (સેલ્ફ ડિક્લેરેશન) ફોર્મ ભરવાનું રહેશે.

વૈશ્વિક સ્તરે ફેલાઈ રહેલા ઈબોલા સહિતના સંભવિત આરોગ્ય જોખમોને ધ્યાનમાં રાખીને મુસાફરોના આરોગ્ય અને પ્રવાસની વિગતો એકત્રિત કરવા માટે આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

નવી માર્ગદર્શિકા અનુસાર, વિદેશથી ભારત આવતા કોઈપણ મુસાફરને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી નથી. તેમાં નીચેના મુસાફરોનો સમાવેશ થાય છે.

- વિદેશ પ્રવાસ કરીને ભારત પરત ફરતા ભારતીય પાસપોર્ટધારકો.

- ઓવરસીઝ સિટિઝન ઓફ ઇન્ડિયા (OCI) કાર્ડધારકો.

- વિદેશી પાસપોર્ટ ધરાવતા તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ.

મુસાફરોએ પોતાની વ્યક્તિગત વિગતો, પાસપોર્ટ નંબર, ફ્લાઇટની માહિતી, તાજેતરના પ્રવાસની વિગતો અને સ્વાસ્થ્ય સંબંધિત માહિતી ફોર્મમાં આપવાની રહેશે.

અહેવાલમાં જણાવ્યા મુજબ, મુસાફરોએ ફ્લાઇટમાં બોર્ડિંગ અથવા પ્રસ્થાન પહેલાં ફોર્મ સબમિટ કરવાનું રહેશે. તેમાં મહત્તમ ૭૨ કલાકની સમયમર્યાદાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

દિલ્હી-NCRમાં ગ્રીન ફટાકડા ફોડવા માટેની પરમિશન મળી

નવી દિલ્હી, તા.૨

દિલ્હી-દ્વઈવાળા સાવધાન થઈ જજો, કેમ કે સુપ્રીમ કોર્ટનો નવો ચુકાદો આવી ચુક્યો છે. ૭ અને ૮ નવેમ્બરના રોજ ગ્રીન ફટાકડા ફોડવાની પરમિશન તો મળી ગઈ છે, પણ સીન એટલો પણ સિંપલ નથી. નિયમ તોડનારાનો ખેલ ખતમ થઈ જશે. સવારે ૭ અને રાતના ૮થી ૧૦ વાગ્યાની વચ્ચે ટાઈમ સ્લોટ મળ્યો છે.

હોસ્પિટલ, નર્સિંગ હોમ, વૃદ્ધાશ્રમ અને શાળા-કોલેજના ૩૦૦ મીટરના દાયરામાં નો-કેકર ઝોન ઘોષિત કર્યો છે. દિવાળીની મજા લેવાનો મોકો તો મળ્યો છે, પણ ફુલ રિસ્પોન્સિબિલિટી સાથે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫વાળા જૂના ઓર્ડરને ફોલો કરતા કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે જો સાયલન્સ ઝોનનો રુલ તોડ્યો તો ડાયરેક્ટ કાર્યવાહી થશે. એટલા માટે નો કેકર ઝોનને મગજમાં રાખીને ચાલજો. ખાલી નક્કી કરેલા સમય પર ગ્રીન ફટાકડા ફોડો અને કોઈ પણ કાનૂની લફડામાં પડ્યા વિના પોતાની દિવાળીને મનાવો.

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ખાલી ૭ અને ૮ નવેમ્બરના રોજ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના જૂના આદેશની જોગવાઈઓ અનુરુપ જાહેર કર્યો છે. જેથી તહેવારની પરંપરાઓ અને પર્યાવરણ સુરક્ષા બંને વચ્ચે સંતુલન બની રહે. કોર્ટે સામાન્ય જનતા માટે ફટાકડા ફોડવાનો સમય ખૂબ જ કડકાઈથી મર્યાદિત કરી દીધો છે. આદેશ અનુસાર, નાગરિકો ખાલી બે નિશ્ચિત સમયમર્યાદામાં ગ્રીન ફટાકડા ફોડી શકશે.

સવારના સમયઃ સવારે ૬.૦૦થી ૭.૦૦ વાગ્યા સુધી

રાતનો સમયઃ રાતના ૮.૦૦થી ૧૦.૦૦ વાગ્યા સુધી

આ નિર્ધારિત કલાકો ઉપરાંત કોઈ પણ અન્ય સમય પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, જેથી હવાની ગુણવત્તા અને વાયુ પ્રદૂષણનું સ્તર વધારે ન બગડે.

સુપ્રીમ કોર્ટે આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને અનેક વિસ્તારોને કડક 'નો-કેકર ઝોન' (ફટાકડા પ્રતિબંધિત વિસ્તાર) જાહેર કર્યા છે. આ વિસ્તારોમાં ફટાકડા ફોડવા કાયદેસર ગુનો ગણાશે.

હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોઃ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલો, નર્સિંગ હોમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (ઁઅજ) અને જિલ્લા આરોગ્ય કેન્દ્રોના ૩૦૦ મીટરના દાયરામાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

વૃદ્ધાશ્રમોઃ વૃદ્ધોના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ વૃદ્ધાશ્રમોના ૩૦૦ મીટરના વિસ્તારને પણ નો-કેકર ઝોનમાં સામેલ કરવામાં આવ્યો છે.

શૈક્ષણિક સંસ્થાઓઃ શાળાઓ, કોલેજો અને અન્ય તમામ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

અધિસૂચિત શાંતિ ઝોનઃ વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ શાંતિ ઝોનમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ રહેશે. નો-કેકર ઝોનની ખાસ ઓળખ માટે માર્કિંગ કરવામાં આવશે

સુપ્રીમ કોર્ટે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે તમામ પ્રતિબંધિત વિસ્તારોને તાત્કાલિક નો-કેકર ઝોન તરીકે ચિહ્નિત કરવામાં આવે અને ત્યાં જાહેરાતો તથા સૂચનાત્મક બોર્ડ લગાવીને લોકોને જાણ કરવામાં આવે. નિર્ધારિત મર્યાદાની બહાર અથવા પ્રતિબંધિત વિસ્તારોમાં નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પોલીસને સોંપવામાં આવી છે.



એશિયન પેઈન્ટ્સે 'તૈયારી શરૂ, તહેવાર શરૂ' અભિયાન સાથે દિવાળીની તૈયારીઓના આનંદની ઉજવણી કરી

દિવાળીની ભાવનાને વ્યક્ત કરતાં એશિયન પેઈન્ટ્સે 'તૈયારી શરૂ, તહેવાર શરૂ' અભિયાન રજૂ કર્યું છે. આ સંગીતમય ફિલ્મ દિવાળીની શરૂઆત ઘરમાં થતી તૈયારીઓ સાથે કેવી રીતે થાય છે તે દર્શાવે છે. દિવાળીનો ઉત્સાહ તહેવાર આવે તેના ઘણા દિવસો પહેલાંથી જ શરૂ થઈ જાય છે. ઘરની સફાઈ અને સજાવટથી લઈને ઘરને રંગરોગાન કરીને નવો દેખાવ આપવા સુધીની દરેક પ્રવૃત્તિ તહેવારની તૈયારીનો એક ભાગ બની જાય છે. જ્યારે પરિવારના સભ્યો, પિતરાઈ ભાઈ-બહેનો, સગાંસંબંધીઓ અને મિત્રો દિવાળીની તૈયારી માટે એકસાથે આવે છે, ત્યારે રોજિંદાં કામો પણ હાસ્ય, આનંદ અને સાથે સમય વિતાવવાની સુંદર પળોમાં ફેરવાઈ જાય છે. આ ફિલ્મ આ જ વાતને જીવંત રીતે રજૂ કરે છે.

આ જાહેરાત અભિયાન રંગોથી ભરપૂર, સંગીતમય, મનને ગમી જાય એવી તાલબદ્ધ ધૂન અને મજેદાર શબ્દો દ્વારા દિવાળીની તૈયારીઓના ઉત્સાહને જીવંત બનાવે છે. એશિયન પેઈન્ટ્સથી દીવાલોને રંગવા, ઘરની સફાઈ કરવા અને સજાવટ કરવા જેવી પ્રવૃત્તિઓને આ ફિલ્મ આનંદભરી ઉજવણીમાં ફેરવી દે છે. પરિવારના સભ્યો પોતાના ઘરને સગાંસંબંધીઓ અને પ્રિયજનોના સ્વાગત માટે તૈયાર કરે છે ત્યારે દરેક તૈયારી ઉત્સવનો એક ભાગ બની જાય છે.

આ અભિયાન દિવાળીના તહેવાર દરમિયાન ઘરની બદલાતી ભૂમિકા અંગે એશિયન પેઈન્ટ્સની સમજને પણ દર્શાવે છે. નવાં રંગોથી સજ્જ થયેલું ઘર માત્ર તહેવારની ઉજવણી પૂરતું મર્યાદિત નથી. તે આ સમયગાળાની ઓળખ સમાન ઉત્સાહ, કાળજી અને એકતાની ભાવનાને પણ દર્શાવે છે. ઘરને નવો દેખાવ આપવાની સાથે સંબંધો વધુ મજબૂત બને છે અને દિવાળીની સાચી ભાવના જીવંત થાય છે.

આ અભિયાન વિશે એશિયન પેઈન્ટ્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર અમિત સિંગલે જણાવ્યું હતું કે, "દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ એક લાગણી છે, જે ખરી ઉજવણી શરૂ થાય તેના ઘણા સમય પહેલાંથી જ મનમાં આકાર લેવા લાગે છે. આ સફરમાં તૈયારીઓનું મહત્વનું સ્થાન છે. સાથે મળીને કામ કરવું, વાતચીત કરવી અને આનંદની પળો માણવી જેવી પ્રવૃત્તિઓ પરિવારના સભ્યો અને પ્રિયજનોને એકબીજાની નજીક લાવે છે. 'તૈયારી શરૂ, તહેવાર શરૂ' અભિયાન દ્વારા અમે દિવાળી પહેલાંના આ સુંદર ઉત્સાહની ઉજવણી કરવા માગતા હતા. સાથે જ એ દર્શાવવા માગતા હતા કે એશિયન પેઈન્ટ્સથી ઘરને નવો અને આકર્ષક દેખાવ આપવાની તૈયારી સહિતની દરેક પ્રવૃત્તિ તહેવારના અનુભવનો એક ભાગ છે. અમારી સંગીતમય જાહેરાત ફિલ્મ દ્વારા અમે દિવાળીની તૈયારીઓને ખાસ બનાવતા ઉત્સાહ, હૂંફ અને એકતાની ભાવનાને રજૂ કરી છે."

'તૈયારી શરૂ, તહેવાર શરૂ' અભિયાન દ્વારા એશિયન પેઈન્ટ્સ દિવાળીના આગમન પહેલાંના દિવસોમાં ધીમે ધીમે વધતા જતા ઉત્સાહની ઉજવણી કરે છે. પોતાની પ્રથમ સંગીતમય ફિલ્મ દ્વારા બ્રાન્ડ દર્શાવે છે કે તહેવાર શરૂ થાય તે પહેલાંથી જ રંગો, હાસ્ય, સંગીત અને એકતાની ભાવના ઘરને દિવાળીના ઉત્સવમય માહોલથી ભરી દે છે.

મારુતિ સુઝુકીએ ૫૦,૦૦૦ ઈલેક્ટ્રિક વાહનોની નિકાસનો આંકડો પાર કર્યો

મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ ("મારુતિ સુઝુકી") એ આજે જાહેરાત કરી કે ઓગસ્ટ ૨૦૨૫માં વૈશ્વિક નિકાસ શરૂ થઈ ત્યારથી ભારતમાં બનેલી (Made-in-India) તેની ઈલેક્ટ્રિક વાહનોની કુલ નિકાસ ૫૦,૦૦૦ યુનિટ્સને વટાવી ગઈ છે.

યુરોપ એ પ્રથમ બજાર હતું જ્યાં આ વાહનો નિકાસ કરવામાં આવ્યાં હતાં અને તે આજે પણ નિકાસ માટેનું સૌથી મોટું સ્થળ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મારુતિ સુઝુકી ભારતની નંબર ૧ EV નિકાસકાર રહી હતી અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન પણ તેણે પોતાનું અગ્રણી સ્થાન જાળવી રાખ્યું છે.

આ સીમાચિહન અંગે બોલતાં મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી હિસાશી તાકેઉચીએ જણાવ્યું હતું કે, "મારુતિ સુઝુકીની ઈફની નિકાસ યાત્રા ઓગસ્ટ ૨૦૨૫માં શરૂ થઈ હતી, જ્યારે ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હાંસલપુર પ્લાન્ટ ખાતે, ૧૦૦થી વધુ દેશોમાં વેચાણ માટે, 'ઈ-વિટારા'ના ઉત્પાદનનો પ્રારંભ કરાવ્યો હતો. તે જ કાર્યક્રમમાં તેમણે મારુતિ સુઝુકીને 'મેક ઈન ઈન્ડિયા' પહેલના 'બ્રાન્ડ એમ્બેસેડર'ફ તરીકે બિરદાવી હતી. આજે મારુતિ સુઝુકી આમાંથી લગભગ ૫૦ દેશોમાં ઈફની નિકાસ કરે છે, જેમાં યુરોપ સૌથી મોટું બજાર છે. એપ્રિલ- સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારતમાંથી થતી ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોની નિકાસમાં મારુતિ સુઝુકીનો હિસ્સો લગભગ ૯૩%રહ્યો હતો. આ સીમાચિહન ભારતની અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ અને તેની વધતી જતી સ્પર્ધાત્મકતાને દર્શાવે છે."

'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' ના સૂત્રને સાર્થક કરતી આ કંપની છેલ્લા સતત પાંચ વર્ષથીફફ ભારતની નંબર ૧ પેસેન્જર વાહન નિકાસકાર રહી છે અને એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારતમાંથી થતી પેસેન્જર વાહનોની નિકાસમાં કંપનીનો હિસ્સો ૫૦%થી વધુ છે. હાલમાં મારુતિ સુઝુકી લગભગ ૧૨૦ દેશોમાં ૧૬ મોડેલ્સની નિકાસ કરે છે.

ફોર્સ મોટર્સએ Q2 અને H1 FY2026–27 માટે મજબૂત પર્ફોર્મન્સ જાહેર કર્યું

ભારતની સૌથી મોટી વેન ઉત્પાદક અને શેર્ડ અને સ્પેસિયલાઈઝ્ડ મોબિલીટી ઉકેલોમાં અગ્રણી ફોર્સ મોટર્સ લિમિટેડે આજે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધા વર્ષ માટેના નાણાંકીય પરિણામોની આજે ઘોષણા કરી છે.

કંપનીએ ઊર અને H1 FY2026-27 માટે મજબૂત પર્ફોર્મન્સ હાંસલ કર્યુ છે, જેમાં ત્રિમાસિક ગાળા દરમિયાન વેચાણ ગતિમાં નોંધપાત્ર મજબૂતાઇ જોવા મળી છે. વર્ષના પ્રારંભિક મહિનાઓમાં ઓપરેશનલ પુનઃસમાયોજિતના ગાળાની આવશ્યકતા હોવાથી પોતાના પોર્ડક્ટ પોર્ટફોલિયોને સતત રિફ્રેશ અને મજબૂત કરવાની કંપનીની વ્યૂહરચનાના ભાગરૂપે ન્યુ ટ્રાવેલર દ્વ રેન્જ અને અર્બેનિયા ડીલક્સમાં સંક્રાંતિ કરવામાં આવી હતી. પોતાની મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ, સંકલિત કામગીરી અને અમલીકરણની મજબૂતાઇનો લાભ ઉઠાવતા ફોર્સ મોટર્સએ પછીના મહિનાઓમાં નોંધપાત્ર ગતિ મેળવવાની સાથે આ સંક્રાંતિને સફળતાપૂર્વક હાથ ધરી હતી.

પર્ફોર્મન્સ પર ટિપ્પણી કરતા ફોર્સ મોટર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રસન ફિરોડિયાએ જણાવ્યું હતું કે, "FY2026–27ના પ્રથમ છ મહિનાઓ સંક્રાંતિનો અને ફોર્સ મોટર્સ માટે નવેસરની ગતિનો ગાળો રહ્યો હતો. ન્યુટ્રાવેલર N રેન્જમાં સંપૂર્ણ સંક્રાંતિ અને અર્બેનિયા ડીલક્સનું લોન્ચ અમારા પ્રોડક્ટ પોર્ટફોલિયોને મજબૂત બનવવામાં અગત્યના પગલાં તરીકે અંકિત કરે છે. આ સમયગાળામાં કામગીરીયુક્ત એડજસ્ટમેન્ટના ગાળાનો સમાવેશ થયો હતો ત્યારે અમારી મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ અને અમારી ટીમ્સના પ્રયત્નોએ અમને ગતિ પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરી હતી જેમાં છેલ્લા બે મહિનાની તુલનામાં વોલ્યુમ્સમાં વધારો થયો હતો.

બન્ને નવી પ્રોડક્ટ્સનો પ્રતિભાવ પ્રોત્સાહક રહ્યો છે અને સ્વસ્થ ઓર્ડર પાઈપલાઈન સાથે અમે જ્યારે તહેવારની સિઝનની નજીક જઇ રહ્યા છીએ ત્યારે આગામી મહિનાઓ માટે અમે આશાવાદી છીએ. અમે ગ્રાહકોની વિકસતી જરૂરિયાતો સાથે સમાયોજિત ઉકેલો વિકસાવવાનું સતત રાખ્યુ છે ત્યારે ટ્રાવેલર ઈફ રેન્જના લોન્ચ સાથે અમે અમારી ઈલેક્ટ્રિક મોબિલીટી ઓફરીંગ્સને વિસ્તૃત બનાવવાનું પણ વિચારી રહ્યા છીએ.

મિવી એ હૈદરાબાદમાં રૂ. ૨૦૦ કરોડના ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન કર્યું; ભારતમાં કામગીરીના એક દાયકાની ઉજવણી કરી

ભારતની સ્વદેશી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ મિવી એ આજે અવિષ્કરણ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૨૦૦ કરોડના રોકાણ સાથે હૈદરાબાદમાં એક મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું. આ ઉદ્ઘાટન સમારોહમાં તેલંગાણાના આઈટી મંત્રી શ્રી ડી. શ્રીધર બાબુ; અનુદીપ દુરીશેટ્ટી, આઈએએસ, સંયુક્ત સચિવ, આઈટીઈ અને સી, તેલંગાણા સરકાર અને તેલંગાણા ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન (ટીજીઆઈઆઈસી)ના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કે. શશાંક (આઈએએસ) ઉપસ્થિત રહ્યા હતા. આ ફેસિલિટી મીવીના ઉત્પાદનોના ઉત્પાદનને સમર્થન આપશે અને ભારતમાં ઉત્પાદન ક્ષેત્રે કંપનીની એક દાયકાની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે. આ સુવિધા મીવીની ઉત્પાદન કામગીરીને ટેકો આપે છે અને ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે કંપનીના વિસ્તરણની સાથે સાથે, સ્થાનિક ક્ષમતાઓ વિકસાવવા પરના તેના ધ્યાનનું પ્રતિબિંબ પાડે છે.

મિવી ના સહ-સ્થાપક મિધુલા દેવાભક્તુનીએ જણાવ્યું હતું કે: "આ સુવિધાનું ઉદ્ઘાટન એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, કારણ કે અમે ભારતમાં કામગીરીના દસ વર્ષ પૂર્ણ કર્યા છે. અમે હંમેશા ભારતીય ગ્રાહકોને કેન્દ્રમાં રાખીને અહીં ઉત્પાદનો અને ક્ષમતાઓ વિકસાવવામાં વિશ્વાસ રાખ્યો છે. જેમ જેમ અમે વિકાસના આગલા તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છીએ, તેમ અમે અમારી પોતાની ટેક્નોલોજીમાં રોકાણ કરવા અને ભારતમાં અમારી ઉત્પાદન ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ."



મિવી ના સહ-સ્થાપક વિશ્વનાથ કંડુલાએ કહ્યું, "છેલ્લા એક દાયકામાં, અમે ભારતમાં મિવી ના ઉત્પાદનો, ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હૈદરાબાદમાં અમારી આ સુવિધાનું ઉદ્ઘાટન તે સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે અને તે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારતની ક્ષમતામાં અમારા વિશ્વાસને દર્શાવે છે. હવે જ્યારે અમે સ્માર્ટફોન અને અન્ય ટેક્નોલોજી શ્રેણીઓમાં વિસ્તરણ કરી રહ્યા છીએ, ત્યારે અમે નવીનતા (innovation) માં રોકાણ કરવાનું અને ભારતીય ગ્રાહકો માટે ઉત્પાદનો તૈયાર કરવાનું ચાલુ રાખીશું."

આ રોકાણ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત કરવા પ્રત્યે મીવી ની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારતમાં પોતાની ઉત્પાદન કામગીરીનો વિસ્તાર કરીને, કંપની 'મેક ઇન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના ઉદ્દેશ્યોમાં યોગદાન આપવા માંગે છે. આનાથી દેશના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઈકોસિસ્ટમના વિકાસને વેગ મળશે અને ભારતીય ગ્રાહકો માટે વધુ ઉત્પાદનો ભારતમાં જ તૈયાર થઈ શકશે.

છેલ્લા એક દાયકામાં, મીવી એક ઓડિયો બ્રાન્ડમાંથી વિકસીને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ કંપની બની ગઈ છે, જે હવે પોતાના ઉત્પાદનો અને ટેક્નોલોજી વિકસાવી રહી છે. કંપનીએ તાજેતરમાં મિવી વન ૫જીલોન્ચ કરીને સ્માર્ટફોન ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. તેની પોતાની માલિકીની ટેક્નોલોજીમાં 3D સ્ટેજ ' અને મીવી એઆઈ નો સમાવેશ થાય છે.

ફોનપેની 24K ડિજિટલ ગોલ્ડ કેશબેક ઑફર સાથે ધનતેરસની ઉજવણી કરો

ફોનપે દ્વારા ધનતેરસના શુભ અવસર પર ૨૪દ્ધ ડિજિટલ ગોલ્ડ પર આકર્ષક કેશબેક ઑફર્સની જાહેરાત કરવામાં આવી છે. ફોનપે પરથી ઓછામાં ઓછું રૂા. ૨,૦૦૦નું ડિજિટલ ગોલ્ડ ખરીદવા પર યુઝર્સ ફ્લેટ ૨% કેશબેક (રૂા. ૨,૦૦૦ સુધી) મેળવી શકે છે. આ ઑફર ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ માત્ર એક વખતના ટ્રાન્ઝેક્શન માટે જ માન્ય રહેશે (પ્રતિ યુઝર એક જ વાર માન્ય, SIP ટ્રાન્ઝેક્શન પર લાગુ નહીં).

આ ઑફરનો લાભ લેવા માટે ગ્રાહકો ઓછામાં ઓછા ? ૨,૦૦૦ની ખરીદી સાથે 24K ડિજિટલ ગોલ્ડ ખરીદી શકે છે. ડિજિટલ રીતે ખરીદવામાં આવતા પ્રમાણિત ૨૪દ્ધ સોના પર શૂન્ય મેકિંગ ચાર્જ લાગે છે અને તેને વિનામૂલ્યે બેંક-ગ્રેડ લોકર્સમાં સુરક્ષિત રાખવામાં આવે છે. સંગ્રહિત સોનું ગમે ત્યારે વેચવા પર, તેના નાણાં ૪૮ કલાકની અંદર તેમના બેંક ખાતામાં જમા થઈ જાય છે.

સર્વોચ્ચ શુદ્ધતાનું સોનું પ્રદાન કરવા માટે ફોનપેએ અગ્રણી પ્રદાતાઓ MMTC-PAMP અને SafeGold સાથે ભાગીદારી કરી છે. પારદર્શક ભાવ નિર્ધારણની પ્રતિબદ્ધતા સાથે, આ પ્લેટફોર્મ સમગ્ર ભારતમાં ૨.૯ કરોડથી વધુ ગ્રાહકો માટે એક વિશ્વાસપાત્ર વિકલ્પ બન્યું છે, જેમણે ઉચ્ચ શુદ્ધતા ધરાવતું ૨૪દ્ધ સોનું ખરીદ્યું છે.

બેંક ઓફ બરોડાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડે એનબીએફસી તરીકે કામગીરી શરૂ કરી

ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક બેંક ઓફ બરોડાએ જાહેરાત કરી છે કે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડે નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (NBFC-ND-ICC) તરીકે કામગીરી શરૂ કરી છે. આ બેંકની સરકારી જામીનગીરીઓ અને ડેટ કેપિટલ માર્કેટ્સ ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરવાની વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. એનબીએફસી તરીકે કામગીરી શરૂ કરવાના પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડે પોતાની કોર્પોરેટ ઓળખ અને લોગો રજૂ કર્યા હતાં. આ ઉપરાંત, કંપનીની સત્તાવાર વેબસાઈટ www.bobgiltedge.in પણ શરૂ કરી. bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડની શરૂઆત બેંકના એ વિઝનને અનુરૂપ છે, જેનો હેતુ વિશિષ્ટ ક્ષમતાઓ વિકસાવીને BOB ગ્રુપને વધુ મજબૂત બનાવવાનો, વિવિધ વ્યવસાયોમાં વિસ્તરણ કરવાનો અને વિવિધ પ્રકારની નાણાંકીય સેવાઓ પૂરી પાડતી સંસ્થા તરીકે વિકાસ સાધવાનો છે.

બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. દેબદત્ત ચંદે જણાવ્યું હતું કે, "bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડની શરૂઆત બેંક માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પહેલ છે. એનબીએફસી તરીકે કામગીરી શરૂ થવાથી સરકારી જામીનગીરીઓ અને ડેટ કેપિટલ માર્કેટ્સ ક્ષેત્રમાં અમારી હાજરી વધુ મજબૂત બનાવવા માટેનો પાયો નંખાયો છે. બજારમાં ખરીદ-વેચાણની પ્રવૃત્તિઓ અને તેને સંબંધિત અન્ય કામગીરી દ્વારા કંપની ભારતનાં નાણાંકીય બજારોના વિકાસ અને તેના વ્યાપને વિસ્તૃત કરવામાં યોગદાન આપશે. તેનાથી બજારની કાર્યક્ષમતામાં વધારો થશે અને આરબીઆઈ રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ સહિતનાં માધ્યમો દ્વારા વધુ રોકાણકારોને બજારમાં ભાગ લેવા પ્રોત્સાહન મળશે. અમે અમારી નાણાંકીય સેવાઓના વ્યવસાયમાં વિવિધતા લાવવાનું ચાલુ રાખીએ છીએ ત્યારે bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડ જેવી વિશિષ્ટ હેતુ માટે સ્થાપિત પેટાકંપનીઓ વિકાસની નવી તકો ઊભી કરવામાં અને સમગ્ર BOB ગ્રુપને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." આ લોન્ચિંગ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડા અને bob સિક્યોરિટીઝ એન્ડ ગિલ્ટએજ લિમિટેડના ડિરેક્ટરો ઉપરાંત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સીપીએચઆઈ અને પીએમઈસી ઈન્ડિયા ૨૦૨૬માં પશ્ચિમ ભારતના મેન્યુફેક્ચરિંગ હબ પર રહેશે વિશેષ ધ્યાન

ભારતીય ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની વૈશ્વિક સ્થિતિને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા દ્વારા આયોજિત 'સીપીએચઆઈ ઈન્ડિયા' (CPHI) અને 'પીએમઈસી ઈન્ડિયા' (PMEC) ૨૦૨૬નું આયોજન દિલ્હી-એનસીઆરમાં બે અલગ-અલગ સ્થળોએ થવા જઈ રહ્યું છે. સીપીએચઆઈ ઈન્ડિયા ૨૩ થી ૨૫ નવેમ્બર દરમિયાન આઈઆઈસીસી યશોભૂમિ, દ્વારકા ખાતે અને પીએમઈસી ઈન્ડિયા ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન આઈઈએમએલ, ગ્રેટર નોઈડા ખાતે યોજાશે. આ આયોજનમાં ૧૨૦ થી વધુ દેશોના ૫૦,૦૦૦થી વધુ ફાર્મા પ્રોફેશનલ્સ અને ૨,૦૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લેશે. આ સંયુક્ત આયોજનમાં એપીઆઈ (API), ફિનિશ્ડ ડોઝ, પેકેજિંગ, ઓટોમેશન, ક્લીનરૂમ ટેકનોલોજી અને લેબોરેટરી સિસ્ટમ્સ સાથે જોડાયેલી અત્યાધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે.

ભારતીય દવા ઉદ્યોગના વિસ્તરણ અને તકનીકી આધુનિકીકરણ પર ભાર મૂકતા ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, "ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ તેની ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને સતત મજબૂત બનાવી રહ્યો છે. સરકારી આંકડા અનુસાર, ફાર્માસ્યુટિકલ દવાઓ માટે લાવવામાં આવેલી પીએલઆઈ યોજનાએ માર્ચ ૨૦૨૬ સુધીમાં અંદાજે ૧.૧૫ લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, જે આ ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા દર્શાવે છે. એપીઆઈ, ફોર્મ્યુલેશન, ઓટોમેશન અને ગુણવત્તા પ્રણાલીઓમાં રોકાણના વધતા મહત્વને જોતાં, આ ઈવેન્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા હિતધારકોને ભાગીદારી શોધવા, ચોક્કસ ઉકેલો મેળવવા અને સમગ્ર ફાર્માસ્યુટિકલ વેલ્યુ ચેઈનમાં નવી વ્યાપારિક તકો હાંસલ કરવા સક્ષમ બનાવશે."

આ મંચ ખાસ કરીને પશ્ચિમ ભારતના ફાર્માસ્યુટિકલ ઈકોસિસ્ટમને નવી ઊંચાઈ આપવા પર કેન્દ્રિત રહેશે. મહારાષ્ટ્ર અને ગુજરાત દેશના દવા ઉત્પાદન અને નિકાસના મુખ્ય કેન્દ્રો છે, જ્યાં મુંબઈ, પુણે, અમદાવાદ, વડોદરા અને અંકલેશ્વર જેવા ક્લસ્ટરો એપીઆઈ, ફોર્મ્યુલેશન અને અદ્યતન મશીનરીમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે. ગોવાના ઉત્પાદન આધાર સાથે મળીને પશ્ચિમ ક્ષેત્ર ભારતના ?૪.૭૨ લાખ કરોડના ફાર્મા ટર્નઓવર અને ૩૦.૫ અબજ ડોલરની નિકાસને વેગ આપવામાં મુખ્ય આધારસ્તંભ બન્યું છે.

આઈસીઆઈસીઆઈ લાઈફે ગેરન્ટીડ ઈન્ડેક્સ્ડ પેન્શન પ્લાન લોન્ચ કર્યો

આઈસીઆઈસીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ લિમિટેડે આઈસીઆઈસીઆઈ લાઈફ ગેરન્ટીડ ઈન્ડેક્સ્ડ પેન્શન પ્લાન લોન્ચ કર્યોછે. આ નિવૃત્તિ દરમિયાન આવક પૂરી પાડતી પ્રોડક્ટ છે, જે ગ્રાહકોને ગેરન્ટીડ એન્યુઈટી (નિશ્ચિત વાર્ષિક આવક) અને વેરિએબલ એન્યુઈટીરુ (પરિવર્તનશીલ વાર્ષિક આવક) એમ બંનેનો લાભ આપે છે. આ પ્રોડક્ટનો નિશ્ચિત આવકનો હિસ્સો ગ્રાહકોને આવકની સ્થિરતા આપે છે, જ્યારે પરિવર્તનશીલ આવકનો હિસ્સો બજારના ઈન્ડેક્સ સાથે જોડાયેલો હોવાથી મોંઘવારીની અસર સામે રક્ષણ મેળવવામાં મદદ કરે છે.

આ પ્લાનના લોન્ચિંગ અંગે આઈસીઆઈસીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ પ્રોડક્ટ ઓફિસર શ્રી વિકાસ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "લોકોની આવરદા વધી રહી હોવાથી હવે વ્યક્તિઓએ નિવૃત્તિ પછીના લાંબા સમયગાળા માટે આયોજન કરવાની જરૂર છે. જીવનનિર્વાહનો વધતો ખર્ચ અને નાણાંકીય જરૂરિયાતોમાં આવતા ફેરફારોને ધ્યાનમાં રાખતાં એવી નિવૃત્તિ યોજનાઓ હોવી ખૂબ જ જરૂરી છે, જે આવકની સ્થિરતા પૂરી પાડવાની સાથે બજાર સાથે જોડાયેલી આવકમાં વૃદ્ધિની તક પણ આપે.

આ પ્રોડક્ટની મુખ્ય વિશેષતા એ છે કે ગ્રાહકો તેમની પસંદગી મુજબ ૬૦ ટકાથી ૧૦૦ ટકા સુધીનો હિસ્સો ગેરન્ટીડ એન્યુઈટી તરીકે પસંદ કરી શકે છે. બાકીની આવક નિફ્ટી ૫૦ ટોટલ રિટર્ન ઈન્ડેક્સ સાથે જોડાયેલી રહેશે. આ વ્યવસ્થાથી ગ્રાહકોને બજારની વૃદ્ધિમાં ભાગ લેવાની તક મળશે અને નિવૃત્તિના સુવર્ણ વર્ષો દરમિયાન તેમની આવક વધવાની સંભાવના પણ રહેશે.

આઈસીઆઈસીઆઈ લાઈફ ગેરન્ટીડ ઈન્ડેક્સ્ડ પેન્શન પ્લાન દ્વારા ગ્રાહકો પોતાની અનુકૂળતા મુજબ નિશ્ચિત આવકનું સ્તર પસંદ કરી શકે છે. સાથે જ, તેમને બજારના દેખાવના આધારે આવકમાં વૃદ્ધિનો લાભ મેળવવાની તક પણ મળે છે. આ સુગમતા ગ્રાહકોને સમજીવિચારીને નાણાંકીય નિર્ણયો લેવામાં મદદ કરે છે અને નિવૃત્તિ પછીનાં વર્ષોનું વધુ આત્મવિશ્વાસ તથા નાણાંકીય સુરક્ષા સાથે આયોજન કરવાની તક આપે છે.

આ પ્રોડક્ટમાં સિંગલ-લાઈફ અને જોઈન્ટ-લાઈફના વિકલ્પો ઉપલબ્ધ છે. આ ઉપરાંત, ખરીદ કિંમત પરત મેળવવાની સુવિધાહ્ન પણ આપવામાં આવે છે. વાર્ષિક આવક મેળવનાર વ્યક્તિનું અથવા જોઈન્ટ-લાઈફના વિકલ્પમાં છેલ્લે હયાત રહેલી વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ અવસાન થાય તો ચૂકવવામાં આવેલા કુલ પ્રીમિયમ જેટલી રકમ મૃત્યુ લાભ તરીકે નોમિનીને પરત આપવામાં આવશે."

આ પ્રોડક્ટ ગ્રાહકોની તાત્કાલિક નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે 'એન્યુઈટી એડવાન્સ' સુવિધા પણ આપે છે. આ સુવિધા હેઠળ ગ્રાહકો આગામી પાંચ વર્ષ સુધી મળવાપાત્ર ગેરન્ટીડ એન્યુઈટીની રકમમાંથી ૯૯ ટકા સુધીની રકમ એકસાથે અગાઉથી મેળવી શકે છે. આમ, જ્યારે તાત્કાલિક નાણાંની સૌથી વધુ જરૂર હોય ત્યારે તેમને નાણાંકીય સહાય મળી શકે છે. ગ્રાહકો પોતાની નાણાંકીય જરૂરિયાતો અનુસાર માસિક, ત્રિમાસિક, છમાસિક અથવા વાર્ષિક ધોરણે આવકની ચૂકવણી મેળવવાનો વિકલ્પ પણ પસંદ કરી શકે છે.

અંબુજા સિમેન્ટ્સ વિકાસના ભાવિ તબક્કામાં વાર્ષિક ૩૦ મિલિ.ટન ક્ષમતાનું વિસ્તરણ કરશે

અદાણીની કંપનીઓનો ભાગ અને ભારતના અગ્રણી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ પૂરા પાડી રહેલી અંબુજા સિમેન્ટ્સ લિ.એ વિસ્તરણના તેના આગામી તબક્કાને આખરી ઓપ આપ્યો છે. તદનુસાર વિસ્તરણની યોજના હેઠળ (સંપૂર્ણ નવા('ગ્રીનફિલ્ડ') અને હાલના એકમોનું વિસ્તરણ'બ્રાઉનફિલ્ડ'કહેવાતા પ્રકલ્પો મારફત પ્રતિ વર્ષ અંદાજે ૩૦ મિલિયન ટન સિમેન્ટનું ઉત્પાદનની ક્ષમતા મુખ્ય બજારોમાં ઉમેરવાની યોજના ઘડી છે. આ યોજના થકી પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર ભારતમાં કંપનીનું ઉત્પાદન નેટવર્ક વિસ્તારવામાં આવશે. હાલ કંપની સમગ્ર ભારતમાં ૨૪ સંકલિત પ્રકલ્પો અને ૨૪ ગ્રાઈન્ડિંગ એકમો સાથે પ્રતિ વર્ષ ૧૧૩.૫ મિલિયન ટન સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

આ વિસ્તરણમાં પશ્ચિમ ક્લસ્ટરમાં પ્રતિ વર્ષ આશરે ૧૫.૫ મિલિ.ટન, , પૂર્વ ક્લસ્ટરમાં ૧૧.૬ મિલિ. ટન અને ઉત્તર ક્લસ્ટરમાં ૨.૯ મિલિ.ટનની નવી ગ્રાઈન્ડિંગ ક્ષમતા સામેલ છે. કંપની પૂર્વ ક્લસ્ટરમાં આસામના રંગિયામાં પ્રતિ વર્ષ ૨.૯ અને હોજાઈમાં ૨.૯ મિલિ.ટન, ઝારખંડના ગોડ્ડામાં ૨.૯ મિલિ.ટન અને બિહારના મુઝફ્ફરપુરમાં પ્રતિ વર્ષ ૨.૯ મિલિ.ટન ઉત્પાદન ક્ષમતા વધારી રહી છે. પશ્ચિમ ક્લસ્ટરમાં ગુજરાતના મુંદ્રામાં અને હજીરા દરેકમાં ૨.૯ મિલિ.ટન, મહારાષ્ટ્રના રાયગઢ, અમરાવતી અને કલ્યાણ પ્રત્યેકમાં ૨.૯ મિલિ.ટન, દહાણુમાં વાર્ષિક ૦.૭ મિલિ.ટન ઉત્પાદન ક્ષમતા ઉમેરવામાં આવી રહી છે. આ સિવાય ઉત્તર ક્લસ્ટરમાં ઉત્તર પ્રદેશના દાદરી લાઇનમાં પ્રતિ વર્ષ ૨.૯ મિલિ.ટન ક્ષમતા વધારવામાં આવશે. આ વિસ્તરણ યોજનામાં પૂર્વ ક્લસ્ટરમાં આસામના ઉમરાંગસોમાં પ્રતિ વર્ષ ૪ મિલિ.ટન તથા પશ્ચિમ ક્લસ્ટરમાં મરાઠામાં ૪ મિલિ.ટન અને મુંદ્રામાં ૨.૩ મિલિ.ટનની નવી 'ક્લિંકર' ઉત્પાદન ક્ષમતાનો પણ સમાવેશ થાય છે. તેના કારણે ગ્રાઇન્ડિંગ ક્ષમતાના વિસ્તરણને આધાર આપવા જરૂરી કાચા માલના ઉત્પાદન સંબંધિત નેટવર્ક વધુ તાકાતવર બનશે.

અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, "વિસ્તરણનો અમારો આગામી તબક્કો વૃદ્ધિની ગુણવત્તા અને વધુ સંતુલિત ઉત્પાદન નેટવર્ક બનાવવા પર કેન્દ્રિત છે. તેમણે કહ્યું કે ક્લિંકર અને ગ્રાઈન્ડીંગ ક્ષમતા વચ્ચેની કડીને મજબૂત કરીને અને સૂચિત ઉચ્ચ વૃદ્ધિ માટે સંભવિત મુખ્ય બજારોની નજીક વિસ્તરણ કરીને કંપનીનું નેટવર્ક વધુ સુગમ બનાવી રહ્યા છીએ. દરેક ક્ષમતા વધારાથી એકંદર વ્યવસાયની સ્પર્ધાત્મકતા મજબૂત બને તે હેતુથી અમારું ધ્યાન બજારની પહોંચને લોજિસ્ટિક્સ અને ખર્ચને કાર્યક્ષમતા સાથે જોડવા પર છે. અમારી પાસે મજબૂત બ્રાન્ડ ઈક્વિટી અને બજારોમાં પ્રીમિયમ સિમેન્ટનો હિસ્સો ધરાવતી જીવંત સપ્લાય ચેઈન ઈકોસિસ્ટમ છે. બાહેટીએ કહ્યું હતું કે વૃદ્ધિનો આ તબક્કો અને વધારાના અવરોધોને દૂર કરવાની આ પહેલ નાણાકીય વર્ષ ૨૦૩૦ સુધીમાં કંપનીની કુલ ક્ષમતાને વાર્ષિક ૧૫૫ મિલિ.ટન સુધી વધારશે. કુલ વૃદ્ધિ મૂડીખર્ચની યોજના લગભગ રૂ. ૧૪,૫૦૦ કરોડની છે. બજારમાં હિસ્સો વધારવા ઉપરાંત આ ક્ષમતાઓમાં ઉચ્ચ કાર્યક્ષમતા લાવીને ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં પણ મદદ થશે. ઉત્પાદન એકમો બજારની નજીક હોવાથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં પણ મદદ કરશે.".

પહેલાથી જ અમલમાં મુકાઈ રહેલો નવો કાર્યક્રમ ક્ષમતા વિસ્તરણ પર આધારિત છે. નાણા વર્ષ-૨૭ના પહેલા છ મહિના દરમિયાન, કંપનીએ ગુજરાતમાં દહેજ ખાતે વાર્ષિક ૧.૨ મિલિ.ટન બ્રાઉનફિલ્ડ વિસ્તરણ, ઉત્તર પ્રદેશમાં સલઈ બાનવા ખાતે વાર્ષિક ૨.૪ મિલિ.ટન ક્ષમતાનું ગ્રાઈન્ડીંગ યુનિટ અને મહારાષ્ટ્રમાં કલંબોલીમાં વાર્ષિક ૧.૦ મિલિ.ટન બ્રાઉનફિલ્ડ વિસ્તરણ દ્વારા કુલ વાર્ષિક ૪.૬ મિલિ.ટન ઉમેરાતા હવે કુલ સિમેન્ટ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૧૩.૫ મિલિ. ટનના આંકે પહોંચી છે.

નજીકના સમયગાળામાં ઉત્પાદન વૃધ્ધિની પાઈપલાઇન આ આધારને વધુ મજબૂત બનાવશે, જેમાં ઉત્તર ક્લસ્ટર પંજાબમાં ભટિંડામાં ગ્રાઈન્ડિંગ એકમો (1.2 MTPA), રાજસ્થાનમાં જોધપુર પેન્ના સંકલિત એકમો (2 MTPA) માં વધુ 3.2 MTPA પર સ્થિર થશે અને ચાલુ નાણા વર્ષના બાકી છ મહિના દરમિયાન તેમાં વધારો થવાની અપેક્ષા છે. આ ઉપરાંત ઈસ્ટ ક્લસ્ટર બિહારમાં આવેલ વારિસલીગંજ ર્ંે (૨.૪ ર્સ્ૈંછ) ચાલુ વર્ષમાં કાર્યરત થશે. ચાલુ નાણા વર્ષના અંત સુધીમાં કંપનીની કુલ વાર્ષિક ક્ષમતા ૧૧૯ મિલિ.ટન સુધી પહોંચવાની આશા છે.

કંપની હસ્તગત કર્યા બાદ, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં અંબુજાએ ક્ષમતા વધારવાના ૧૧ પ્રકલ્પો પૂરા કર્યા છે, જેનાથી સિમેન્ટ ઉત્પાદન ક્ષમતામાં વાર્ષિક ૧૬.૩ મિલિ.ટન અને ક્લિંકર ઉત્પાદન ક્ષમતામાં વાર્ષિક ૯. મિલિ.ટનનો ઉમેરો થયો છે. વાર્ષિક ૩૦ મિલિ.ટન ક્ષમતાનો નવો વિસ્તરણ કાર્યક્રમ વૃધ્ધિની સફરનો આગામી તબક્કો છે. સમગ્ર ભારતમાં ફેલાયેલા કંપનીના ઉત્પાદન નેટવર્ક—જેમાં ૨૫ સંકલિત એકમો, ૩૭ ગ્રાઇન્ડિંગ યુનિટ્સ અને ૩ ક્લિંકર યુનિટ્સનો સમાવેશ થાય છે આનાથી તેના વ્યાપ, ભૌગોલિક પહોંચ અને કાર્યક્ષમતામાં વધુ મજબૂતી આવશે.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સે ઓક્ટોબર ૨૦૨૬માં કુલ ૭૫,૪૨૬ યુનિટ્સનું કુલ વેચાણ નોંધાવ્યું

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડે ઓક્ટોબર ૨૦૨૬માં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ૭૫,૪૨૬ યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું છે, જે ઓક્ટોબર ૨૦૨૫ના ૬૧,૨૯૫ યુનિટ્સની સરખામણીમાં ૨૩%નો નોંધપાત્ર વાર્ષિક વૃદ્ધિદર દર્શાવે છે. આમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડની પેટાકંપની, ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના વેચાણનો સમાવેશ થાય છે.

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

સેબીની વિદેશી રોકાણકારોને એલટીસીજી કરમાંથી મુક્તિ આપવાની ભલામણ : રિપોર્ટ

ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણ વધારવા માટે સેબીએ સરકારને લાંબા ગાળાના મૂડીલાભ (એલટીસીજી) પરનો કર નાબૂદ કરવાની ભલામણ કરી છે. આ મામલાની સીધી જાણકારી ધરાવતા બે સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતના નબળા પ્રદર્શન કરી રહેલા ઈક્વિટી બજારમાં ફરી તેજી લાવવાના પ્રયાસોના ભાગરૂપે આ ભલામણ કરવામાં આવી છે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે પણ કર રાહતનો પ્રસ્તાવ મૂક્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકારો પોતાના હાલના મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાંથી નાણાં ઉપાડીને નવી યોજનામાં રોકાણ કરે તો તેમને લાંબા ગાળાના મૂડીલાભ કરમાંથી મુક્તિ આપવાની ભલામણ કરવામાં આવી છે. ફેબ્રુઆરીમાં રજૂ થનારા વાર્ષિક કેન્દ્રીય બજેટના કેટલાક મહિના પહેલાં આ ભલામણો કરવામાં આવી છે. જોકે, આ ભલામણો સરકાર માટે બંધનકર્તા નથી અને આખરી નિર્ણય સરકાર જ લેશે. છેલ્લાં બે વર્ષ દરમિયાન ભારતનું ઈક્વિટી બજાર અન્ય ઊભરતાં બજારોની સરખામણીએ નબળું રહ્યું છે.

આ વર્ષે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી વિક્રમી ૩૧ અબજ ડોલરના શેર વેચ્યા છે. બીજી તરફ, શેરબજારમાંથી મળતું વળતર સ્થિર રહેતાં છૂટક રોકાણકારો દ્વારા વિદેશમાં કરવામાં આવતા રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે.

સેબીની આ ભલામણો છેલ્લાં બે વર્ષ દરમિયાન વિદેશી રોકાણકારો સાથે નિયમનકારી સંસ્થા દ્વારા યોજાયેલી અનેક બેઠકો બાદ આવી છે. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી કરવામાં આવતાં ભારતીય ચલણ પર પણ દબાણ વધ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકારો તરફથી સતત એક જ પ્રકારનું સૂચન મળ્યું છે કે ભારતમાં તેમના પર લાદવામાં આવતી કરવેરા વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર છે. બેમાંથી એક સૂત્રએ જણાવ્યું હતું કે આ પ્રસ્તાવોનો હેતુ વિદેશી રોકાણકારો પર શરૂઆતના તબક્કામાં પડતા કરવેરાના બોજને ઘટાડવાનો છે. આ ભલામણો અગાઉ જાહેર કરવામાં આવી નથી અને તે બજેટ પહેલાં સરકાર સમક્ષ રજૂ કરવામાં આવનારા સૂચનોનો ભાગ હોવાથી સૂત્રોએ પોતાનાં નામ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. આ અંગે સેબી અને કેન્દ્રીય નાણાં મંત્રાલયને ઈમેઈલ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ મળ્યા નહોતા.

સેબીએ અગાઉ જણાવ્યું છે કે ભારતમાં ઈક્વિટીમાં રોકાણ કરવા સંબંધિત વ્યવહાર ખર્ચ અન્ય દેશોની સરખામણીએ સૌથી ઊંચા સ્તરમાં સામેલ છે.

હાલમાં એક વર્ષથી વધુ સમય સુધી રાખવામાં આવેલી સિક્યોરિટીઝના વેચાણ પર રોકાણકારોએ ૧૨.૫ ટકા લાંબા ગાળાનો મૂડીલાભ કર ચૂકવવો પડે છે. જ્યારે ટૂંકા ગાળાના મૂડીલાભ પર ૨૦ ટકા કર લાગુ પડે છે. આ ઉપરાંત શેરના સોદા પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ અને ડિવિડન્ડ પર સ્રોત પર કર કપાત પણ લાગુ પડે છે.

બ્રોકરેજ કંપની જેફરીઝે આ સપ્તાહની શરૂઆતમાં જાહેર કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે મૂડીલાભ કરમાં કોઈપણ પ્રકારનો ઘટાડો વિદેશી રોકાણકારો માટે ભારતીય બજારને વધુ આકર્ષક બનાવી શકે છે અને પોર્ટફોલિયો રોકાણના પ્રવાહને વેગ આપી શકે છે.

બ્રોકરેજ કંપની આઈઆઈએફએલના અંદાજ મુજબ મૂડીલાભ કર નાબૂદ કરવામાં આવે તો વિદેશી રોકાણકારોના વળતરમાં ૨.૩ ટકાનો વધારો થઈ શકે છે.

ભારતના મુખ્ય શેરબજાર સૂચકાંક નિફ્ટી ૫૦માં છેલ્લાં બે વર્ષ દરમિયાન ૪.૮ ટકાનો ઘટાડો થયો છે. તેની સામે એમએસસીઆઈ ઊભરતાં બજારોના સૂચકાંકમાં ૪૦ ટકાનો વધારો નોંધાયો છે.

છૂટક રોકાણકારો માટે બચત અને રોકાણનું સામાન્ય માધ્યમ બની

ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનું વેચાણ ૨.૨૩ લાખને પાર, કારનું વેચાણ ૫ લાખથી વધુ; ટીવીએસ, મારુતિ મોખરે

ઓક્ટોબર ૨૦૨૬માં ભારતમાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનું છૂટક વેચાણ અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ પહોંચીને ૨,૨૩,૮૪૭ એકમ નોંધાયું હતું. એક વર્ષ અગાઉના ૧,૫૦,૮૯૧ એકમાની સરખામણીએ તેમાં ૪૮ ટકાનો વધારો થયો હતો, જ્યારે સપ્ટેમ્બરના ૨,૦૮,૭૦૫ એકમ કરતાં વેચાણ ૭ ટકા વધુ રહ્યું હતું. સતત બીજા મહિને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરના વેચાણે નવો વિક્રમ નોંધાવ્યો છે. ધનતેરસ ૬ નવેમ્બરે અને દિવાળી ૮ નવેમ્બરે હોવાથી તહેવારોની ખરીદીનો લાભ પણ વેચાણને મળ્યો છે. આ આંકડા ૧ નવેમ્બરે સંકલિત કરાયેલા વાહન પોર્ટલના છે.

૭ ઉત્પાદકોએ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક વેચાણ નોંધાવ્યું હતું. ટીવીએસે ૬૦,૪૨૯ એકમનું વેચાણ કર્યું હતું. એક મહિનામાં ૬૦,૦૦૦થી વધુ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર વેચનારી તે પ્રથમ ભારતીય બ્રાન્ડ બની છે. બજાજ ઓટોએ ૪૯,૦૬૭ એકમ વેચ્યાં હતાં, જેમાં તમામ ચેતક મોડેલ હતાં. હીરોના વિડા બ્રાન્ડે ૨૯,૯૦૧ એકમ વેચ્યાં હતાં, જે સપ્ટેમ્બરના તેના અગાઉના શ્રેષ્ઠ વેચાણ કરતાં પણ વધુ છે. એમ્પિયરની ઉત્પાદક ગ્રીવ્ઝ ઈલેક્ટ્રિક મોબિલિટીએ ૧૦,૮૩૮ એકમ વેચ્યાં હતાં. રિવરે ૬,૭૯૬ અને ઈ-સ્પ્રિન્ટોએ ૨,૧૨૪ એકમનું વેચાણ કર્યું હતું. ઈ-સ્પ્રિન્ટોએ જાન્યુઆરી ૨૦૨૬માં નોંધાવેલા ૨,૦૩૩ એકમના અગાઉના વિક્રમને પાછળ છોડ્યો હતો. ટીવીએસ આઈક્યુબ અને ઓર્બિટરનું માસિક ઉત્પાદન ૬૦,૦૦૦થી ૬૫,૦૦૦ એકમાથી વધારીને ૮૦,૦૦૦ એકમ કરશે. બજાજ ઓટો પણ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચેતકનું ઉત્પાદન ૬૨,૦૦૦ એકમથી વધારીને આશરે ૮૦,૦૦૦ એકમ કરશે. કંપનીના જણાવ્યા અનુસાર, માગ ઉપલબ્ધ ઉત્પાદન ક્ષમતા કરતાં સતત વધારે રહી છે. ઉત્પાદન ક્ષમતાની મર્યાદાને કારણે એથરના માસ-માર્કેટ કોનાર્ક મોડેલની ડિલિવરીને અસર થઈ છે. તેના મિડ વેરિયન્ટ્સનું લોન્ચિંગ પહેલાં કરવામાં આવ્યું હતું, જ્યારે બેઝ વેરિયન્ટ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આવવાની શક્યતા છે. છત્રપતિ સંભાજીનગરમાં નવો પ્લાન્ટ શરૂ થવાથી ઉત્પાદન વધારવામાં મદદ મળશે.

જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન ઉદ્યોગે કુલ ૧૭,૯૬,૧૨૦ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર વેચ્યાં હતાં, જે વાર્ષિક ધોરણે ૬૧ ટકા વધુ છે. આ આંકડો ૨૦૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન વેચાયેલા ૧૩.૪ લાખ એકમ કરતાં પણ વધી ગયો છે.

તહેવારોની માગને કારણે નવેમ્બરમાં વેચાણ ૨.૫ લાખ એકમ સુધી પહોંચી શકે છે. ટીવીએસનું વાર્ષિક વેચાણ ૫ લાખ એકમને પાર થવાની અને ૨૦૨૬ના અંતે લગભગ ૬ લાખ એકમ સુધી પહોંચવાની ધારણા છે.

ધનતેરસ ૬ નવેમ્બરે અને દિવાળી ૮ નવેમ્બરે હોવાથી તહેવારોની ખરીદીનો લાભ પણ વેચાણને મળ્યો છે.

ડિસેમ્બરમાં વધુ ૧.૫ લાખ એકમનું વેચાણ થાય તો ૨૦૨૬માં ઉદ્યોગનું કુલ વેચાણ લગભગ ૨૨ લાખ એકમ સુધી પહોંચી શકે છે. ૨૦૨૨માં નોંધાયેલા ૬.૬૧ લાખ એકમની સરખામણીએ આ ૨૩૨ ટકાનો વધારો હશે. નવરાત્રિ અને દશેરા દરમિયાન ખરીદીની તેજી વચ્ચે ઓક્ટોબરમાં ૧૧ કાર ઉત્પાદકોએ મળીને પાંચ લાખથી વધુ પેસેન્જર વાહનોનું વેચાણ નોંધાવ્યું હતું. મારુતિ સુઝુકી ૨,૧૨,૩૮૪ એકમના વેચાણ સાથે મોખરે રહી હતી. ટાટા મોટર્સે ૭૩,૮૯૪ એકમનું વેચાણ કર્યું હતું, જે ૨૦.૮૭ ટકા વધુ છે. મહિન્દ્રાએ ૭૩,૩૩૮ સ્થાનિક એસયુવી વેચી હતી, જે ૨.૩૯ ટકાનો વધારો દર્શાવે છે. હ્યુન્ડાઈનું વેચાણ ૧૬.૭૪ ટકા વધીને ૬૨,૭૯૯ એકમ થયું હતું. કિયાએ ૧૩.૨૨ ટકાના વધારા સાથે ૩૩,૪૬૨ એકમ વેચ્યાં હતાં. કેટલીક કાર કંપનીઓએ વેચાણના નવા વિક્રમ નોંધાવ્યા હતા. નિકાસ સહિત ટાટા મોટર્સનું કુલ વેચાણ પ્રથમ વખત ૭૫,૦૦૦ એકમને પાર થયું હતું અને કંપનીને અત્યાર સુધીનું સૌથી વધુ બુકિંગ મળ્યું હતું. તેનું પંચ.ઈવી એક જ મોડેલ તરીકે એક મહિનામાં ૫,૦૦૦ એકમનું વેચાણ પાર કરનાર પ્રથમ ઈલેક્ટ્રિક વાહન બન્યું હતું. ટાટાએ કુલ ૧૪,૫૫૨ ઈલેક્ટ્રિક વાહનો વેચ્યાં હતાં. મહિન્દ્રાનું સ્થાનિક એસયુવી વેચાણ અત્યાર સુધીનું સૌથી વધુ રહ્યું હતું.

કિયાએ પણ કુલ વેચાણ અને ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં નવા વિક્રમ નોંધાવ્યા હતા. જે.એસ.ડબલ્યુ. એમ.જી. મોટર ઈન્ડિયાએ ૫,૮૭૭ ઈલેક્ટ્રિક વાહનો વેચ્યાં હતાં, જે તેના કુલ વાહન નોંધણીના આશરે ૮૩.૮ ટકા છે.

અન્ય કાર ઉત્પાદકોનું વેચાણ મિશ્ર રહ્યું હતું.

પ્રથમ વખત ભારતીય નૌકાદળે તૈયાર કરેલી યુદ્ધજહાજોની ડિઝાઈન સરકારી શિપયાર્ડને સોંપાઈ

સંરક્ષણ મંત્રાલયે સોમવારે ભારતીય નૌકાદળ માટે આઠ નેક્સ્ટ જનરેશન કોર્વેટ્સ (એનજીસી) બનાવવા માટે ૫૩,૮૬૬.૫૦ કરોડ રૂપિયાના કરાર કર્યા હતા.

આ કરાર ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના કર્તવ્ય ભવન-૨ ખાતે ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (જીઆરએસઈ) અને ગોવા શિપયાર્ડ લિમિટેડ (જીએસએલ) સાથે કરવામાં આવ્યા હતા.

નેક્સ્ટ જનરેશન કોર્વેટ્સ (એનજીસી) બનાવવા માટે ૫૩,૮૬૭ કરોડ રૂપિયાનો કરાર

કોર્વેટ નાનું અને ઝડપી યુદ્ધજહાજ હોય છે. તેનું કદ ફ્રિગેટ અથવા ડિસ્ટ્રોયર કરતાં નાનું હોય છે. ભારતીય નૌકાદળ માટે આઠ નેક્સ્ટ જનરેશન કોર્વેટ્સ નવા વર્ગનાં યુદ્ધજહાજો હશે. હાલમાં નૌકાદળમાં કાર્યરત જૂનાં ખુખરી અને કોરા વર્ગનાં યુદ્ધજહાજોના સ્થાને આ આઠ જહાજો સામેલ કરવામાં આવશે.

એએનઆઈના અહેવાલમાં અધિકારીઓને ટાંકીને જણાવ્યા અનુસાર પ્રથમ યુદ્ધજહાજ ૨૦૩૦ સુધીમાં નૌકાદળને સોંપવામાં આવે તેવી અપેક્ષા છે.

જીઆરએસઈ પાંચ કોર્વેટ્સ બનાવશે, જ્યારે બાકીનાં ત્રણ જહાજો બનાવવાની જવાબદારી

(ડીપીએસયુ) તેનું નિર્માણ કરશે.

સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ભારતની યુદ્ધજહાજોની ડિઝાઈન અને નિર્માણ ક્ષમતાના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

આ નેક્સ્ટ જનરેશન કોર્વેટ્સમાં આધુનિક મિસાઈલો, શસ્ત્રો અને સેન્સર સિસ્ટમ લગાવવામાં આવશે. તેના કારણે આ જહાજો હવામાં, દરિયાની સપાટી પર અને પાણીની અંદર એમ ત્રણેય ક્ષેત્રોમાં કામગીરી કરી શકશે.નૌકાદળમાં સામેલ થયા બાદ આ યુદ્ધજહાજો દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષા, સપાટી પરનાં જહાજો અને સબમરીન સામે યુદ્ધ કામગીરી, દરિયાકાંઠાની સુરક્ષા મજબૂત બનાવવા, દરિયાકિનારાના નજીકના વિસ્તારોમાં લશ્કરી કામગીરી તેમજ દરિયાઈ હાજરી અને દેખરેખની કામગીરીમાં મદદરૂપ થશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૬ ટકાનો ઉછાળો, બીજા ત્રિમાસિકનાં પરિણામો અંદાજ કરતાં સારા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઈએલ)ના શેરમાં સોમવાર, ૨ નવેમ્બરે શરૂઆતના કારોબારમાં ૬ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. કંપનીએ સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ ત્રિમાસિક પ્રદર્શન કર્યું હતું. આ ગાળામાં કંપનીની આવક વિક્રમી સ્તરે પહોંચી હતી અને નફાકારકતામાં પણ નોંધપાત્ર સુધારો થયો હતો.

શેર જાન્યુઆરી ૨૦૨૪ પછી એક જ દિવસમાં સૌથી મોટો ઉછાળો નોંધાવવાની દિશામાં આગળ વધી રહ્યો હતો. આ તેજીને કારણે નિફ્ટી ૫૦ના ઉછાળામાં ૧૪૦થી વધુ પોઈન્ટનું યોગદાન મળ્યું હતું.

જાન્યુઆરી ૨૦૨૪ પછી એક દિવસનો સૌથી મોટો ઉછાળો નોંધાવવાની તૈયારી

અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આવક ૩.૪ લાખ કરોડ રૂપિયાથી વધીને ૩.૬૨ લાખ કરોડ રૂપિયા થઈ હતી. ઈબીઆઈટીડીએ ૫૪,૦૬૭ કરોડ રૂપિયાથી વધીને ૬૨,૪૦૯ કરોડ રૂપિયા થયું હતું. જ્યારે ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન (ઓપીએમ) ૧૭.૩ ટકાથી સુધરીને ૧૮.૮ ટકા થયું હતું.

ત્રિમાસિક ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ૨૯,૫૫૦ કરોડ રૂપિયા રહ્યો હતો, જે જૂન ત્રિમાસિક ગાળામાં ૨૩,૧૯૬ કરોડ રૂપિયા હતો.

ઓટુસી બિઝનેસનું મજબૂત પ્રદર્શન

ઓઈલ ટુ કેમિકલ્સ (ઓટુસી) બિઝનેસ કંપનીની વૃદ્ધિનું મુખ્ય ચાલકબળ બનીને ઉભરી આવ્યો હતો. આ બિઝનેસનું ઈબીઆઈટીડીએ અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીએ ૬૭ ટકા વધીને ૨૫,૨૦૩ કરોડ રૂપિયા થયું હતું. આ વૃદ્ધિ ૨૦ ટકાના અંદાજ કરતાં નોંધપાત્ર રીતે વધારે હતી.

ઓટુસી બિઝનેસનું ઈબીઆઈટીડીએ માર્જિન અગાઉના ત્રિમાસિક ગાળાના ૮.૪ ટકાથી વધીને ૧૦.૮ ટકા થયું હતું. કંપનીના જણાવ્યા અનુસાર પરિવહન ઈંધણના ક્રેક સ્પ્રેડમાં થયેલા વધારાને કારણે આ સુધારો નોંધાયો હતો. આ ક્રેક સ્પ્રેડમાં વાર્ષિક ધોરણે ૩થી ૩.૭ ગણો વધારો થયો હતો અને તે ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો હતો.

પોલિએસ્ટર ઉત્પાદન સાથે સંકળાયેલી સમગ્ર શ્રૃંખલામાં માર્જિન પણ છેલ્લા ત્રણ વર્ષના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું હતું.

ઓઈલ અને ગેસ બિઝનેસ

ઓઈલ અને ગેસ સેગમેન્ટની આવક અગાઉના ત્રિમાસિક ગાળાના ૬,૨૯૮ કરોડ રૂપિયાની સરખામણીએ ૬,૦૨૦ કરોડ રૂપિયા રહી હતી. જૂન ત્રિમાસિક ગાળામાં ૪,૯૭૩ કરોડ રૂપિયાની સરખામણીએ ઈબીઆઈટીડીએ ૪,૯૦૧ કરોડ રૂપિયા નોંધાયું હતું. જોકે, ઓપીએમ ૭૯ ટકાથી સુધરીને ૮૧.૪ ટકા થયું હતું.

એફલ ૪૨૦ મિલિયન ડોલરમાં પેરિયનનું હસ્તાંતરણ કરશે

નવી દિલ્હી, તા. ૨

ભારતીય કંપની એફલ ઉઆઈએ વિકસિત બજારોમાં પોતાની હાજરી વિસ્તારવા અને મોબાઈલ જાહેરાતો ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ ક્ષમતા વધારવાના હેતુથી ઈઝરાયેલની એડવર્ટાઈઝિંગ ટેક્નોલોજી કંપની પેરિયન નેટવર્કને ખરીદવાનો નિર્ણય કર્યો છે. રવિવારે જાહેર કરાયેલા આ સોદા હેઠળ પેરિયનની ઈક્વિટીનું મૂલ્ય આશરે ૪૨૦ મિ. ડોલર (૩,૭૮૦ કરોડ રૂ.) નક્કી કરાયું છે. સમગ્ર વ્યવહાર રોકડમાં થશે.

અગાઉ એફલ ઈન્ડિયા તરીકે ઓળખાતી એફલ ઉઆઈની ઈઝરાયેલ સ્થિત પેટાકંપની એફલ ઉઆઈએલે પેરિયનના બાકી તમામ શેર પ્રતિ શેર ૧૧.૭૦ ડોલરના ભાવે ખરીદવા માટે આખરી કરાર કર્યો છે.

૨૦૨૮ સુધીમાં ૭૦૦ મિલિયન ડોલરથી વધુની આવક હાંસલ કરવાનો લક્ષ્ય

તેલ અવીવમાં મુખ્ય મથક ધરાવતી પેરિયન ઉત્તર અમેરિકામાં મજબૂત હાજરી ધરાવે છે. કંપની રિટેલ મીડિયા, કનેક્ટેડ ટીવી (સીટીવી), ડિજિટલ આઉટડોર જાહેરાત (ડીઓઓએચ) સહિત વિવિધ ડિજિટલ માધ્યમો માટે જાહેરાત સેવાઓ પૂરી પાડે છે. આ સોદાથી મોબાઈલ માર્કેટિંગ અને ગ્રાહકોને ખરીદી તરફ વાળવાની કામગીરીમાં એફલની મજબૂત સ્થિતિને પેરિયનની વિવિધ ડિજિટલ માધ્યમોની પહોંચનો લાભ મળશે. પરિણામે જાહેરાતદાતાઓને ૧૦૦થી વધુ દેશોમાં સંયુક્ત પ્લેટફોર્મ મારફતે સેવાઓ પૂરી પાડી શકાશે.

ભારતીય મૂડીબજારની વૃદ્ધિથી એનએસઈના શેરમાં ૩૦ ટકા સુધીની તેજીની શક્યતા : મોર્ગન સ્ટેનલી

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (એનએસઈ)ના શેરમાં સોમવાર, ૨ નવેમ્બરે શરૂઆતના કારોબારમાં ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક બ્રોકરેજ કંપની મોર્ગન સ્ટેનલીએ એક્સચેન્જના શેર અંગે વિશ્લેષણ શરૂ કરીને ઓવરવેઈટ રેટિંગ આપ્યું હતું. સાથે જ શેરદીઠ ૨,૩૧૫ રૂપિયાનો લક્ષ્યાંક ભાવ નક્કી કર્યો હતો.

પોતાના પ્રથમ વિશ્લેષણ અહેવાલમાં વિદેશી બ્રોકરેજ કંપનીએ એનએસઈને ભારતના વિસ્તરતા મૂડીબજારમાં રોકાણની આકર્ષક તક ગણાવી હતી. શેરબજારમાં તેનું પ્રભુત્વ, બજારમાં ઊંચી તરલતા, વિસ્તરણ કરી શકાય તે ટેક્નોલોજી માળખું અને મ... વ્યાવસાયિક અર્થતંત્ર તેની મુખ્ય વિશેષતાઓ હોવાનું જણાવ્યું હતું.

મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે પરિવારોની બચતનું નાણાકીય રોકાણમાં વધતું રૂપાંતર અને સંપત્તિની ફાળવણીમાં ધીમે ધીમે ઈક્વિટી તરફ વધી રહેલા ઝોકનો લાભ લેવા માટે એનએસઈ સક્ષમ સ્થિતિમાં છે. આ લાંબા ગાળાનાં વૃદ્ધિનાં પરિબળો અને એક્સચેન્જની સ્પર્ધાત્મક ક્ષમતાઓને કારણે શેરનું ઊંચું મૂલ્યાંકન જળવાઈ રહેવાની શક્યતા છે.

મોર્ગન સ્ટેનલીએ એનએસઈની સતત નફાકારક વૃદ્ધિના રેકોર્ડને પણ મહત્ત્વ આપ્યું છે. છેલ્લા ૧૪ વર્ષ દરમિયાન એક્સચેન્જે સામાન્યકૃત નફામાં ૧૯ ટકાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (સીએજીઆર) નોંધાવ્યો છે, જ્યારે છેલ્લા એક દાયકામાં આ દર ૨૫ ટકા રહ્યો છે.

આગામી સમયમાં નાણાકીય વર્ષ ૨૦૨૭થી ૨૦૨૯ દરમિયાન એનએસઈની આવક અને સામાન્યકૃત કરવેરા બાદના નફામાં વાર્ષિક ૧૫ ટકાના ચક્રવૃદ્ધિ દરે વૃદ્ધિ થવાની બ્રોકરેજ કંપનીને અપેક્ષા છે. આ વૃદ્ધિ નાણાકીય વર્ષ ૨૦૨૪થી ૨૦૨૭ દરમિયાન સામાન્યકૃત કરવેરા બાદના નફામાં અંદાજિત ૬ ટકાના ચક્રવૃદ્ધિ દર કરતાં વધારે રહેશે.

બ્રોકરેજ કંપનીને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં એનએસઈનો બજારહિસ્સો સ્થિર થવાની અપેક્ષા છે. સાથે જ આવકના નવા સ્રોતો વિકસાવવાની તકો પણ તેણે ઓળખી છે. જોકે, આ નવી તકો ક્યારે સાકાર થશે અને તેનાથી કંપનીની કમાણીમાં કેટલો વધારો થશે તેનો ચોક્કસ અંદાજ લગાવવો હાલ મુશ્કેલ હોવાનું પણ જણાવ્યું છે.

મોલ્ડ-ટેક પેકેજિંગના શેરમાં ૧૭%નો ઉછાળો, બીજા ત્રિમાસિક ગાળામાં નફો ૩૬% વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં મોલ્ડ-ટેક પેકેજિંગે મજબૂત કામગીરી નોંધાવી છે. ફાર્માસ્યુટિકલ તેમજ ફૂડ અને એફએમસીજી પેકેજિંગની મજબૂત માગને પગલે કંપનીની આવક અને ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૩૦ ટકાથી વધુ વૃદ્ધિ થઈ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની એકત્રિત આવક ગયા વર્ષના સમાન ગાળાના રૂપિયા ૨૧૦ કરોડની સરખામણીએ ૩૦.૫ ટકા વધીને રૂપિયા ૨૭૪ કરોડ થઈ હતી. ચોખ્ખો નફો રૂપિયા ૧૫.૫ કરોડથી ૩૫.૫ ટકા વધીને રૂપિયા ૨૧ કરોડ થયો હતો. વ્યાજ, કર, ઘસારા અને ઋણ પહેલાંની કમાણી (ઈબિઆઈટીડીએ) ૨૭.૭ ટકા વધીને રૂપિયા ૫૦.૩ કરોડ થઈ હતી.

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં મોલ્ડ-ટેક પેકેજિંગના કુલ વેચાણના જથ્થામાં વાર્ષિક ધોરણે ૧૦.૦૮ ટકાનો વધારો થયો હતો અને તે ૧૧,૦૨૮.૪૬ મિલિયન ટન રહ્યો હતો. ફાર્માસ્યુટિકલ તેમજ ફૂડ અને એફએમસીજી પેકેજિંગના વ્યવસાયમાં માગ વધવાથી આ વૃદ્ધિને ટેકો મળ્યો હતો.

ફાર્માસ્યુટિકલ પેકેજિંગના વેચાણના જથ્થામાં ૨૬.૩ ટકાનો વધારો થયો હતો, જ્યારે ક્યૂ-પેક સહિત ફૂડ અને એફએમસીજી પેકેજિંગમાં ૨૩.૭ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. પેઈન્ટ્સ પેકેજિંગના વેચાણમાં ૮.૬૧ ટકાનો વધારો થયો હતો. જોકે, લુબ્રિકન્ટ્સ પેકેજિંગના વેચાણમાં ૧૨.૩૨ ટકાનો ઘટાડો થયો હતો.

કંપનીએ જણાવ્યું હતું કે ફૂડ અને એફએમસીજી તથા ફાર્માસ્યુટિકલ પેકેજિંગમાં વૃદ્ધિ અને પેઈન્ટ્સ પેકેજિંગમાં સ્થિર કામગીરીને કારણે લુબ્રિકન્ટ્સ પેકેજિંગના વ્યવસાયમાં આવેલી નરમાઈની અસર સરભર થઈ હતી.

જી.ઈ. વર્નોવા કંપનીના શેરમાં ૫ ટકાનો ઉછાળો, બીજા ત્રિમાસિકનાં પરિણામો અંદાજ કરતાં સારા

જી.ઈ. વર્નોવા ટી એન્ડ ડી ઈન્ડિયા લિમિટેડના શેરમાં સોમવાર, ૨ નવેમ્બરે લગભગ ૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કંપનીએ બીજા ત્રિમાસિક ગાળામાં અંદાજ કરતાં સારા નાણાકીય પરિણામો જાહેર કર્યા બાદ શેરમાં તેજી જોવા મળી હતી.

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં કંપનીની મજબૂત કામગીરીને કારણે આવકમાં વાર્ષિક ધોરણે ૩૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. કામગીરીમાં સુધારાને કારણે નફાકારકતામાં પણ વધારો થયો હતો.

કંપનીના ઈબીઆઈટીડીએ માર્જિનમાં થયેલો મુખ્ય સુધારો ગ્રોસ માર્જિનમાં વૃદ્ધિ અને કામગીરીના સ્તરે મળેલા લાભને કારણે થયો હતો.

ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક ૨,૦૨૭ કરોડ રૂપિયા રહી હતી, જે સીએનબીસી-ટીવી૧૮ના ૧,૯૭૦ કરોડ રૂપિયાના અંદાજ કરતાં પણ થોડી વધારે હતી.

વ્યાજ, કર, ઘસારા અને અમોર્ટાઈઝેશન પહેલાંની કમાણી એટલે કે ઈબીઆઈટીડીએ ૩૮.૮

વિશ્લેષકોને ૪૫ ટકા સુધીની તેજીની આશા

ટકા વધીને ૫૪૯.૭ કરોડ રૂપિયા થઈ હતી, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ૩૯૬ કરોડ રૂપિયા હતી.

સીએનબીસી-ટીવી૧૮ના મતદાન આધારિત અંદાજમાં ઈબીઆઈટીડીએ ૫૦૧ કરોડ રૂપિયા રહેવાની ધારણા વ્યક્ત કરવામાં આવી હતી.

કંપનીનું ઈબીઆઈટીડીએ માર્જિન અગાઉના વર્ષના સમાન ગાળાના ૨૫.૭ ટકાથી વધીને ૨૭.૧ ટકા થયું હતું. આ આંકડો ૨૫.૪ ટકાના અંદાજ કરતાં પણ ઊંચો રહ્યો હતો.

જી.ઈ. વર્નોવા ટી એન્ડ ડીના ત્રિમાસિક ગાળા દરમિયાન નવા ઓર્ડરનો પ્રવાહ ૨,૪૪૦ કરોડ રૂપિયા રહ્યો હતો, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ૧,૧૪૦ કરોડ રૂપિયા અને ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં ૧,૬૦૧ કરોડ રૂપિયા હતો. આને કારણે કંપનીના બાકી ઓર્ડરનું પ્રમાણ અગાઉના ૨૦,૯૩૦ કરોડ રૂપિયાથી વધીને ૨૧,૪૪૦ કરોડ રૂપિયા થયું હતું.

કંપનીના મેનેજમેન્ટે પરિણામો બાદ યોજાયેલી કોન્ફરન્સ કોલમાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ઈબીઆઈટીડીએ માર્જિનનો ૨૦ ટકાના મધ્યમ સ્તરનો અંદાજ જાળવી રાખવામાં આવ્યો છે.

રોકાણકારોની સંપત્તિમાં ૭ લાખ કરોડ રૂપિયાનો વધારો

સોમવારે ભારતીય શેરબજારમાં શરૂઆતથી જ તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

બીજી તરફ, રૂપિયો અમેરિકી ડોલર સામે ૭ પૈસા મજબૂત થઈ ૯૪.૮૯ પર પહોંચ્યો હતો. શુક્રવારે ડોલર સામે રૂપિયો ૯૪.૯૬ પર બંધ થયો હતો.

શેરોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૧.૬ ટકાના ઉછાળા સાથે સૌથી આગળ રહી હતી. ટાટા સ્ટીલમાં ૫.૮ ટકા અને જેએસડબલ્યુ સ્ટીલમાં ૫.૧ ટકાનો વધારો નોંધાયો હતો. શ્રીરામ ફાઈનાન્સ અને કોલ ઈન્ડિયાના શેરમાં પણ લગભગ પાંચ-પાંચ ટકાનો ઉછાળો આવ્યો હતો. બીજી તરફ, ઈન્ફોસિસનો શેર બે ટકા ઘટીને બંધ થયો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંક સહિતના કેટલાક બેન્કિંગ શેરોમાં પણ ૦.૭ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં ૧૦ ટકાનો ઉછાળો

બીજા ત્રિમાસિકનાં પરિણામો અને માર્ગદર્શન બાદ વિશ્લેષકોને ૪૫ ટકા સુધીની તેજીની આશા

ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં સોમવાર, ૨ નવેમ્બરે ૧૦ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. સપ્ટેમ્બર ત્રિમાસિકનાં પરિણામો બાદ ત્રણ વૈશ્વિક રોકાણ કંપનીઓએ શેર અંગે હકારાત્મક વલણ જાળવી રાખ્યું હતું. આ કંપનીઓએ શેરના લક્ષ્યાંક ભાવ નક્કી કર્યા છે, જે શુક્રવારના ૧૧,૦૦૦ રૂપિયાના બંધ ભાવની સરખામણીએ ૪૫ ટકા સુધીની વૃદ્ધિ સૂચવે છે.

મોતીલાલ ઓસ્વાલે શેર માટે બાય રેટિંગ યથાવત્ રાખીને લક્ષ્યાંક ભાવ ૧૫,૪૦૦ રૂપિયાથી વધારીને ૧૫,૯૦૦ રૂપિયા કર્યો છે. આ વર્તમાન ભાવની સરખામણીએ ૪૪.૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. યુબીએસે પણ બાય રેટિંગ જાળવી રાખીને લક્ષ્યાંક ભાવ ૧૫,૬૦૦ રૂપિયા નક્કી કર્યો છે, જે ૪૧.૮ ટકાની વૃદ્ધિ સૂચવે છે. નુવામા ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝે શેરનું રેટિંગ હોલ્ડમાંથી વધારીને બાય કર્યું છે. તેણે ડિસેમ્બર ૨૦૨૭ માટે ૧૪,૯૦૦ રૂપિયાનો લક્ષ્યાંક ભાવ નક્કી કર્યો છે, જે ૩૫.૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

મોતીલાલ ઓસ્વાલે નાણાકીય વર્ષ ૨૦૨૭ અને ૨૦૨૮ માટેના અંદાજમાં વધારો કર્યો છે. બીજી તરફ, નુવામાએ મોબાઈલના ઓછા વેચાણ અને માર્જિનમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને બંને વર્ષ માટે શેરદીઠ કમાણી (ઈપીએસ)ના અંદાજમાં ઘટાડો કર્યો છે. જ્યારે યુબીએસને અપેક્ષા છે કે વિવો સાથેનું સંયુક્ત સાહસ (જેવી) અને ઘટકોના ઉત્પાદનમાં વધતી ક્ષમતા નાણાકીય વર્ષ ૨૦૨૮ અને ૨૦૨૯માં કમાણીની વૃદ્ધિને વેગ આપશે.

ડિક્સનનો સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાનો એકત્રિત ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૪૮.૭ ટકા ઘટીને ૩૪૩.૭ કરોડ રૂપિયા રહ્યો હતો. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીએ ૬૭૦ કરોડ રૂપિયાનો નફો નોંધાવ્યો હતો. જોકે, આવક ૪૬.૭ ટકા વધીને ૨૧,૭૯૪ કરોડ રૂપિયા થઈ હતી, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ૧૪,૮૫૫ કરોડ રૂપિયા હતી. આ આવક સીએનબીસી-ટીવી૧૮ના ૨૦,૨૩૫ કરોડ રૂપિયાના અંદાજ કરતાં વધારે રહી હતી.

વ્યાજ, કર, ઘસારા અને અમોર્ટાઈઝેશન પહેલાંની કમાણી એટલે કે ઈબીઆઈટીડીએ ૬.૪ ટકા વધીને ૫૯૭ કરોડ રૂપિયા થઈ હતી, જે મતદાન આધારિત અંદાજ ૫૭૯ કરોડ રૂપિયા કરતાં વધારે હતી.

જોકે, ઈબીઆઈટીડીએ માર્જિન અગાઉના વર્ષના ૩.૮ ટકાથી ઘટીને ૨.૭ ટકા થયું હતું. તેમાં ૧૧૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો થયો હતો. આ આંકડો ૨.૯ ટકાના અંદાજ કરતાં પણ ઓછો અને છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળામાં સૌથી નીચો હતો. ગ્રોસ માર્જિન પણ ૨૦૦ બેસિસ પોઈન્ટ ઘટીને ૭.૧ ટકાથી ૫.૧ ટકા થયું હતું.

કંપનીના જાહેર કરાયેલા નફામાં થયેલો મોટાભાગનો ઘટાડો આદિત્ય ઈન્ફોટેકમાં ડિક્સનના હિસ્સાના ફેરવેલ્યુ લાભમાં ઘટાડાને કારણે થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીએ ૫૭ કરોડ રૂપિયાનો લાભ નોંધાવ્યો હતો, જ્યારે અગાઉના વર્ષના સમાન ગાળામાં આ લાભ ૪૬૫ કરોડ રૂપિયા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં લાઈટિંગ બિઝનેસના હસ્તાંતરણથી પણ ૨૮ કરોડ રૂપિયાનો લાભ થયો હતો.

બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીએ ૫૭ કરોડ રૂપિયાનો લાભ નોંધાવ્યો હતો

સમાયોજિત ધોરણે ઈબીઆઈટીડીએ ૮ ટકા વધીને ૬૦૯ કરોડ રૂપિયા થયું હતું અને તેનું માર્જિન ૨.૮ ટકા રહ્યું હતું. સમાયોજિત ચોખ્ખા નફાના આંકડા કંપની અને બ્રોકરેજ કંપનીઓની ગણતરી પ્રમાણે અલગ અલગ છે. તેથી પ્રકાશન પહેલાં અંતિમ પરિણામોની રજૂઆત સાથે તેની ચકાસણી કરવી જરૂરી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ છ મહિનામાં કંપનીની આવક ૩૫ ટકા વધીને ૩૭,૩૪૧ કરોડ રૂપિયા થઈ હતી, જ્યારે ઈબીઆઈટીડીએ ૨ ટકા વધીને ૧,૦૬૦ કરોડ રૂપિયા થયું હતું.

ઈબીઆઈટીડીએ માર્જિન અગાઉના ૩.૮ ટકાથી ઘટીને ૨.૯ ટકા થયું હતું.

બંધ હરાજી સત્રમાં સેન્સેક્સ ૯૪૯ પોઈન્ટે, નિફ્ટી ૨૩,૩૩૧ પર

સેન્સેક્સ ૯૪૯.૧૬ પોઈન્ટ એટલે કે ૧.૨૭ ટકા વધીને ૭૫,૪૦૮.૬૯ પર પહોંચ્યો હતો, નિફ્ટી-૫૦માં ૨૭૮ પોઈન્ટ એટલે કે ૧.૨૧ ટકાનો વધારો થતાં તે ૨૩,૩૩૧.૧૦ પર રહ્યો હતો. જોકે, આ બંધ હરાજીના સત્રના આંકડા હતા. સોમવારે એનએસઈના વિવિધ ક્ષેત્રોના સૂચકાંકો મિશ્ર વલણ સાથે બંધ થયા હતા, જેમાં નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ સૌથી વધુ વધ્યો હતો. વ્યાપક બજારમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અનુક્રમે ૧.૧૯ ટકા અને ૦.૭૧ ટકા વધીને બંધ થયા હતા. બીજી તરફ, બીએસઈ સેન્સેક્સ ૧,૨૩૩.૨૫ પોઈન્ટ એટલે કે ૧.૬૬ ટકા વધીને ૭૫,૬૯૨.૭૮ પર સ્થિર થયો હતો.અપેક્ષા કરતાં સારા પરિણામો અને સ્થાનિક સ્તરે સુધરતા સંકેતોને કારણે સપ્તાહની શરૂઆત તેજી સાથે થઈ હતી.

પ્રભાત

માત્ર ભાડા વધાર્યા કરતા વિમાની કંપનીઓ શ્રેષ્ઠ સેવા આપે

જયપુર એરપોર્ટ પર દુબઇ જતી ફ્લાઇટ ૨૧ કલાક મોડુ ઉડાન ભરતા આ વિમાનને આકાશમાં ઉડવાની વિલંબની ઘટના નથી પરંતુ દેશમાં જે જે કંપનીઓ હવાઇ સેવા આપી રહી છે તેમાં કેવી સ્થિતિ થઇ છે તેની વ્યવસ્થાનું દર્પણ છે. આ ૨૧ કલાકમાં ફ્લાઇટનું શિડ્યુલ ત્રણ વખત બદલવામાં આવ્યું હતું. હવાઇ મુસાફરોની મુશ્કેલી વધી રહી હતી અને મુસાફરોને વારંવાર વિમાનમાં ટેકનીકલ ખામી થઇ છે તમે થોડી રાહ જુઓ કહેવામાં આવતું હતું આથી પ્રશ્ન આ થાય છે કે, સ્થાનિક વિમાની કંપનીઓને હવાઇ મુસાફરોને પરેશાન કરવાની મંજૂરી કોણે આપી છે?

આવી ઘટનાઓ હવે અપવાદ નથી પરંતુ સામાન્ય સમસ્યા બની રહી છે. તાજેતરમાં એક વિમાની કંપની દ્વારા વારંવાર ઉડાન રદ કરવામાં આવતા હજરો હવાઇ મુસાફરો મુસ્કેલીમાં મૂકાયા હતા કર્મચારીઓ તથૌા પાયલોટોની ઓછી સંખ્યા, રોસ્ટર પ્રબધનમાં ઉણપો તથા પરિયાલન સંબંધી અવ્યવસ્થા આ સમસ્યાના મુખ્ય કારણો બન્યા છે. વિમાની કંપનીઓની મુસાફરો પ્રત્યે બેદરકારી, જરૂરી વ્યવસ્થાનો અભાવ આ બધી હાડમારી હવાઇ મુસાફરો ક્યાં સુધી સહન કરશે?

ઉડાન રદ થયા બાદ ઘણા કલાકો સુધી હવાઇ મુસાફરો પ્રત્યે જે તે હવાઇ કંપનીની જરૂરી જે જવાબદારી હોય છે તે બાબતની નક્કર વ્યવસ્થા કરવામાં કેમ આવતી નથી? હવે દેશમાં શિયાળાની મોસમ શરૂ થશે આથી આકાશમાં મોટા પ્રમાણમાં ધુમ્મસ થવાની શકયતા રહેલી છે આથી દરેક વર્ષે ખરાબ હવામાન અને ધુમ્મુસના કારણે સંખ્યાબંધ ફ્લાઇટો રદ કરવામાં આવે છે હવે જ્યારે શિયાળાનું આગમન થઇ ચૂક્યું છે અને પડકાર જણાઇ રહ્યો છે ત્યારે એરલાઇન્સ કંપનીઓ અને હવાઇ અડ્ડાઓ પર જરૂરી તૈયારી કરવામાં કેમ નથી આવતી? સુરક્ષિત લેન્ડીંગ માટે કૈટ-૩ જેવી આધુનિક ટેકનિક, જરૂરી ઉપકરણો તથા શિક્ષિત વાયલોટોની પર્યાપ્ત વ્યવસ્થા કેમ કરવામાં આવતી નથી? હવાઇ મુસાફરોને દર વર્ષે હવામાનના હિસાબે મુશ્કેલી ભોગવવા માટે છોડી દેવા તે બાબતને કેટલી યોગ્ય ગણાવી શકાય. કર્મચારીઓની અછત અને પાયલોટો માટે કામના કલાકોનો મુદ્દો ગંભીર છે જો વિમાની કંપનીઓ પાસે પર્યાપ્ત પાયલોટો તથા ક્રૂ મેમબરો ઉપલબ્ધ ન હોય તો એરલાઇન્સ કંપનીઓએ પોતાની ક્ષમતા કરતાં વધુ ઉડાન સંચાલિત કરવાની સંમતિ કેવી રીતે મળે છે?

નિર્ધારિત કામના કલાકો કરતાં વધુ કામ કરાવવાની ફરિયાદ વિમાનોની સુરક્ષા પર પ્રશ્નો ઉભા કરે છે. મુસાફરો માટે યોગ્ય સુરક્ષા કંપની જે નફો કરવી વૃત્તિ રાખે છે તેના કરતા વધુ હોવી જોઇએ. ઉડાન રદ થતા તથા ઉડાનો મોડી પડતા વિમાની કંપનીઓ દ્વારા હવાઇ મુસાફરીના દરોમાં વધારો કરવામાં આવે છે ખાનગી કંપનીઓ માંગ અને પૂરવઠાનો તર્ક રજૂ કરીને વિમાનના ભાડામાં મનફાવે તેમ વધારો કરે છે અને સરકાર મૂકદર્શક બનીને આ ખેલ જોયા કરે છે. શું આ સામાન્ય માણસોની લાચારી છે કે, વિમાની કંપનીઓ માટે નફો રળવાનો અવસર.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ)ની જવાબદારી માત્ર નિયમો બનાવવા સુધી સિમિત રહેતી નથી જે નિયમો ઘડ્યા છે તેનું પાલન કરાવવું, બેજવાબદાર કંપનીઓ પર કાર્યવાહી કરવી, જે મુસાફરોને તકલીફ પડી છે તેમને સમયસર વળતર અપાવવું આ બધી બાબતો તેમની જવાબદારી છે. હવાઇ યાત્રા કોઇ અહેસાન નથી પરંતુ મુસાફર પાસેથી ટિકિટના રૂપિયા લીધા પછી અપાતી સેવા છે. ખાનગી એરલાઇન્સ કંપનીઓએ આ વાત સમજવી પડશે કે, ઉડાન ભરવાની આઝાદીની સાથે જવાબદારી પણ જોડાયેલી છે સરકારે ખાનગીકરણ કર્યા પછી પોતાની જે જવાબદારી છે તેમાંથી હાથ ઉંચા કરવા જોઇએ નહીં આખરે વિમાનૂ કંપનીઓ માટે નફો જરૂરી છે કે, યાત્રિઓ માટે સન્માન, સુરક્ષા અને સુવિધા?

હવાઇ મુસાફરીમાં ફ્લાઇટ ટેક ઓફ (ઉડાન) ભરતા પહેલા કેબિન ક્રૂ (એર હોસ્ટેસ) દ્વારા મુસાફરોને સૂચના અને નિર્દેશો આપવામાં આવતા હોય છે જો હવાઇ મુસાફરી દરમિયાન કોઇ અણધારી આફત, ટેકનીકલ ખામી કે કટોકટીની સ્થિતિ ઉભી થાય તો મુસાફરો ગભરાયા વગર ઝડપથી અને બચાવના પગલાં ભરી શકે તે માટે તેમને યોગ્ય સમજ આપવી જરૂરી છે. મુસાફરોને ઓક્સિજન માસ્ક, સીટ બેલ્ટ અને લાઇફ જેકેટ (જીવન રક્ષક જેકેટ) કેવી રીતે પહેરવા, ક્યારે ખોલવા અને તેનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે સ્પષ્ટ વિગતો આપવામાં આવે છે. કટોકટી વખતે વિમાનમાંથી બહાર નિકળવા માટે નજીકના ઇમરજન્સી એક્ઝિટ (બહાર નિકળવાના દરવાજા) વિશે પણ જાણકારી આપવામાં આવે છે.

ઉંચાઇ પર કેબિનનું હવાનું દબાણ ઘટે ત્યારે ઓક્સિજન માસ્ક આપમેળે નીચે આવે છે મુસાફરોએ બીજાને મદદ કરતા પહેલાં પોતાનો માસ્ક પહેરવો શા માટે જરૂરી છે તેની સમજ આપવી મહત્વ પૂર્ણ છે આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન સંસ્થા અને વિવિધ દેશોની એવિએશન ઓથોરિટી દ્વારા દરેક ફ્લાઇટ પહેલા સુરક્ષા બિફ્રિંગ આપવું કાયદાકીય રીતે ફરજિયાત બનાવવામાં આવ્યું છે આ સમજૂતીનો મુખ્ય હેતુ દરેક મુસાફરને તેમની પોતાની સુરક્ષા પ્રત્યે જાગરૂક કરવાનો અને કટોકટીના સમયે અફરાતફરી અટકાવીને જીવ બચાવવાનો છે.

વિમાની કંપનીઓ માટે મુસાફરો માટે પણ ઘણી જવાબદારી હોય છે તેમાં પ્રથમ છે જો એરલાઇન ફ્લાઇટના સમયથી બે અઠવાડિયા પહેલા રદ થવાની જાણ કરે તો મુસાફરોને રિફંડ અથવા વૈકલ્પિક ફ્લાઇટ પૂરી પાડવી જોઇએ ફ્લાઇટ મોડી પડે ત્યારે મુસાફરોનો નાસ્તો, ભોજન અને પાણી પણ આપવું જોઇએ.

સૌરાષ્ટ્રમાં પૂરતો વરસાદ ન થતાં માઠી અસર પશુપાલન પર જોવા મળી રહી છે, ઘાસચારાની ભારે અછત ઊભી થઈ

અમરેલી,તા.૦૨

સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં વરસાદ ન થતાં તેની સીધી માઠી અસર હવે પશુપાલન વ્યવસાય પર જોવા મળી રહી છે. વરસાદના અભાવે ઘાસચારાનું ઉત્પાદન ઘટતાં બજારમાં સૂકા ઘાસચારાની ભારે અછત ઊભી થઈ છે. એક તરફ પશુઓ માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ થતો નથી, તો બીજી તરફ માંગ સામે પુરવઠો ઘટતાં ઘાસચારાના ભાવમાં સતત અને તીવ્ર વધારો થઈ રહ્યો છે.

સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદની અછતને કારણે ખેતી અને પશુપાલન બંને ક્ષેત્રો પર ગંભીર અસર પડી રહી છે. વરસાદ ઓછો થવાથી ખેતરોમાં ઘાસચારાના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. પરિણામે બજારમાં વેચાણ માટે આવતા સૂકા ઘાસચારાની આવક પણ અડધી થઈ ગઈ છે. ખાસ કરીને પશુપાલન સાથે સંકળાયેલા પરિવારો માટે આ પરિસ્થિતિ ભારે ચિંતાજનક બની છે. પશુઓને પૂરતા પ્રમાણમાં ઘાસચારો મળી રહે તે માટે પશુપાલકોએ હવે અગાઉ કરતાં બે ગણો નાણાકીય ખર્ચ કરવો પડી રહ્યો છે. દૂધ ઉત્પાદનના વ્યવસાય સાથે જોડાયેલા પશુપાલકો માટે ઘાસચારાના વધતા ભાવને કારણે પશુઓના નિભાવખર્ચમાં ભારે વધારો થયો છે, જેનાથી તેમની આવક ખોરવાઈ રહી છે.સૌરાષ્ટ્રમાં હાલ સૂકા ઘાસચારાની ભારે અછત જોવા મળી રહી છે. આજથી ત્રણેક મહિના પહેલાં સૂકા ઘાસચારાનો ભાવ ૨૦૦ થી ?૩૦૦ની આસપાસ હતો, પરંતુ હાલ તેના ભાવ કુદકે ને ભૂસકે વધીને ?૪૦૦ થી ?૫૦૦ સુધી પહોંચી ગયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વરસાદના અભાવે ઘાસચારાનું વાવેતર અને ઉત્પાદન બંને ઓછું થયું છે. તેના કારણે બજારમાં ઘાસચારાની આવક ઘટી છે અને ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જો આગામી દિવસોમાં ઘાસચારાની ઉપલબ્ધતા વધારવા કોઈ વિકલ્પ નહીં શોધાય તો પશુપાલકોને વધુ ઊંચા અને અસહ્ય ભાવે ઘાસચારો ખરીદવાની ફરજ પડશે. હાલ ઘાસચારાના ભાવમાં જોવા મળી રહેલો આ ઉછાળો પશુપાલકો માટે આગામી દિવસોમાં વધુ વિકટ મુશ્કેલી ઊભી કરી શકે છે. ખાસ કરીને ઉનાળાની સખત ઋતુ દરમિયાન લીલા ઘાસચારાના અભાવે પશુઓ માટે સૂકા ઘાસચારાની જરૂરિયાત વધુ રહેતી હોય છે. બીજી તરફ, વરસાદના અભાવે સ્થાનિક ઉત્પાદન ઓછું રહે તો બજારમાં ઘાસચારાની વિકટ અછત સર્જાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં સૂકા ઘાસચારાનો ભાવ ?૬૦૦ સુધી પહોંચવાની શક્યતાઓ સ્થાનિક વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. જોકે, ભાવમાં કેટલો વધારો થશે તે આગામી સમયમાં ઘાસચારાની આંતરરાજ્ય ઉપલબ્ધતા, પશુપાલકોની માંગ અને હવામાનની સ્થિતિ પર આધારિત રહેશે. પશુપાલન એ સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આજીવિકાનું મુખ્ય સાધન છે. પશુઓના દૈનિક નિભાવ માટે ઘાસચારો પ્રાથમિક જરૂરિયાત હોવાથી તેના ભાવ વધતાં પશુપાલકોનું આર્થિક બજેટ ખોરવાયું છે. જો ઘાસચારાના ભાવ આ જ રીતે સતત વધતા રહેશે તો દૂધ ઉત્પાદનના વ્યવસાયમાં નફાનું પ્રમાણ સાવ નહિવત થઈ જવાની ભીતિ છે.હાલ સૌરાષ્ટ્રભરમાં સૂકા ઘાસચારાના વધતા ભાવ અને તેની અછતને કારણે પશુપાલકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. હવે આગામી સમયમાં સરકાર દ્વારા કોઈ રાહત દરના ઘાસચારાના ડેપો શરૂ કરાય છે કે કેમ અને બજારમાં પુરવઠો કેટલો વધે છે તેના પર જ પશુપાલકોની તમામ આશા ટકેલી છે.

આર.એલ. પટેલ ડી.એલ.એડ કોલેજ, વિદ્યાનગરી, હિંમતનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિ ઉજવાઈ

હિંમતનગર,તા.૦૨

હિંમતનગરની વિદ્યાનગરી સ્થિત વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત આર.એલ. પટેલ ડી.એલ.એડ કોલેજ ખાતે અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મા જન્મજયંતિ દિવસની ભવ્ય અને ધમાકેદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.“આ ઉજવણી અંતર્ગત કોલેજ ખાતે જન્મજયંતિ દિવસ નિમિત્તે ૧૫૧ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા, વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારની આકર્ષક અને સર્જનાત્મક રંગોળીઓ બનાવવામાં આવી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી પૂજન કરવામાં આવ્યું હતું.“

“આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ૫ દીકરા અને ૫ દીકરીઓનો સમાવેશ થતો હતો. દરેક સ્પર્ધક માટે અલગ-અલગ વિષય રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવન, વિચારો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન, એક ભારત શ્રેષ્ઠ ભારત, જો આજે સરદાર પટેલ હોત તો...વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.““વક્તૃત્વ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ત્રણ વિદ્યાર્થીનીઓ વિજેતા રહી હતી. પ્રથમ નંબરે દેસાઈ નિર્મિતા,બીજા નંબરે પટેલ દેવાંશીબેન અને ત્રીજા નંબરે પટેલ સબાબેન વિજેતા રહ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. હિનલબેન પઢીયાર અને પ્રા. વિપુલભાઈ ડામોરે સેવા આપી હતી.““સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્યશ્રી પ્રિ. પ્રકાશભાઈ પટેલ સાહેબે આપ્યું હતું. આ સફળ અને પ્રેરણાદાયી આયોજન બદલ વિશ્વમંગલમ્ કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. ડી.એલ પટેલ સાહેબ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ પટેલ, સી.ઈ.ઓ. શ્રી ગૌરવભાઈ દરજી સાહેબ, પ્રિન્સિપાલ શ્રી પ્રકાશભાઈ પટેલ અને તમામ અધ્યાપકશ્રીઓએ તમામ વિજેતા વિદ્યાર્થીઓ અને આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય કચેરી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

હિંમતનગર,તા.૦૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.કિશોરસિંહ ચારણના માર્ગદર્શન હેઠળ માનવસેવા, સામાજિક જવાબદારી અને લોકભાગીદારીની ભાવનાને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી તાલુકા આરોગ્ય કચેરી, ખેડબ્રહ્મા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.““જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, હિંમતનગરની બ્લડ બેંકના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૨૨ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.કેમ્પ દરમિયાન રક્તદાતાઓએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરીને માનવતાની સેવા અને સામાજિક સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવા રક્તદાન કેમ્પ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.““આ કેમ્પને સફળ બનાવવા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા આયોજનબદ્ધ અને ઉત્સાહપૂર્વક કામગીરી કરવામાં આવી હતી.“આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારીશ્રીએ તમામ રક્તદાતાઓ, સહયોગી સંસ્થા અને આયોજનમાં જોડાયેલા કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ નાગરિકોને નિયમિત સ્વૈચ્છિક રક્તદાન કરવા અને આ સેવાયજ્ઞમાં વધુ લોકો જોડાય તે માટે જનજાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી.“

સીવીએમ યુનિવર્સિટી દ્વારા ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ નિમિત્તે ‘સરદાર એકતા યાત્રા’નું આયોજન કરાયું



આણંદ,તા.૦૨

ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની પૂર્વસંધ્યાએ સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. (NSS) અને એન.સી.સી. (NCC) સેલના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ એક ભવ્ય ’સરદાર એકતા યાત્રા’ (રેલી)નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ એકતા યાત્રાનું આયોજન ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી ભીખુભાઈ પટેલ, ઉપ-પ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, મંત્રી શ્રી એસ. જી. પટેલ, સહમંત્રી શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી રશ્મિભાઈ પટેલ, પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ તેમજ રજિસ્ટ્રાર પ્રો. ડૉ. સંદીપ વાલિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.શુક્રવારે સવારે ૯:૩૦ કલાકે સીવીએમ યુનિવર્સિટી બિલ્ડિંગ ખાતેથી આ યાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ તથા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ ભાઈ-બહેનો જોડાયા હતા.

૨૩મી ભારતીય ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજી કોંગ્રેસની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ ભાઈકાકા યુનિવર્સિટી કરમસદ ખાતે યોજાઈ



કરમસદ,તા.૦૨

ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ સાથે સંલગ્ન પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ (PSMC) અને શ્રીકૃષ્ણ હોસ્પિટલ દ્વારા ઈન્ડિયન કોંગ્રેસ ઑફ ફોરેન્સિક મેડિસિન એન્ડ ટોક્સિકોલોજી (ICFMT)ના સહયોગથી ગુજરાતમાં પ્રથમવાર ૨૩મી ભારતીય ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજી કોંગ્રેસ (ICFMTCON 2026)નું આયોજન ૨૯થી ૩૧ ઑક્ટોબર દરમિયાન આણંદની મધુબન રિસોર્ટ એન્ડ સ્પા ખાતેકરવામાં આવ્યું હતું.

૩૦ ઓક્ટોબરના રોજ યોજાયેલ ઉદ્ઘાટન સમારોહમાં આણંદના પોલીસ અધિક્ષક (SP) શ્રી જી. જી. જસાણી (IPS) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં દેશની ૮૭ તબીબી સંસ્થાઓના આશરે ૨૦૦ જેટલા તબીબો, નિષ્ણાતો અને પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત યુ.કે., દક્ષિણ કોરિયા, દક્ષિણ આફ્રિકા અને જાપાનના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની પણ વિશેષ ઉપસ્થિતિ રહી છે.

ઉદઘાટન સમારંભમાં ભાઈકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. અભય ધરમસીએ જણાવ્યું હતું કે, “આ પરિષદ શૈક્ષણિક આદાનપ્રદાન, પરસ્પર સહયોગ, વિચારો અને અનુભવોની વહેંચણી તેમજ ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજીના ક્ષેત્રમાં સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્યને વધુ મજબૂત બનાવવાનું ઉત્તમ માધ્યમ છે. ગુજરાતમાં પ્રથમવાર આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કક્ષાની પરિષદનું આયોજન કરવાની અમને ખુશી છે. આ પરિષદ દરમિયાન થનારી ચર્ચાઓ અને નિષ્ણાતો વચ્ચેનું સંવાદ શૈક્ષણિક સહયોગને નવી દિશા આપશે તેમજ આ ક્ષેત્રમાં જ્ઞાન અને સંશોધનના વિકાસમાં યોગદાન આપશે.”પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના ડીન ડૉ. સ્વપ્રિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ ફોરેન્સિક મેડિસિન નિષ્ણાતો, ટોક્સિકોલોજિસ્ટ્સ, રેડિયોલોજિસ્ટ્સ, કાનૂની નિષ્ણાતો અને કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સંકલન અને સહયોગ વધારવાનો છે. પરંપરાગત પોસ્ટમોર્ટમ પદ્ધતિઓ અને આધુનિક વૈજ્ઞાનિક ટેક્નોલોજી વચ્ચેનું અંતર ઘટાડવા ઉપરાંત સંશોધન, નવીનતા અને ફોરેન્સિક તપાસમાં અદ્યતન પદ્ધતિઓના વ્યવહારુ ઉપયોગને પ્રોત્સાહન આપવાનો પણ આ પરિષદનો હેતુ છે.

એઈમ્સનવી દિલ્હીના પૂર્વ ડિરેક્ટર અને જાણીતા ફોરેન્સિક નિષ્ણાત ડૉ. તીરથ દાસ ડોગરાએ ફોરેન્સિક વિજ્ઞાનના વિસ્તરતા વ્યાપ અંગે જણાવ્યું હતું કે, ફોરેન્સિક વિજ્ઞાન હવે માત્ર ગુનાહિત તપાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ બેંકિંગ, એકાઉન્ટિંગ, સાયબર ક્રાઈમ, ઈન્ટરનેટ સંબંધિત છેતરપિંડી અને મીડિયા ફ્રોડ જેવા ક્ષેત્રોમાં પણ તેનું મહત્ત્વ વધી રહ્યું છે.

સંવેદનશીલ તપાસમાં ફોરેન્સિક વિજ્ઞાનની ભૂમિકા અંગે ડૉ. ડોગરાએ જણાવ્યું હતું કે, “૨૦૦૨નાં ગુજરાત રમખાણો દરમિયાન વૈજ્ઞાનિક તપાસ દ્વારા હકીકતો સ્થાપિત કરવામાં ફોરેન્સિક વિજ્ઞાને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. અમે વિવિધ સ્થળોની મુલાકાત લઈને દ્વંદ્વ વિશ્લેષણ દ્વારા મૃતકોની ઓળખ કરવામાં અને તપાસમાં મદદરૂપ થવાનું કાર્ય કર્યું હતું. સોહરાબુદ્દીન શેખ અને તુલસીરામ પ્રજાપતિ એક્રાઉન્ટર જેવા સંવેદનશીલ કેસોમાં પણ તબીબી, ડિજિટલ અને અન્ય વૈજ્ઞાનિક પુરાવાઓ મહત્ત્વપૂર્ણ સાબિત થયા હતા. ફોરેન્સિક નિષ્ણાતે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ કે દબાણ વિના નિષ્પક્ષ રહેવું જોઈએ. ફોરેન્સિક નિષ્ણાતો અને કાયદા અમલીકરણ એજન્સીઓએ ધર્મ, જાતિ, રાજકીય જોડાણ કે વ્યક્તિની ઓળખથી પર રહીને માત્ર વૈજ્ઞાનિક પુરાવાના આધારે સત્ય બહાર લાવવાના સમાન ઉદ્દેશ સાથે કાર્ય કરવું જોઈએ. તમામ પૂર્વગ્રહોથી ઉપર સત્યનો વિજય થવો જોઈએ.”

અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના એડિશનલ ડીન અને ગુજરાતના સ્ટેટ નોડલ ઓફિસર (ડી.આર.પી.) ડૉ. ધર્મેશ પટેલે આપત્તિ સમયે મૃતકોની ઓળખ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓના મહત્ત્વ અંગે માહિતી આપી હતી. તેમણે મોટા પાયે સર્જાતી દુર્ઘટનાઓમાં મૃતકોની ઓળખ માટે પડકારો અને ગયા વર્ષે થયેલા વિમાન દુર્ઘટનામાં દ્વંદ્વ પ્રોફાઈલિંગ દ્વારા મૃતકોની ઓળખ કરવામાં ભજવાયેલી નિર્ણાયક ભૂમિકા અંગે પોતાના અનુભવો રજૂ કર્યા હતા.આઈ.સી.એફ.એમ.ટી.ના પ્રમુખ ડૉ. એસ. કે. વર્માએ ફોરેન્સિક વિજ્ઞાન દ્વારા કાયદાના અમલીકરણને વધુ મજબૂત બનાવવા અને સામાજિક જવાબદારીના નિર્વહન પર ભાર મૂક્યો હતો.પરિષદ દરમિયાન ફોરેન્સિક મેડિસિન, એનાલિટિકલ ટોક્સિકોલોજી, ફોરેન્સિક રેડિયોલોજી, પોસ્ટમોર્ટમ કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (સ્ઝ્ર), ફોરેન્સિક એન્ટોમોલોજી, હિસ્ટોપેથોલોજી અને મેડિકલ જ્યુરિસપ્રુડન્સ જેવા સમકાલીન વિષયો પર વૈજ્ઞાનિક સત્રો યોજાયા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા નિષ્ણાતોમાં યુનાઇટેડ કિંગડમની યુનિવર્સિટી ઑફ એડિનબર્ગનાં મેડિકલ ટોક્સિકોલોજિસ્ટ ડૉ. ગિલિયન જેક્સન, દક્ષિણ આફ્રિકાનીયુનિવર્સિટી ઑફ ધ વિટવોટર્સરેન્ડનાં હેડ ઑફ ફોરેન્સિક પેથોલોજી ડૉ. શકીરા હોલેન્ડ, જાપાનની ગુન્મા યુનિવર્સિટીના ફોરેન્સિક પેથોલોજિસ્ટ ડૉ. હારુકી ફુકુડા અને દક્ષિણ આફ્રિકાની નોર્થર્ન રિજન, ગૌટેંગની ફોરેન્સિક પેથોલોજી સર્વિસનાં હેડ ઑફ ક્લિનિકલ ડિપાર્ટમેન્ટ ડૉ. શર્લી જેના સ્ટુઅર્ટનો સમાવેશ થાય છે.

ભારતના વિવિધ પ્રતિષ્ઠિત તબીબી સંસ્થાનોના નિષ્ણાતોમાં ઉત્તરાખંડની સરકારી મેડિકલ કોલેજ, રુદ્રપુરના ડીન/પ્રિન્સિપાલ ડૉ. સી. પી. ભૈસોરા, એઈમ્સમંગળાગિરીના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. એસ. કે. દાશ, સરકારી મેડિકલ કોલેજ, કોટાના વરિષ્ઠ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. અશોક મૂન્દ્રા, જે.આઈ.પી.એમ.ઈ.આર., પુડુચેરીના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. વિનોદ ચૌધરી, એઈમ્સનાગપુરના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. મનીષ શ્રીગિરિવાર તથા બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. ધર્મેશ પટેલ સહિતના નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે.પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના ડીન ડૉ. સ્વપ્રિલ અગ્રવાલ પરિષદના ઓર્ગેનાઈઝિંગ ચેરપર્સન હતા, જ્યારે ફોરેન્સિક મેડિસિન એન્ડ ટોક્સિકોલોજી વિભાગના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. અરિજિત દત્તા તથા રેડિયોડાયગ્નોસિસ વિભાગના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. વિરલ પટેલ કો-ઓર્ગેનાઈઝિંગ લીડ તરીકે જવાબદારી સંભાળી હતી.

મોરબીમાં પૈસાની લેતીદેતી મામલે પુત્રને બચાવવા જતાં પિતાની હત્યા

પ્રતિનિધિ દ્વારા

મોરબી,તા.૦૨

ટીંબડી પાટિયા નજીક પૈસાની લેતીદેતી મામલે લોહિયાળ અથડામણની ઘટના સામે આવી છે. ટ્રકની ભાગીદારીના પૈસાની લેતીદેતી મામલે જૂની અદાવત રાખીને આવેલા શખ્સોએ એક યુવાન પર ધારિયા અને ધોકા વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન પુત્રને બચાવવા વચ્ચે પડેલા ૭૦ વર્ષીય પિતા ખોડાભાઈ મોલડીયાને કપાળના ભાગે ધારિયાનો ઘા ઝીંકવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજ્યું હતું. હુમલામાં અન્ય બે યુવકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ મામલે મોરબી તાલુકા પોલીસે સાત શખ્સો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.પ્રાથમિક વિગતો મુજબ, ટ્રકની ભાગીદારીના પૈસાની લેતીદેતી મામલે અગાઉથી વિવાદ ચાલી રહ્યો હતો. આ જૂની અદાવતને પગલે કેટલાક લોકો બે કાર અને એક બાઈકમાં ટીંબડી પાટિયા પાસે પહોંચ્યા હતા. તેમની પાસે છરી, ધારિયા અને ધોકા સહિતનાં હથિયારો હતાં. આરોપીઓએ પહેલાં કાર પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ત્યારબાદ યુવાન પર ધારિયા અને ધોકા વડે હુમલો કર્યો હતો.

આ દરમિયાન પુત્ર પર હુમલો થતા ૭૦ વર્ષીય ખોડાભાઈ મોલડીયા તેને બચાવવા વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન હુમલાખોરોએ તેમના કપાળના ભાગે ધારિયાનો ઘા ઝીંક્યો હતો.

ગુજરાતી ફિલ્મ 'ડમરુ'ને સ્થાનિક સિનેમાઘરોમાં યોગ્ય શો અને સ્ક્રીન ફાળવવા પ્રાદેશિક સિનેમા ટીમ અને નિર્માતાઓની રાજ્ય સરકાર તથા સિનેમા માલિકોને નમ્ર અપીલ

એજન્સી દ્વારા

ગુજોત્સવ પ્રોડક્શન્સ અને વ્રજ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલ અને હાલમાં જ થિયેટરોમાં રિલીઝ થયેલી હાર્દિક પરીખ નિર્દેશિત અને સંજય ગોરડિયા, નક્ષરાજ ,મૌલિક ચૌહાણ તથા મકરેન્દ શુક્લા જેવા જાણીતા કલાકારો અભિનીત ગુજરાતી કૉમેડી-ડ્રામા કેટેગરીની ફિલ્મ ડમરુ ને દર્શકો તરફથી અત્યંત બહોળો પ્રતિસાદ અને પ્રેમ મળી રહ્યો છે. ગુજરાતી પ્રેક્ષકો પોતાના પરિવાર સાથે આ પ્રાદેશિક ફિલ્મને પસંદ કરી રહ્યા છે અને હાઉસફુલના શો નોંધાઈ રહ્યા છે. પરંતુ, તહેવારોની મોસમમાં અન્ય મલ્ટી-બજેટ હિન્દી/બીજી ભાષાની ફિલ્મો (જેમ કે 'રામાયણ') ના રિલીઝ થવાથી સ્થાનિક ગુજરાતી ભાષાની આ સફળ ચાલતી ફિલ્મને સિનેમાઘરોમાં પૂરતા શો અને



સ્ક્રીન મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે."

"ઘણા થિયેટર માલિકો ઈચ્છતા હોવા છતાં વિતરણ કંપનીઓના દબાણ અથવા મોટા બેનરની કન્ટેન્ટ કંડિશન્સને કારણે ગુજરાતી ફિલ્મોને શો આપી શકતા નથી. પરિણામે દર્શકોની માંગ હોવા છતાં 'ડમરુ' ફિલ્મને સ્ક્રીન વગર અન્યાય સહન કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિ માત્ર એક ફિલ્મ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા ટેક્નિશિયન્સ, કેમેરામેન, લાઇટમેન, સ્પોટબોય અને અન્ય નાના-મોટા કલાકારોની આજીવિકા તેમજ રોજગાર પર પણ નકારાત્મક અસર પાડે છે.""તેમજ તહેવારોના સમયમાં મોંઘી ટિકિટો (રૂ.૧૫૦૦–રૂ.૨૦૦૦) ખરીદવા અસમર્થ એવા સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે પોસાય તેવી દરની (રૂ.૧૦૦–રૂ.૨૦૦) ગુજરાતી ફિલ્મો જ શ્રેષ્ઠ મનોરંજન પૂરું પાડે છે. જો સ્થાનિક ફિલ્મોને જ શો ન મળે, તો સામાન્ય દર્શકો પણ પોતાની ભાષાની ફિલ્મ જોવાની તકથી વંચિત રહી જાય છે. 'ડમરુ'ની ટીમે સ્પષ્ટ કર્યું છે કે તેઓ અન્ય કોઈ મોટી ફિલ્મની વિરુદ્ધ નથી, પરંતુ માતૃભાષાની ફિલ્મને પોતાની જ ધરતી પર ઓછામાં ઓછા ૧ થી ૨ શોની યોગ્ય તક મળવી જ જોઈએ.

""આ સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને ટીમ 'ડમરુ' દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી, ગુજરાત સરકાર, તમામ સિનેમા માલિકો અને ડિસ્ટ્રિબ્યુટર્સને નમ્ર આગ્રહ કરવામાં આવ્યો છે કે દર્શકોની માંગ અનુસાર દરેક મલ્ટિપ્લેક્સ અને થિયેટરમાં 'ડમરુ' ફિલ્મને ઓછામાં ઓછા ૧–૨ શો ફાળવવામાં આવે જેથી ગુજરાતી સંસ્કૃતિ અને સિનેમાનું અસ્તિત્વ ટકી રહે.



પ્રજ્ઞા જયસ્વાલને પોતાની પ્રતિભા દ્વારા ખૂબ ખ્યાતિ મળી છે. તે પોતાના ગ્લેમરસ લુક્સથી ચાહકોના દિલ જીતી લે છે. તાજેતરમાં, તેનો ગ્લેમરસ અવતાર સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. સાઉથ એક્ટ્રેસ પ્રજ્ઞા જયસ્વાલે ઓરેન્જ કલરના વન-શોલ્ડર ક્રોપ ટોપ અને થાઈ હાઈ સ્લિટ સ્કર્ટમાં પોતાનો બોલ્ડ અને ગ્લેમરસ અવતાર શેર કરીને ફેન્સનું ધ્યાન ખેંચ્યું છે.

ઝૂમવા માટે થઈ જાઓ તૈયારઃ "લેટ્સ દિવાળી ડાન્સ!" બન્યું આ સિઝનનું અલ્ટીમેટ પાર્ટી ટ્રેક

એજન્સી દ્વારા

તહેવારોની મોસમમાં સંગીત પ્રેમીઓ અને ડાન્સ ફિક્સ માટે એક અત્યંત ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે.અપ્લાઈડ આર્ટ પ્રોડક્શન્સના બેનર હેઠળ નિર્મિત થઈ રહેલી આગામી ચર્ચાસ્પદ અને મોસ્ટ અવેટેડ યુએસએ પ્રોડક્શન ફિલ્મ 'હોટેલ મોટેલ પટેલ' **(Hotel Motel Patel)** નું નવું ધમાકેદાર અને ફેસ્ટિવ ગીત "લેટ્સ દિવાળી ડાન્સ!" **(Let's Diwaali Dancee!)** સત્તાવાર રીતે રિલીઝ કરી દેવામાં આવ્યું છે. દિવાળીના પર્વની રંગત, ખુશીઓ અને ઉત્સાહને અનેકગણો વધારી દેવા માટે ખાસ તૈયાર કરાયેલ આ વાઇબ્રન્ટ ડાન્સ નંબર



હાલમાં દેશભરના યુવાનો અને સંગીત જગતમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. " આ ગીતની સંગીતમય સફર વિશે વાત કરીએ તો, બોલિવૂડના દિગ્ગજ અને લોકપ્રિય ગાયકો શાન, સુરજ જગન અને યશિતા શર્માએ પોતાના જોરદાર અને ઊર્જાવાન અવાજથી આ ગીતમાં સજીવન પ્રાણ ફૂંક્યા છે. ગીતનું કર્ણપ્રિય સંગીત સ્મિત જય દ્વારા આપવામાં આવ્યું છે, જ્યારે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે તેવા આકર્ષક બોલ વિનય દવે અને પ્રેમ ડી. દવે દ્વારા કલમબદ્ધ કરવામાં આવ્યા છે. ખાસ કરીને આજની યુવા પેઢીને થનગનાટ કરવા માટે મજબૂર કરી દે તેવી હાઈ-એનર્જી રૅપ લાઈન્સ યુવા ગીતકાર કૃતાર્થ શાહ દ્વારા ખૂબ જ સચોટ રીતે લખવામાં આવી છે. "આ ગીતનું મ્યુઝિક અરેન્જમેન્ટ અને પ્રોડક્શન જાણીતા સંગીતકારો સૌરભ લોખંડે અને આકાશ કુમાર દ્વારા કરવામાં આવ્યું છે, જે આ ટ્રેકને આંતરરાષ્ટ્રીય સ્તરનું મોર્ડન અને બીટ્સ યુક્ત સ્વરૂપ પ્રદાન કરે છે. ગીતનું ઝીણવટભર્યું મિક્સિંગ અને માસ્ટરિંગ દિપક સુગાથન દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે ગાયકોના વોકલ્સ મુંબઈ, ગોવા અને અમદાવાદ જેવા દેશના અગ્રણી સંગીત સ્ટુડિયોમાં અત્યાધુનિક સાધનો સાથે રેકોર્ડ કરવામાં આવ્યા છે. આ શાનદાર ગીત હાલમાં તમામ મુખ્ય મ્યુઝિક પ્લેટફોર્મ્સ પર ધૂમ મચાવી રહ્યું છે, જે આગામી માર્ચ ૨૦૨૭ માં સિનેમાઘરોમાં રિલીઝ થનારી આખી ફિલ્મ માટે ઉત્સુકતા ચરમસીમા પર લઈ જઈ રહ્યું છે.

વિક્રમ ઠાકોરની બ્લોકબસ્ટર ગુજરાતી મૂવી 'તું દુનિયા છે મારી' હવે આવી રહી છે JOJO એપ પર!



ગુજરાતી સિનેમાના દર્શકો માટે એક ખૂબ જ આનંદના સમાચાર સામે આવ્યા છે. દર્શકોના દિલ પર રાજ કરનાર સુપરસ્ટાર વિક્રમ ઠાકોર અને પ્રતિભાશાળી અભિનેત્રી રિયુ જયસ્વાલ અભિનીત સુપરહિટ ડ્રામા-રોમાન્સ ફિલ્મ 'તું દુનિયા છે મારી' હવે તહેવારોની આ ખાસ સિઝનમાં **JOJO** એપ પર સ્ટ્રીમ થવા માટે તૈયાર છે! પ્રેમ, કિસ્મત અને લાગણીના તાંતણે બંધાયેલી આ અદ્ભુત વાર્તા હવે દર્શકો ઘર બેઠા પોતાના મોબાઈલ અને સ્માર્ટ સ્ક્રીન પર માણી શકશે.

આ ફિલ્મની પટકથા વિક્રમ અને પ્રાંજલના અનહદ પ્રેમ પર આધારિત છે. જ્યોતિષીય વિરોધ અને અડચણો છતાં બંને લગ્ન કરવાનો નિર્ણય કરે છે, પરંતુ જીવનમાં આવતી ગેરસમજો અને એક ગંભીર અકસ્માત તેમના પ્રેમની આકરી પરીક્ષા કરે છે. આ કપરા સંજોગોમાં વિક્રમ કેવી રીતે પ્રાંજલની પડખે ઊભો રહે છે અને જીવનના દરેક પડકારનો મક્કમતાથી સામનો કરે છે, તે હૃદયસ્પર્શી રીતે આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે.""આ ફિલ્મ વિશે વાત કરતા ર્નર્ત્તના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર ધ્રુવિન શાહ જણાવે છે કે, "અમે હંમેશાં અમારા દર્શકો સુધી શ્રેષ્ઠ અને પારિવારિક મનોરંજન પહોંચાડવા માટે કટિબદ્ધ છીએ. સુપરસ્ટાર વિક્રમ ઠાકોરની અદ્ભુત અભિનય સક્ષમ ફિલ્મ 'તું દુનિયા છે મારી'ને તહેવારોની આ સિઝનમાં **JOJO** એપ પર લાવતા અમને ખૂબ જ રોમાંચ અનુભવાય છે.

અમને પૂરો વિશ્વાસ છે કે આ હૃદયસ્પર્શી પ્રેમકથા દર્શકોને ખૂબ જ પસંદ આવશે અને તેઓ પરિવાર સાથે આનો આનંદ માણી શકશે."

"આ ફિલ્મમાં મુખ્ય કલાકારો તરીકે વિક્રમ ઠાકોર, રિયુ જયસ્વાલ, જીતુ પંડ્યા, મિત્રેશ વર્મા અને પ્રકાશ મંડોરા જેવા દિગ્ગજ કલાકારોએ પોતાની શાનદાર અભિનય કળાથી પાત્રોમાં પ્રાણ ફૂંક્યા છે. મજબૂત પટકથા, ઉત્કૃષ્ટ અભિનય અને લાગણીસભર સંગીતને કારણે આ ફિલ્મે દર્શકોના દિલમાં એક વિશેષ સ્થાન બનાવ્યું છે.

"તહેવારોની આ મોસમમાં પરિવાર અને મિત્રો સાથે મનોરંજનથી ભરપૂર આ મૂવી માણવા માટે આજે જ ર્નર્ત્ત એપ ડાઉનલોડ કરો અને તમારા મનપસંદ સુપરસ્ટાર વિક્રમ ઠાકોરની આ સફરનો હિસ્સો બનો.

બી. પ્રાકનો અવાજ અને સાળંગપુર દાદાની ભક્તિઃ ગુજરાતી ફિલ્મ 'કિંગ ઓફ સાળંગપુર'નું ગીત 'જય હનુમાન' રિલીઝ

સંગીત જગતના દિગ્ગજ ગાયક બી. પ્રાક સુરીલા અવાજ અને સાળંગપુર ધામના મહિમાનો અદ્ભુત સંગમ દર્શાવતી ઝી સ્ટુડિયોઝ અને વામિકા પ્રોડક્શનની બહુપ્રતીક્ષિત ગુજરાતી ફિલ્મ 'કિંગ ઓફ સાળંગપુર'નું શક્તિશાળી ભક્તિગીત 'જય હનુમાન' રિલીઝ કરવામાં આવ્યું છે. શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાની અસીમ કૃપા અને દિવ્ય વારસાને મોટા પડદે જીવંત કરતી આ ફિલ્મના આ ગીતે રિલીઝ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. બોલિવૂડ અને પંજાબી મ્યુઝિક ઇન્ડસ્ટ્રીના મશહૂર ગાયક બી. પ્રાકના ભાવનાત્મક અને જોસ્સાથી ભરપૂર અવાજે આ ભજનમાં ચાર ચાંદ લગાવી દીધા છે, જેને સંગીતપ્રેમીઓ અને ભક્તો તરફથી ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. ગીતકાર નીરજ કેરે લખેલા ગીતને પ્રશાંત સંતોષે સંગીત આપ્યું છે. ગીતની કોરિયોગ્રાફી લોકપ્રિય કોરિયોગ્રાફર પ્રિન્સ ગુપ્તાએ કરી છે.""આ સોન્ગમાં સાળંગપુર ધામની પવિત્ર ભૂમિ અને શ્રી કષ્ટભંજન દેવની ભવ્ય મૂર્તિના



સાનિધ્યમાં ભક્તિનો અનોખો ઉત્સવ જોવા મળે છે. કેસરી અને લાલ રંગના પરંપરાગત પોશાકમાં સજ્જ ભક્તો હાથમાં ભગવા ધ્વજ લહેરાવીને લીન થઈને નૃત્ય કરી રહ્યા છે.""""બી. પ્રાક એ જણાવ્યું હતું કે,"ઘણાં વર્ષોથી મારી દિલથી ઇચ્છા હતી કે હું બજરંગબલીજી માટે કંઈક બનાવું અને ગાઉં. શ્રી કષ્ટભંજન દેવ સાળંગપુર ધામની અસીમ કૃપાથી મારી આ ઇચ્છા 'કિંગ ઓફ સાળંગપુર' ફિલ્મ દ્વારા પૂર્ણ થઈ છે. મારું આ ગુજરાતી ભજન 'જય હનુમાન' આપ સૌના હૃદયમાં ભક્તિનો દીવો પ્રગટાવશે. આગામી ૨૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ આ ભવ્ય ફિલ્મ સિનેમાઘરોમાં આવી રહી છે, તો આપ સૌ જરૂરથી આ ફિલ્મ જુઓ અને આ ભજન સાંભળો — જય શ્રી રામ, રાધે રાધે!" "સંજય પ્રજાપતિ દ્વારા લિખિત અને પ્રશાંત દેશાવલ દ્વારા નિર્દેશિત આ ભક્તિપ્રધાન ફિલ્મમાં આકાશ પંડ્યા, આર.જે. સલોની, ભૂષણ ભટ્ટ, ભાવિન, મયૂર કુમાર, સાગર પંચાલ, હરિકૃષ્ણ દવે, ભરત ઠક્કર, હેતલ બારોટ, કલ્પેશ પટેલ, નિહારિકા દવે, મીત, અતુલ પ્રજાપતિ, પ્રથમ, પરેશ શુક્લા અને મહેશ કોટેચા જેવા પ્રતિભાશાળી કલાકારોએ મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. નિર્માતા ધ્રુવ દેશાવલ, અમિત સંતોકી, ચેતન થુમ્મર, આનંદ અઘારા, હાર્દિક પટેલ અને સહ-નિર્માતા મોહિત વઘાસિયાના આ ભવ્ય પ્રોજેક્ટને લઈને સમગ્ર સિનેમા જગત અને પ્રેક્ષકોમાં ભારે અપેક્ષાઓ સેવાઈ રહી છે.""ગુજરાતી સિનેમાના ઇતિહાસમાં એક અમર ગાથા બની રહે તેવા ભવ્ય સ્કેલ પર નિર્મિત આ ફિલ્મ દેશભરના સિનેમાઘરોમાં આગામી ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રજૂ થવા જઈ રહી છે. આ ફિલ્મને વિદેશમાં ઓએમજી પિક્ચર્સ દ્વારા રિલીઝ કરવામાં આવશે. 'જય સાળંગપુર દાદા!' ના નાદ સાથે દર્શકોમાં ફિલ્મ અને તેના ગીતને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાનનું ૩ વર્ષનાં ડેટિંગ બાદ બ્રેક અપ

મુંબઈ, તા.૦૨

સૈફ અલી ખાન અને અમૃતાસિંહના પુત્ર ઈબ્રાહિમે ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની પુત્રી પલક તિવારી સાથે ત્રણ વર્ષ ડેટિંગ કર્યા બાદ બ્રેક અપ કરી નાંખ્યું હોવાનું જાણવા મળ્યું છે. જો કે, ઈબ્રાહિમ કે પલકે આ મામલે કશો ફોડ પાડયો નથી. પરંતુ, ચર્ચા એવી છે કે ઈબ્રાહિમે જ બ્રેક અપનો નિર્ણય કર્યો છે.પચ્ચીસ વર્ષનો ઈબ્રાહિમ અલી ખાન અને ૨૬ વર્ષની પલક તિવારી ત્રણ વર્ષથી એકમેકને ડેટ કરતાં હતા. આ મહિનાની શરૂઆતમાં જ તેઓ બંને રણથંભોરમાં ટાઈગર સફારીની મોજ માણવા સાથે ગયા હતા. અચાનક બ્રેક અપ થયું છે પણ બંનેમાંથી કોઈ આ મામલે ફોડ પાડીને વાત કરતાં નથી તેનું કારણ એવું છે કે ઈબ્રાહિમનો એક સેલેબ ટોક શો આવી રહ્યો છે. ઈબ્રાહિમના અપિયરન્સ પર બ્રેક અપના સમાચારની કોઈ પ્રતિકૂળ અસર ન પડે તે માટે હાલ બંને જણાં ચૂપ હોવાનું મનાય છે. એક ચર્ચા મુજબ પલક અને ઈબ્રાહિમ સાથે એક ફોટોશૂટ કરવાનાં હતાં તે હવે કેન્સલ કરી દેવામાં આવ્યું છે.

CSKનો મોટો દાવ: મિની ઓક્શન પહેલાં વ્યૂહનીતિમાં મોટો ફેરફાર

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ-૨૦૨૭)ની નાની હરાજી પહેલા પાંચ વખત ચેમ્પિયન બની ચૂકેલી ચેન્નાઈ સુપર કિંગ્સ (ઝજીદ્ધ) ટીમમાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. ફ્રેન્ચાઈઝી પોતાના બે સૌથી મોંઘા ખેલાડીઓમાંથી એકને રિલીઝ કરવા પર વિચાર કરી રહી છે, જેમાં ઉત્તર પ્રદેશના ૨૦ વર્ષીય ઓલરાઉન્ડર પ્રશાંત વીરનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

ગયા વર્ષે અબુ ધાબીમાં યોજાયેલી હરાજીમાં ચેન્નાઈ સુપર કિંગ્સે પ્રશાંત વીર અને રાજસ્થાનના વિકેટકીપર-બેટ્સમેન કાર્તિક શર્મા બંનેને ૧૪.૨ કરોડ રૂપિયાની સમાન રકમ ચૂકવીને ટીમમાં સામેલ કર્યા હતા. જોકે, મેદાન પર બંને ખેલાડીઓના દેખાવમાં મોટો તફાવત જોવા મળ્યો હતો.

ડાબોડી સ્પિન ઓલરાઉન્ડર પ્રશાંત વીરને ગત સિઝનમાં ૬ મેચ રમવાની તક મળી હતી, જેમાં તેણે ૫ ઈનિંગ્સમાં માત્ર ૯૦ રન બનાવ્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ૪૩ રન તેનો શ્રેષ્ઠ સ્કોર રહ્યો હતો, જ્યારે બોલિંગમાં તેને એક પણ વિકેટ મળી નહોતી. ભારે કિંમત સામે આ પ્રદર્શન અપેક્ષા મુજબનું ન હોવાથી ટીમ મેનેજમેન્ટ નિરાશ જણાય છે.

બીજી તરફ, ૨૦ વર્ષીય કાર્તિક શર્માએ પોતાની ડેબ્યૂ સિઝનમાં પ્રભાવશાળી રમત બતાવી હતી. તેણે ૧૧ મેચમાં ૩૨.૭૭ ની એવરેજથી ૨૯૫ રન ફટકાર્યા હતા, જેમાં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) સામે ૭૧ રનની શાનદાર ઈનિંગ્સ સામેલ હતી. મિડલ ઓર્ડરમાં તેના ભરોસાપાત્ર પ્રદર્શનને જોતાં CSK તેને ટીમમાં જાળવી રાખે તેવી પૂરી શક્યતા છે.

ચેન્નાઈએ હજુ સુધી કોઈ ખેલાડી અંગે આખરી નિર્ણય લીધો નથી. રિપોર્ટ મુજબ, ટીમ પ્રશાંત વીરને સાવ ગુમાવવા નથી માગતી, પરંતુ ડિસેમ્બરમાં યોજાનારી હરાજી માટે પોતાની પાસે રહેલું ફંડ વધારવા માગે છે. અત્યારે ઝજીદ્ધના પર્સમાં ૨.૪ કરોડ રૂપિયા બચ્યા છે, જે નિયમ મુજબ વાર્ષિક ૫ કરોડ રૂપિયાના વધારા પછી ૭.૪ કરોડ રૂપિયા થશે. હરાજી માટે વધુ રકમ એકઠી કરવા ટીમ પ્રશાંત વીરને રિલીઝ કરી શકે છે અને ત્યાર બાદ હરાજીમાં ઓછા ભાવે તેને ફરી ખરીદવાનો પ્રયાસ કરી શકે છે.

પ્રાઈમ વોલીબોલ લીગની પાંચમી સીઝન ૩૦ નવેમ્બરથી અમદાવાદમાં યોજાશે



પ્રાઈમ વોલીબોલ લીગ (પીવીએલ) તેની ઐતિહાસિક પાંચમી સીઝનનું આયોજન અમદાવાદમાં કરવા જઈ રહી છે. ૩૦ નવેમ્બર, ૨૦૨૬થી નારણપુરા સ્થિત વિર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શરૂ થનારી આ પ્રતિષ્ઠિત લીગ એક મહિના સુધી ચાલશે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભારતના અગ્રણી વોલીબોલ ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે સ્પર્ધા કરશે. દેશભરમાં પ્રોફેશનલ વોલીબોલની લોકપ્રિયતા અને પહોંચ વધારવાના લીગના સતત પ્રયાસોને આ સીઝન વધુ મજબૂતી આપશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અમદાવાદ દેશના અગ્રણી રમતગમતના કેન્દ્ર તરીકે પોતાની ઓળખ વધુ મજબૂત બનાવી રહ્યું છે. શહેરમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ ચાલી રહી છે તેમજ ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સના યજમાન બનવાની મહત્ત્વાકાંક્ષા સાથે વિશ્વસ્તરીય રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવી રહ્યું છે. શહેરના આંતરરાષ્ટ્રીય રમતગમતના માળખાનો મહત્વપૂર્ણ ભાગ એવા વિર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ભારતની અગ્રણી પ્રોફેશનલ વોલીબોલ લીગનું આયોજન થવું અમદાવાદ માટે ગૌરવની બાબત છે.

પ્રાઈમ વોલીબોલ લીગની શરૂઆતથી જ દરેક સીઝનનું આયોજન અલગ-અલગ શહેરોમાં કરવામાં આવ્યું છે, જેથી દેશના વધુમાં વધુ પ્રેક્ષકો સુધી વોલીબોલને પહોંચાડી શકાય અને રમતની લોકપ્રિયતા વધારી શકાય. પાંચમી સીઝન એવા સમયે યોજાઈ રહી છે જ્યારે ભારતીય વોલીબોલને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સતત માન્યતા મળી રહી છે. આ વર્ષે ફેડરેશન ઈન્ટરનેશનલ દ વોલીબોલ (એફઆઈવીબી) દ્વારા પ્રાઈમ વોલીબોલ લીગને ભારતની પ્રથમ ડિવિઝન પ્રોફેશનલ વોલીબોલ લીગ તરીકે માન્યતા આપવામાં આવી છે. બીજી તરફ, ભારતીય પુરુષ વોલીબોલ ટીમે ૨૦૨૬ એશિયન ગેમ્સ, છફઝ કોન્ટિનેન્ટલ કપ, જાપાન અને અમદાવાદમાં યોજાયેલા એવીસી મેન્સ કપ સહિતની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શનના આધારે એફઆઈવીબીરેંકિંગમાં વિશ્વ ક્રમાંક ૬૦થી વિશ્વ ક્રમાંક ૪૨ સુધીની નોંધપાત્ર છલાંગ લગાવી છે.


પ્રાઈમ વોલીબોલ લીગના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) જોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, "પાંચમી સીઝનને અમદાવાદમાં લાવવું સમગ્ર ભારતમાં પ્રોફેશનલ વોલીબોલને વધુ વિકસાવવાની અમારી યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે. દરેક સીઝનમાં લીગને અલગ-અલગ શહેરોમાં લઈ જવાનો અમારો નિર્ણય નવા પ્રેક્ષકો સુધી પહોંચવા અને રમતની લોકપ્રિયતા વધારવાના હેતુથી લેવામાં આવ્યો છે. અમદાવાદની વધતી રમતગમતની મહત્ત્વાકાંક્ષા અને ભારતીય પુરુષ વોલીબોલ ટીમની આંતરરાષ્ટ્રીય સફળતાને ધ્યાનમાં રાખતા, આ શહેરમાં પીવીએલ લાવવા માટે આ યોગ્ય સમય છે."

અમદાવાદમાં લીગના આયોજન અંગે ઉત્સાહ વ્યક્ત કરતાં અમદાવાદ ડિફેન્ડર્સના માલિક પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, "અમદાવાદમાં પ્રાઈમ વોલીબોલ લીગનું સ્વાગત કરતાં અમને અત્યંત ગૌરવની લાગણી થાય છે. શહેર મોટા આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજનો માટે તૈયાર થઈ રહ્યું છે અને વિશ્વસ્તરીય રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. આવા સમયે વિર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પીવીએલ નું આયોજન શહેરની રમતગમતની ક્ષમતાને રજૂ કરવાની વધુ એક ઉત્તમ તક છે. દેશભરમાંથી આવનારી તમામ ટીમો અને રમતપ્રેમીઓનું સ્વાગત કરવા માટે અમે આતુર છીએ."

બેઝલાઈન વેન્ચર્સના મેનેજિંગ ડિરેક્ટર અને સહ-સ્થાપક તેમજ પ્રાઈમ વોલીબોલ લીગના ડિરેક્ટર તુહિન મિશ્રાએ જણાવ્યું હતું કે, "એફઆઈવીબી તરફથી મળેલી માન્યતા અને ભારતીય પુરુષ વોલીબોલ ટીમની આંતરરાષ્ટ્રીય સફળતાને કારણે ભારતમાં વોલીબોલને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રોફેશનલ વોલીબોલનું મજબૂત ઈકોસિસ્ટમ વિકસાવવું, ભારતીય ખેલાડીઓ માટે વધુ તકો ઊભી કરવી અને રમતની પહોંચ વધારવી એ અમારું મુખ્ય લક્ષ્ય છે. આ યાત્રામાં અમદાવાદનું જોડાવું અમારા માટે અત્યંત ઉત્સાહજનક છે."

સતત કામના દબાણ વચ્ચે ગૌતમ ગંભીરનું દર્દ છલકાયું

હું ગોળી ખાવા પણ તૈયાર છું, પરંતુ ડરતો નથી



હેમિલ્ટન, તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ફરી એકવાર પોતાના બેબાક નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણી પૂર્ણ થયા બાદ ગંભીરએ સતત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડર અને માનસિક થાક અંગે ખુલીને વાત કરી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે સતત કામને કારણે તેઓ માનસિક રીતે થાક અનુભવે છે, પરંતુ દબાણ સામે ઝૂકવા તૈયાર નથી. ગંભીરએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ ગમે તેટલું દબાણ સહન કરવા અને જરૂર પડે તો ગોળી ખાવા માટે પણ તૈયાર છે.

૧ નવેમ્બરના રોજ હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે રમાયેલી પાંચમી ૨૦ મેચ બાદ પત્રકારો સાથે વાતચીત દરમિયાન ગંભીરએ જણાવ્યું હતું કે તેમની ડિક્શનરી અને વિચારધારામાં ડર નામના શબ્દ માટે કોઈ સ્થાન નથી. અમે પ્રોફેશનલ છીએ અને બહાનાં બનાવવામાં માનતા નથી.

માનસિક થાક અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે, હા, ઈમાનદારીથી કહું તો મેં માનસિક થાક અનુભવ્યો છે, પરંતુ તેને સંભાળવા માટે હું પૂરતો મજબૂત છું. હું ગમે તેટલું દબાણ સહન કરી શકું છું અને ગોળી ખાવા માટે પણ તૈયાર છું.

ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ગંભીર માટે વર્ષ ૨૦૨૬ વ્યસ્ત રહ્યું છે. અત્યાર સુધી તેઓ ૧૨ શ્રેણીમાં કોચિંગની જવાબદારી સંભાળી ચૂક્યા છે. ભારતીય ટીમના ત્રણેય ફોર્મેટ સાથે જોડાયેલી જવાબદારીઓના કારણે તેમને લાંબો આરામ મળ્યો નથી.

ખેલાડીઓના વર્કલોડ મેનેજમેન્ટ માટે અલગ-અલગ ફોર્મેટમાં આરામની વ્યવસ્થા કરવામાં આવે છે, પરંતુ મુખ્ય કોચ તરીકે ગંભીરને સતત ટીમ સાથે જોડાયેલા રહેવું પડે છે. એશિયન ગેમ્સ દરમિયાન વીવીએસ લક્ષ્મણ ભારતીય ૨૦ ટીમ સાથે જોડાયેલા હતા ત્યારે ગંભીર વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણાની વનડે શ્રેણીની જવાબદારી સંભાળી રહ્યા હતા.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન ભારતીય ટીમના યુવા ખેલાડીઓએ કરેલા પ્રદર્શનની પણ ગંભીરએ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ટીમના ઘણા ખેલાડીઓ પ્રથમ વખત ન્યૂઝીલેન્ડના પ્રવાસે આવ્યા હતા. લાંબી મુસાફરી બાદ સ્થાનિક પરિસ્થિતિમાં તાલમેલ સાધવા અને પ્રેક્ટિસ માટે તેમને માત્ર એક દિવસનો સમય મળ્યો હતો. આટલી ઓછી તૈયારી છતાં ન્યૂઝીલેન્ડ જેવી મજબૂત ટીમ સામે ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું તે પ્રશંસનીય છે. આ સફળતાનો શ્રેય ખેલાડીઓને જવો જોઈએ તેમ ગંભીરએ જણાવ્યું હતું.

૨૦ શ્રેણી બાદ ભારતીય ટીમ સામે ન્યૂઝીલેન્ડ સામે પાંચ વનડે અને બે ટેસ્ટ મેચની આગામી શ્રેણીનો પડકાર રહેશે. આ શ્રેણીઓમાં પણ મુખ્ય કોચ તરીકે ગંભીરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે. સતત પ્રવાસ, ત્રણેય ફોર્મેટની જવાબદારી અને પરિણામ આપવાનું દબાણ વચ્ચે ગંભીરના માનસિક થાક અંગેના નિવેદનથી ભારતીય ક્રિકેટમાં કોચના વર્કલોડ અને આરામના મુદ્દે નવી ચર્ચા શરૂ થઈ છે.

ગિલે ઈડન પાર્કમાં ત્રણ કલાક પ્રેક્ટિસ કરી

ભારતના કેપ્ટન શુભમન ગિલે સોમવારે ઓકલેન્ડના ઈડન પાર્કમાં લગભગ ત્રણ કલાક અભ્યાસ કર્યો. તેમણે બેટિંગ, ફિલ્ડિંગ અને કેચિંગ પર કામ કર્યું.

બીજી તરફ, વિરાટ કોહલીએ મેદાન પર જિમ સેશન કર્યું, પરંતુ બેટિંગ અને ફિલ્ડિંગના અભ્યાસમાં ભાગ લીધો નહીં. રોહિત શર્મા અને ઋતુરાજ ગાયકવાડ પણ નેટ્સ પર આવ્યા નહોતા. ભારતીય ટીમ મંગળવારે સાથે મળીને અભ્યાસ કરશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ૫ મેચોની વનડે શ્રેણી ૪ નવેમ્બરથી શરૂ થશે. ગિલે રવિવારે અભ્યાસ સત્રમાં ભાગ લીધો નહોતો. તેથી સોમવારે સવારે તેમણે પોતાનો વર્કલોડ પૂર્ણ કરવા માટે લાંબું નેટ સેશન કર્યું. તેમણે શરૂઆત હળવા થ્રોડાઉનથી કરી. ત્યારબાદ સ્પિન બોલિંગ કોચ સૈરાજ બહુતુલે સાથે લાંબા સમય સુધી ફિલ્ડિંગનો અભ્યાસ કર્યો.

ઝડપી બોલર અંશુલ કંબોજ, ગુરનૂર બરાર અને આકીબ નબીને સોમવારના અભ્યાસમાંથી આરામ આપવામાં આવ્યો. ત્રણેયે એક દિવસ અગાઉ લાંબા સ્પેલ કર્યા હતા. ગિલ અને કેએલ રાહુલને બેટિંગનો અભ્યાસ કરાવવા માટે સ્થાનિક સ્પિનરો અને ઝડપી બોલરોએ બોલિંગ કરી.

અભ્યાસનો મોટાભાગનો હિસ્સો સેન્ટર વિકેટ પર થયો. વિકેટકીપર-બેટર કેએલ રાહુલે સૌપ્રથમ દયાનંદ ગરાની અને નુવાન સેનિવિરત્નેના આશરે ૧૫ મિનિટ સુધીના થ્રોડાઉન પકડ્યા. ત્યારબાદ તેમણે પેડ પહેરીને ગિલ સાથે બેટિંગનો અભ્યાસ કર્યો.

અભ્યાસ દરમિયાન સ્ક્વેર બાઉન્ડ્રી પાસે રસ્તા પર કેટલાક દર્શકો એકઠા થયા હતા. તેઓ સતત ગિલને અવાજ લગાવીને ઓટોગ્રાફ માંગી રહ્યા હતા. એક પ્રશંસકે પોતે પંજાબના મોગાનો હોવાનું જણાવીને ગિલને ઓટોગ્રાફ આપવા અપીલ કરી. દર્શકોએ કેએલ રાહુલના નામના નારા પણ લગાવ્યા હતા. ગિલે દિવસનું સૌથી લાંબું બેટિંગ અભ્યાસ સત્ર પૂરું કર્યા બાદ કેચિંગ ડ્રિલ કરી. તેમણે પહેલા સ્લિપમાં કેચ પકડવાની પ્રેક્ટિસ કરી. ત્યારબાદ બાઉન્ડ્રી રોપ પાસે અલગ-અલગ પોઝિશન પરથી કેચ પકડ્યા.

ગિલ અને અભ્યાસ કરનારા ખેલાડીઓ હોટેલ પરત ફર્યા ત્યારે ભારતીય વનડે ટીમના બાકીના સભ્યો હેમિલ્ટનથી ઓકલેન્ડ પહોંચવાના હતા. હેમિલ્ટનમાં ભારતે પાંચમી ટી-૨૦ મેચ રમી હતી. ભારતીય ટીમ મંગળવારે બપોરે એકસાથે અભ્યાસ કરશે, જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમ સવારના સત્રમાં ટ્રેનિંગ કરશે. ટીમ સવારના સત્રમાં ટ્રેનિંગ કરશે.

અફઘાનિસ્તાને પહેલીવાર હોંગકોંગ સિક્સિસનું ટાઇટલ જીત્યું



અફઘાનિસ્તાને રવિવારે ઑસ્ટ્રેલિયાને ૪ વિકેટે હરાવીને પહેલીવાર હોંગકોંગ સિક્સિસનું ટાઇટલ જીત્યું. હોંગકોંગમાં રમાયેલી ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાએ ૬ ઓવરમાં ૧૧૫ રન બનાવ્યા.

અફઘાનિસ્તાને ૫.૧ ઓવરમાં ૧૧૯/૨ રન બનાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. ઇમરાન મીરે ૧૪ બોલમાં અણનમ ૫૩ અને ફરમાનુલ્લાહ સફીએ ૭ બોલમાં અણનમ ૨૬ રન બનાવ્યા.

ઇમરાને ૭ છગ્ગા ફટકાર્યા, જ્યારે ફરમાનુલ્લાહે ૪ છગ્ગા ફટકાર્યા. બંનેએ અણનમ ભાગીદારી કરીને અફઘાનિસ્તાનને ૪ વિકેટે જીત અપાવી.

ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ૬ ઓવરમાં ૧૧૫ રન બનાવ્યા. મેક્સ બ્રાયન્ટે ૧૪ બોલમાં ૪૪ રનની ઇનિંગ્સ રમી. નિક હોબ્સને ૮ બોલમાં ૨૩ અને એલેક્સ રોસે ૧૦ બોલમાં અણનમ ૨૯ રન બનાવ્યા. અફઘાનિસ્તાન તરફથી નાંગેલિયા ખાને અને કરીમ જનતે ૧-૧ વિકેટ લીધી.

૧૧૬ રનના ટાર્ગેટને ચેઝ કરતા અફઘાનિસ્તાને ૫.૧ ઓવરમાં ૨ વિકેટે ૧૧૯ રન બનાવીને જીત મેળવી. ઇમરાન મીરે ૧૪ બોલમાં અણનમ ૫૩ અને ફરમાનુલ્લાહ સફીએ ૭ બોલમાં અણનમ ૨૬ રન બનાવ્યા. બંનેએ મળીને ટીમને ઐતિહાસિક જીત અપાવી.

હોંગકોંગ સિક્સેસ ૨૦૨૬ ટુર્નામેન્ટની ૨૨મી સીઝન હતી. તે ૩૦ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી હોંગકોંગના મોંગ કોક સ્થિત મિશન રોડ ગ્રાઉન્ડ પર રમાઈ હતી. ત્રણ દિવસ ચાલેલી આ ટુર્નામેન્ટમાં ૧૨ દેશોની ટીમે ભાગ લીધો હતો.

પંતને ફિટનેસ સાબિત કરવાની વધુ એક તક



ન્યૂઝીલેન્ડ પ્રવાસે જતા પહેલાં પંતને પોતાની ફિટનેસ સાબિત કરવાની વધુ એક તક મળશે. રવિવારે બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સલન્સ (CoE) ખાતે યોજાયેલી પ્રથમ ફિટનેસ ટેસ્ટમાં તેઓ પાસ થઈ શક્યા નહોતા. હવે મેડિકલ સ્ટાફ આગામી બે દિવસમાં તેમનો ફરીથી ટેસ્ટ લેવાની તૈયારી કરી રહ્યો છે.

ઓક્ટોબરની શરૂઆતમાં ઈરાની કપ દરમિયાન પંતને સાઇડ સ્ટ્રેનની ઈજા થઈ હતી. સાઇડ સ્ટ્રેનમાં શરીરના પેટ અને પાંસળીઓની આસપાસની માંસપેશીઓમાં ખેંચાણ આવી જાય છે. ૨૩ ઓક્ટોબરથી તેમણે બેટિંગ અને વિકેટકીપિંગની પ્રેક્ટિસ શરૂ કરી છે.

જો પંત બીજી ટેસ્ટમાં ફિટ જાહેર થાય છે, તો તે ન્યૂઝીલેન્ડના લિંકનમાં ૭ નવેમ્બરથી શરૂ થનારી ભારત-છ અને ન્યૂઝીલેન્ડ-છ વચ્ચેની ત્રીજી ચાર દિવસીય મેચ સાથે જોડાઈ શકે છે. ત્યારબાદ તે ૧૯ નવેમ્બરથી શરૂ થનારી ભારતની પ્રથમ ટેસ્ટ માટે પણ ઉપલબ્ધ રહેશે.

પંત શરૂઆતની બે મેચોમાંથી બહાર થયા બાદ પસંદગીકારોએ અનકેપ્ડ વિકેટકીપર બેટ્સમેન કુમાર કુશાગ્રને ભારત-છ ટીમમાં સામેલ કર્યા હતા. અનકેપ્ડ ખેલાડીનો અર્થ એવો ક્રિકેટર થાય છે, જેણે હજુ સુધી આંતરરાષ્ટ્રીય મેચ રમી ન હોય.

જોકે, શરૂઆતની બંને મેચોમાં કુશાગ્રને રમવાની તક મળી નહોતી. ટીમની કમાની કરી રહેલા ધ્રુવ જુરેલે જ વિકેટકીપિંગની જવાબદારી સંભાળી હતી. ન્યૂઝીલેન્ડ સામેની મુખ્ય ટેસ્ટ ટીમમાં પણ જુરેલ સામેલ છે. તેથી પંત ફિટ ન થાય તો ભારત પાસે વિકેટકીપિંગનો વિકલ્પ રહેશે.

ઝડપી બોલર જસપ્રીત બુમરાહ રવિવારે ન્યૂઝીલેન્ડ માટે રવાના થઈ ગયા. તેમના ભારત-છના ત્રીજા ચાર દિવસીય મુકાબલામાં રમવાની આશા છે. બુમરાહે ઓક્ટોબરની શરૂઆતમાં એશિયન ગેમ્સની ફાઇનલ બાદથી કોઈ મેચ રમી નથી.

ન્યૂઝીલેન્ડ જતાં પહેલાં તેઓ બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સમાં રમવા માટે તૈયાર થવાની પ્રક્રિયામાંથી પસાર થયા. આ પહેલાં અમદાવાદમાં પણ તેઓ અભ્યાસ કરી રહ્યા હતા.

વાયાસેટ દ્વારા 'સ્પેસ ફોર ગુડ ઈન્ડિયા ચેલેન્જ ૨૦૨૬'ના વિજેતાની જાહેરાત

વાયાસેટ ઈંક. (Viasat Inc.) દ્વારા ભારતીય રાષ્ટ્રીય અવકાશ પ્રમોશન અને અધીકાર કેન્દ્રની વ્યૂહાત્મક ભાગીદારીમાં આયોજિત ફ્લેગશિપ જ્ઞઈસ ઈનોવેશન સ્પર્ધા 'વાયાસેટઃ સ્પેસ ફોર ગુડ ઈન્ડિયા ચેલેન્જ ૨૦૨૬'ના વિજેતા તરીકે ખડગપુરના આદિત્ય ઉપ્પલની પસંદગી કરવામાં આવી છે. IIT ગાંધીનગરના શશાંક કુમાર સિંહ (IIT ગાંધીનગરમાં બાયોલોજિકલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના રૂઢ સંશોધક, મૂળ લખનૌના) અને રૂરકીના આર્યન ગુપ્તા (રૂરકીમાં મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રી-ફાઇનલ વર્ષના વિદ્યાર્થી, મૂળ નવી દિલ્હીના) ને તેમની નવીન કલ્પનાઓ માટે અનુક્રમે બીજું અને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે.

વાયાસેટઃ સ્પેસ ફોર ગુડ ઈન્ડિયા ચેલેન્જ ૨૦૨૬ ના વિજેતા આદિત્ય ઉપ્પલે જણાવ્યું હતું કે, "હું સ્પેસ ક્ષેત્ર અને તેમાં રહેલી અસીમ શક્યતાઓ અને તકોથી આકર્ષયિલો છું. હું સ્પેસ ડેબ્રિસ (અવકાશી કચરા) ને લગતી સમસ્યાઓ પર કામ કરી રહ્યો હતો, જેણે મને આજે અથડામણ નિવારણને સ્વચાલિત (ર્ટ્રેઢ્ઢઠ્ઠી) કરવાનો પ્રયાસ કરવાનો માર્ગ આપ્યો. વાયાસેટઃ સ્પેસ ફોર ગુડનો અનુભવ ખરેખર ઉત્સાહજનક હતો. આણે મને ઘણી બધી બાબતો પર એક નવો દ્રષ્ટિકોણ આપ્યો, જેમાં મારા વિચારોને કેવી રીતે ઘડવા અને રજૂ કરવા તેમજ અલગ એંગલથી સમસ્યાઓને કેવી રીતે જોવી તેનો સમાવેશ થાય છે. ૨૦૨૬ ની ચેલેન્જ જીતવી અને મારી સખત મહેનતનું પરિણામ મળતું જોવું ખરેખર અદ્ભુત અનુભવ છે."

આ વિજેતા કોન્સેપ્ટે સેટેલાઇટ-સક્ષમ ટેક્નોલોજીની પરિવર્તનકારી ક્ષમતા પ્રદર્શિત કરનાર છ ફાઇનલિસ્ટ પ્રોજેક્ટ્સ વચ્ચે શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું હતું. આ વર્ષના ફાઇનલિસ્ટ્સે AI-આધારિત ઓર્બિટલ ડેબ્રિસ નિવારણ અને સેટેલાઇટ-આધારિત આપત્તિ ચેતવણી પ્રણાલીઓથી લઈને સ્પેસમાંથી પાકની તંદુરસ્તીનું નિરીક્ષણ અને કુદરતી આપત્તિઓ માટે રચાયેલ કટોકટી સંચાર ઉકેલો સુધીના વિવિધ પડકારો પર કામ કર્યું હતું.

વાયાસેટ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ગૌતમ શર્માએ જણાવ્યું હતું કે, "આ વર્ષની વાયાસેટઃ સ્પેસ ફોર ગુડ ઈન્ડિયા ચેલેન્જ દ્વારા દર્શાવવામાં આવેલા વિચારો ભારતના વિદ્યાર્થી સમુદાયમાંથી ઉભરી રહેલી અદ્ભુત ચાતુર્ય અને ઉદ્દેશ્યપૂર્ણ નવીનતા પ્રદર્શિત કરે છે. આ ફાઇનલિસ્ટ્સે માત્ર ટેક્નોલોજીથી આગળ વધીને એ વાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે કે સ્પેસ-સક્ષમ સોલ્યુશન્સ લોકો, સમુદાયો અને ઉદ્યોગો સામેના વાસ્તવિક પડકારોને કેવી રીતે હલ કરી શકે છે. વાયાસેટમાં, અમે માનીએ છીએ કે કનેક્ટિવિટી અને ટેક્નોલોજી સુધીની પહોંચ માનવ ક્ષમતાઓને અનલોક કરી શકે છે, અને આ ચેલેન્જ કાર્યમાં એ જ વિઝનને પ્રતિબિંબિત કરે છે. વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગના નિષ્ણાતો અને ભારતના વધતા જતા સ્પેસ ઈકોસિસ્ટમના નેતાઓને એકસાથે લાવીને, અમે ઈનોવેટર્સની આગામી પેઢીને તૈયાર કરવામાં મદદ કરી રહ્યા છીએ જેઓ સાર્થક અને સ્થાયી અસર ઊભી કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરશે."

મુખ્ય અતિથિ શ્રી શશાંક મણિ ત્રિપાઠી (માનનીય સાંસદ, દેવરિયા, ઉત્તર પ્રદેશ) એ જણાવ્યું હતું કે, "હું ટેક્નોલોજીને માનવજાતના ભલા માટે જોઈ રહ્યો છું. સ્પેસ ફોર ગુડ એ યુવા ઉર્જા દ્વારા રાષ્ટ્ર નિર્માણનું એક સ્પષ્ટ આહ્વાન છે, જ્યાં દરેક વ્યક્તિનો વિકાસ થાય છે અને રાષ્ટ્રનો વિકાસ થાય છે. ટેક્નોલોજીનો સાચો હેતુ સમાવેશી ઉત્પાદકતા વધારવાનો અને દેશના દરેક ખૂણા સુધી વિકાસ પહોંચાડે તે સુનિશ્ચિત કરવાનો છે. આપણા રાષ્ટ્ર માટે આ તબક્કે આ અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે આપણે રાષ્ટ્ર નિર્માણના ૨૫ વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા એક શ્રેષ્ઠ દેશ બનાવવાની ઈચ્છા જ આપણને સૌને સાથે લાવે છે."

મુખ્ય અતિથિ શ્રી અનિલ કુમાર લાહોટી (ચેરમેન, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા - TRAI) એ જણાવ્યું હતું કે, "આ વાયાસેટઃ સ્પેસ ફોર ગુડ પહેલ એક સ્પર્ધા કરતાં પણ કંઈક વધુ મહત્વપૂર્ણ બાબતનું પ્રતિનિધિત્વ કરે છે. તે યુવા મનને નવી શક્યતાઓની કલ્પના કરવા અને સ્પેસ ટેક્નોલોજી વાસ્તવિક દુનિયાની સમસ્યાઓને કેવી રીતે હલ કરી શકે છે તે શોધવા માટે એક મંચ પૂરું પાડે છે. ટેકનોલોજીકલ પ્રગતિનું સાચું મૂલ્ય માત્ર તેની જટિલતામાં નહીં, પરંતુ માનવ જીવનને સુધારવાની તેની ક્ષમતામાં રહેલું છે. નાના ઉપગ્રહો, ખાસ કરીને નેનોસેટેલાઇટ્સ અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સમાં ટેકનોલોજીકલ ઇનોવેશન નેક્સ્ટ-જનરેશન સેટેલાઇટ ક્ષમતાઓને આગળ ધપાવશે, ઉદ્યોગોમાં કનેક્ટિવિટી સક્ષમ કરશે અને પય તથા આગામી ૬ય ક્ષમતાઓને સશક્ત બનાવશે."

શ્રીમતી મીનાક્ષી લેખી (ભારત સરકારના પૂર્વ વિદેશ અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી), શ્રી રોબર્ટ જે. રવિ (BSNL ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર), શ્રી રાહુલ શર્મા (USIBC ના મેનેજિંગ ડિરેક્ટર) એ પણ દિવસ દરમિયાન ફાઇનલિસ્ટ પ્રેઝન્ટેશનમાં હાજરી આપી હતી.

BSNL ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રોબર્ટ જે. રવિએ જણાવ્યું હતું કે, "દરેક પરિવર્તન નાગરિકોના જીવનને સ્પર્શવું જોઈએ. સ્પેસ સૌના માટે સમાન છે, અને આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે સ્પેસમાંથી આવતો ડેટા સામાન્ય ભલા માટે શેર કરવામાં આવે અને સાથે જ ડેટા સુરક્ષિત રહે તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ. સ્પેસનું સાચું માનવ મૂલ્ય જીવન બચાવવાની તેની ક્ષમતામાં છે, ત્યારે પણ જ્યારે પરંપરાગત નેટવર્ક નિષ્ફળ જાય. વિદ્યાર્થીઓએ આ પ્રયાસોમાં યોગદાન આપવું જોઈએ, અને ઓપરેટરો તરીકે અમે અમારા નાગરિકોના ભલા માટે આને સાથે મળીને આગળ વધારવા માટે હંમેશા તૈયાર છીએ."

વારાણસી ખાતે યોજાયેલા વિશ્વ સંવાદમાં આધુનિક પડકારો માટે પ્રાચીન જ્ઞાનની પ્રસ્તુતતા પર ભાર મૂકતા ડૉ. પ્રીતિ અદાણી

અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડૉ. પ્રીતિ અદાણીએ સોમવારે વારાણસીમાં "આધુનિક પડકારો માટે પ્રાચીન શાણપણ" વિષય પર યોજાયેલા વિશ્વ પરિસંવાદના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય સંબોધન કરતા જણાવ્યું હતું કે પૌરાણિક શાણપણ વર્તમાન સમસ્યાઓ સાથે સંકળાયેલું હોવું જોઈએ જે જીવન સુધારવામાં મદદ કરે છે.



તેમણે જણાવ્યું હતું કે "પૂરાતન ડહાપણ માત્ર એટલા માટે મૂલ્યવાન નથી કે તે પ્રાચીન છે. પરંતુ આપણે જ્યારે સમકાલીન સમસ્યાઓ સાથે તેની સુસંગતતા શોધીએ છીએ ત્યારે તે મૂલ્યવાન બને છે," તેમણે સભ્યતા જ્ઞાનને સાચવવા અને દુઃખ, અસમાનતા અને સંઘર્ષને ઉકેલવા માટે તેને લાગુ કરવાની હાકલ કરી હતી. "દુનિયાને બદલવાની જ્ઞાન આપણને શક્તિ આપે છે. તો શાણપણ આપણે તેને વધુ સારા માટે બદલીએ છીએ તેની આપણને ખાતરી આપે છે."એમ તેમણે કહ્યું હતું.

ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલ અને માનવ વિકાસ પરના તેમના વિચારો, જેમના ઉપદેશો દુઃખને સંબોધતા હતા એ ભગવાન બુદ્ધ અને પ્રાચીન ચીની ફિલોસોફર કન્ફ્યુશિયસ કે જેમના ઉપદેશો નૈતિક આચરણ, નૈતિક જવાબદારી અને સામાજિક સંવાદિતા પર ભાર મૂકતા હતા તેઓની ફિલસૂફીનો ઉલ્લેખ કરી તેમણે આ મહાન વ્યક્તિત્વોએ સ્થાપેલી આ પરંપરાઓને ભારતના વસુધૈવ કુટુંબકમ અથવા તો વિશ્વ એક પરિવાર છે તેના વિચાર સાથે સાંકળીને જીવન સુધારણા અને ટકાઉ વિકાસને આગળ વધારવા માટે સભ્યતા જ્ઞાનનો ઉપયોગ કરવાની હિમાયત કરી હતી.

ત્રણ દાયકાના સામુદાયિક વિકાસ કામો પર પ્રકાશ પાડતા, ડૉ. પ્રીતિ અદાણીએ કહ્યું હતું કે પ્રગતિનું માપ લોકો પર તેની અસર થકી માપવું જોઈએ. સમુદાયોને સાંભળવા અને તેમના ભવિષ્યને આકાર આપવા સક્ષમ બનાવવા તરીકે તેમણે સેવા, અથવા તો નિઃસ્વાર્થ સેવાને વર્ણવતા કહ્યું હતું કે અદાણી સમૂહની ૧૯૯૬માં સ્થપાયેલી સામાજિક વિકાસ પાંખ અદાણી ફાઉન્ડેશન ભારતના ૨૨ રાજ્યોના ૭,૦૦૦ ગામડાઓમાં કાર્ય કરી રહ્યું છે, જે ૧.૩૦ કરોડ જીવનને અસર કરે છે.

અદાણી ગ્રુપની ૧ કરોડ મિલિયન ડોલરની સહાય દ્વારા સમર્થિત ભારત નોલેજ ગ્રાફનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે તે ભારતના સભ્યતા જ્ઞાનને આંતરશાખાકીય સંશોધન માટે નોલેજ ગ્રાફ સુલભ બનાવી ૧૪ ડોક્ટરલ વિદ્વાનોને ટેકો આપે છે.

યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્કના પ્રમુખ અને કોલંબિયા યુનિવર્સિટી ખાતેના સેન્ટર ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ડિરેક્ટર પ્રો. જેફરી ડી. સૅક્સે "ધ રીટર્ન ઓફ અ મલ્ટીપોલર વર્લ્ડ" પર વૈશ્વિક આર્થિક શક્તિના બદલાતા સંતુલન અને તેમાં ભારતની વધતી જતી ભૂમિકાની તપાસ કરી છે.. વૈશ્વિક ઉત્પાદનમાં ભારતનો હિસ્સો વર્ષ ૨૦૦૦માં ૫.૨% હતો તે વધીને ૨૦૨૬માં ૮.૫% થયો હોવાનું તેમણે દર્શાવ્યું હતું, તેમનું અનુમાન છે કે ૨૦૫૦ સુધીમાં તે ૧૩.૧% અને ૨૧૦૦ સુધીમાં ૧૫.૧% સુધી પહોંચી જશે. તેમણે એશિયા અને આફ્રિકા તરફ બદલાતા આર્થિક સંતુલન વિશે પણ તેમનું અનુમાન છે કે ૨૧૦૦ સુધીમાં અમેરિકા, કેનેડા અને યુરોપનો સંયુક્ત હિસ્સો ઘટીને ૧૩.૭% થઈ જશે.

પ્રો.જેફરીએ ભારતમાં અને વૈશ્વિક સ્તરે ટકાઉ વિકાસ માટે અદાણી ગ્રુપ અને અદાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહેલા કાર્યોના વ્યાપને સ્વીકારી ભારતમાં પરિવર્તન અને પ્રગતિના મુખ્ય પ્રેરક બળોમાંના એક તરીકે અદાણી ગ્રુપને વર્ણવ્યું હતું અને દેશના માળખાકીય વિકાસ તથા આર્થિક વૃદ્ધિમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો.

વ્યવસાયમાં પારિવારિક નામ સાથે જોડાયેલી જવાબદારીઓનો ઉલ્લેખ કરી મુખ્યત્વે શેરધારકોના વળતર પર ધ્યાન કેન્દ્રિત કરતી કોર્પોરેટ કંપનીઓ અને પરિવાર દ્વારા સંચાલિત વ્યવસાયો વચ્ચે તફાવત સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, જે વ્યવસાયો સાથે પરિવારનું નામ જોડાયેલું હોય છે, તેઓ તે પરિવારના વારસાને પણ વહન કરવા સાથે સમાજને તેઓ શું પાછું આપી રહ્યા છે તે અંગે વિચારવાની જવાબદારી પણ તેઓની હોય છે.

કાલુપુર-સાબરમતી સ્ટેશન પર વિશેષ હોલ્ડિંગ એરિયા તૈયાર

અમદાવાદનાં રેલવે સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો

અમદાવાદ, તા.૨

દિવાળી અને છઠ પૂજાના તહેવારો નજીક આવતાં અમદાવાદનાં રેલવે સ્ટેશનો પર મુસાફરોની અવરજવર વધી રહી છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહાર તરફ વતન જવા ઈચ્છતા મુસાફરોની સંખ્યામાં વધારો થતાં રેલવે તંત્ર દ્વારા ભીડ નિયંત્રણ માટે આગોતરી તૈયારીઓ કરવામાં આવી છે. અમદાવાદના કાલુપુર અને સાબરમતી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિશેષ હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે.

રેલવે દ્વારા તૈયાર કરવામાં આવેલા હોલ્ડિંગ એરિયામાં મુસાફરો માટે લાઈટ, પંખા, પીવાના પાણી અને શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ટ્રેન પ્લેટફોર્મ પર આવે તે પહેલાં મુસાફરોને આ હોલ્ડિંગ એરિયામાં ક્રમબદ્ધ રીતે બેસાડવામાં આવશે. ત્યારબાદ ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચે ત્યારે મુસાફરોને લાઈનમાં કોચ સુધી લઈ જઈ ટ્રેનમાં ચઢાડવામાં આવશે.

આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ પ્લેટફોર્મ પર થતી ધક્કામુક્કી અને અફરાતફરી અટકાવવાનો તેમજ મુસાફરોને સુરક્ષિત રીતે ટ્રેનમાં પ્રવેશ અપાવવાનો છે. તહેવારો દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને ગવર્નમેન્ટ રેલવે પોલીસ (GRP)ની વધારાની ટુકડીઓ તહેનાત કરવામાં આવી રહી છે. સુરક્ષા કર્મચારીઓને વોકીટોકી આપવામાં આવ્યા છે, જેથી સ્ટેશનના અલગ-અલગ વિસ્તારોમાં ભીડ વધે ત્યારે તાત્કાલિક સંકલન કરી શકાય. સ્ટેશન પર લગાવવામાં આવેલા ઝઝ્રૅ કેમેરા દ્વારા પણ સતત દેખરેખ રાખવામાં આવશે. કોઈ ચોક્કસ સ્થળે અચાનક મુસાફરોની સંખ્યા વધી જાય તો નિયંત્રણ કક્ષામાંથી જાણ થતાં જ વધારાના જવાનોને ત્યાં મોકલી શકાશે.

મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં વ્યવસ્થિત રીતે બેસાડવાથી લઈને ટ્રેનમાં ચઢાવવા સુધીની કામગીરી રેલવેના કોમર્શિયલ વિભાગ, RPF અને ય્ઁ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. આ માટે વધારાના સુરક્ષા કર્મચારીઓને પણ સ્ટેશન પર ફરજ સોંપવામાં આવી રહી છે. દિવાળી અને છઠ પૂજા દરમિયાન મોટી સંખ્યામાં લોકો પોતાના વતન તરફ પ્રયાણ કરતા હોય છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળે છે. દિવાળી પહેલાં પગાર મળ્યા બાદ સપ્તાહના અંતમાં વતન જનાર મુસાફરોની સંખ્યામાં વધુ વધારો થવાની શક્યતા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ રેલવે તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા, સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપન માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. હોલ્ડિંગ એરિયાની વ્યવસ્થાથી તહેવારો દરમિયાન સ્ટેશન પર થતી અફરાતફરી ઘટાડવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

સાણંદના વિંછીયામાં અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા, માતાજીની દેરી સામે ક્રૂર પિતાએ સગા દીકરાનું માથું પછાડી હત્યા કરી

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૨

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકા ખાતે આવેલા વિંછીયા ગામમાં પિતા પર પોતાના જ ૧૦ વર્ષના એકના એક દીકરાની હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. માતાજીની દેરી સામે પુત્રનું માથું પછાડીને હત્યા કરી લાશ ખાટલામાં મુકીને પિતા બાજુમાં સૂઈ ગયો હતો. માતા ઘરે પહોંચી ત્યારે દીકરો મૃત હાલતમાં મળી આવ્યો હતો. માતાએ પતિને દીકરાના મોત અંગે પૂછતાં તેણે અંધશ્રદ્ધા સાથે જોડાયેલું કારણ આપ્યું હતું. આ મામલે માતાએ સાણંદ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવતા તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

સાણંદ તાલુકાના વિંછીયા ગામે નરેશ પટેલ તેની પત્ની ભારતીબહેન અને એકના એક પુત્ર કરણ સાથે રહેતા હતા. દસેક દિવસ અગાઉ દંપતી વચ્ચે ઝગડો થતા નરેશે પત્નીને માર માર્યો હતો. આથી ભારતીબહેન પિયર જતા રહ્યા હતા. કરણની પરીક્ષા ચાલતી હોવાથી ભારતીબહેન તેને નરેશ સાથે મુકીને ગયા હતા. ૧ નવેમ્બર રવિવારની સાંજે ભારતીબહેનને તેમના પાડોશીએ ફોન કરીને જણાવ્યું હતું કે, તેમના પુત્ર કરણને નરેશ લાકડી વડે માર માર્યો છે. જેથી ભારતીબહેન પિયર ખાતેથી તુંરત વિંછીયા ગામે જવા નીકળ્યા હતા. જેમની સાથે તેમના માતા-પિતા, ભાઈ અને ભાભી પણ આવ્યા હતા.

ભારતીબહેન રાત્રે પિયરથી પરત આવીને ઘર પાસેની જોગણી માતાની દેરી પાસે પહોંચ્યા ત્યારે તેમનો પુત્ર કરણ ખાટલામાં લોહીલુહાણ હાલતમાં પડ્યો જણાયો હતો અને બાજુના ખાટલામાં નરેશ સૂતો હતો. તપાસ કરતા પૂત્ર મૃત્યુ પામ્યો હોવાનું જાણતા નરેશની આ અંગે પૂછપરછ કરવામાં આવી હતી. નરેશે કહ્યું કે, મારા પિતા માતાજીના ભુવા હતા અને તેમના બાદ હું માતાજીનો ભુવો થયો છું. મારા પછી કોઈ આપણા ઘરમાં ભુવો ના બને તે માટે મેં કરણને માતાજીની દેરી પાસે ત્રણેક વખત પછાડી અને માથામાં લાકડી મારી હત્યા કરી નાંખી છે. આમ ક્રૂર પિતાએ અંધશ્રદ્ધામાં આવીને પોતાના વંશવેલાનો જ નાશ કરી નાંખ્યો હતો.

ભારતીબેને તાત્કાલિક પોલીસને જાણ કરતાં સાણંદ પોલીસનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે સ્થળ પર તપાસ હાથ ધરી હતી અને એફએસએલની ટીમને બોલાવી હતી જેમણે પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી કરી હતી. હત્યારા પિતા નરેશ પટેલ વિરુદ્ધ સાણંદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીમો આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ અધિકારીના મતે આરોપીની માનસિક સ્થિતિની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે હવે મનોચિકિત્સકની મદદ લેવાશે અને બાદમાં આગળની પૂછપરછ હાથ ધરાશે. આ ઘટના બની તે સમયે ઘરમાં અન્ય કોણ-કોણ હાજર હતું તે દિશામાં પણ પોલીસે તપાસ કરી રહી છે.

માઉન્ટ આબુ-જૂનાગઢ ખાતેના તાલીમાર્થી પર્વતારોહકોના દૈનિક ભોજન ભથ્થામાં રૂ. ૨૦૦નો વધારો કરાયો

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વાર્ષિક પર્વતારોહણ તાલીમ શિબિરોમાં ભાગ લેતા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકો માટે અપાતી ભોજન સુવિધામાં રૂ.૨૦૦ નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે ૧લી, એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે. રાજ્ય સરકાર દ્વારા પર્વતારોહણ શિબિરોમાં તાલીમાર્થીઓ અને ઈન્સ્ટ્રક્ટરોને આપવામાં આવતા દૈનિક ભોજનના દરની મહત્તમ મર્યાદા પ્રતિદિન પ્રતિ વ્યક્તિ રૂ. ૧૫૦થી વધારીને રૂ. ૩૫૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો સીધો અને વ્યાપક લાભ રાજ્યના બે મુખ્ય પર્વતારોહણ કેન્દ્રોમાં તાલીમ લેતા અનેક યુવાનોને મળશે. જૂનાગઢ સ્થિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર' ખાતે તાલીમ લેતા વાર્ષિક આશરે ૨૩૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૩.૪૦ લાખ અને માઉન્ટ આબુ સ્થિત 'રાજ્ય પર્વતારોહણ સંસ્થા'ના વાર્ષિક આશરે ૨૮૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૭.૭૦ લાખનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ રીતે બંને કેન્દ્રોના કુલ ૫૧૦ જેટલા યુવા સાહસિકોના ઉત્સાહ અને આરોગ્યને જાળવી રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૧.૧૦ લાખનો વધારાનો આર્થિક ખર્ચ કરવામાં આવશે. રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર હેઠળ કાર્યરત આ બંને કેન્દ્રોમાં વર્ષ દરમિયાન ૨૦થી વધુ સરકારી અને બિનસરકારી પર્વતારોહણ તાલીમ શિબિરો યોજાય છે. ભોજન ભથ્થામાં થયેલા આ વધારાથી આ શિબિરોમાં ભાગ લેનારા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકોને વધુ સારી ભોજન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.રાજ્ય સરકારના આ નિર્ણયથી પર્વતારોહણ ક્ષેત્રે તાલીમ મેળવતા યુવા સાહસિકોના આરોગ્ય, પોષણ અને શારીરિક ક્ષમતા જાળવવાના પ્રયાસોને પ્રોત્સાહન મળશે.

અમદાવાદ મંડળ પર ૩૦ નવેમ્બર સુધી ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાન ૫.૦ નું આયોજન

અમદાવાદઃપશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે પેન્શનરો અને પરિવાર પેન્શનરોની સુવિધા માટે ભારત સરકારના પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ હેઠળ રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જીવન પ્રમાણપત્ર (ઢન્ઝ) અભિયાન ૫.૦ સંચાલિત કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન ૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. આનો ઉદ્દેશ પેન્શનરોને ડિજિટલ સુવિધાઓ પ્રત્યે જાગૃત અને સશક્ત બનાવવાનો તથા જીવન પ્રમાણપત્ર જમા કરાવવાની પ્રક્રિયાને સરળ, સુવિધાજનક બનાવવાનો છે.



આ જ ક્રમમાં ૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ અમદાવાદ મંડળના એકાઉન્ટ વિભાગ દ્વારા બેંક ઑફ બરોડા, સાબરમતી, ભારતીય સ્ટેટ બેંક, કબીર ચોક તથા બેંક ઑફ બરોડા, ચાંદખેડામાં ડિજિટલ જીવન પ્રમાણપત્ર શિબિરોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ શિબિરો દરમિયાન કુલ ૯૩ રેલવે પેન્શનરો અને પરિવાર પેન્શનરોના ડિજિટલ જીવન પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવ્યા.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે આ રાષ્ટ્રવ્યાપી અભિયાન દેશભરના ૨,૦૦૦ થી વધુ શહેરો તથા નગરોના જાહેર ક્ષેત્રની બેંકો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ભારતીય વિશિષ્ટ ઓળખ પ્રાધિકરણ (ૈંડ્ઢછૈં), ઈલેક્ટ્રોનિકી અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય તથા અન્ય સહભાગી વિગાભો અને સંગઠનોના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યું છે.

શિબિરોમાં ઉપસ્થિત પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્ર બનાવવાની પ્રક્રિયા અને આના લાભો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. સાથે જ, તેમને ઘરે બેઠાં પોતે ડિજિટલ માધ્યમથી જીવન પ્રમાણપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા પણ સમજાવવામાં આવી, જેનાથી ભવિષ્યમાં તેમને જીવન પ્રમાણપત્ર જમા કરાવવા કાર્યાલયો અથવા બેંકોમાં જવાની જરૂર નહી પડે. અમદાવાદ મંડળમાં પણ આ અભિયાન હેઠળ વિવિધ સ્થળોએ પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

તમામ રેલવે પેન્શનરો અને પરિવાર પેન્શનરોને અપીલ કરવામાં આવે છે કે તેઓ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનનો વધુને વધુ લાભ ઉઠાવે અને નિશ્ચિત સમયગાળામાં પોતાનું ડિજિટલ જીવન પ્રમાણપત્ર જમા કરાવીને આ સુવિધાજનક ડિજિટલ વ્યવસ્થાને અપનાવે.

નેપાળમાં હિમવર્ષા વચ્ચે છ ભારતીય પ્રવાસીઓ ફસાયા

નવી દિલ્હી, તા.૨

નેપાળના શે-ફોક્સુંડો નેશનલ પાર્ક વિસ્તારમાં ભારે હિમવર્ષાને લીધે છ ભારતીય પર્યટક ફસાઈ ગયા છે. તેમની સુરક્ષા માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, જોકે અત્યાર સુધી સફળતા મળી શકી નથી. હિમવર્ષામાં ફસાયેલ છ ભારતીયોમાં બે મહિલા પણ સામેલ છે. અધિકારીઓએ માહિતી આપી હતી કે આ લોકો શનિવાર બપોરના સમયથી અહીં ફસાયા છે. તેમને બચાવવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે.હોલ્પાના મુખ્ય જિલ્લા અધિકારી જૂનુ ધાકલે જણાવ્યું કે આ પર્યટક શે-ફોક્સુંડો ગ્રામીણ નગર પાલિકાના વોર્ડ નંબર ૮માં આ વિસ્તારમાં આવ્યા હતા, જે હવે ભારે હિમવર્ષાથી ઠંકાઈ ગયેલ છે. આ ગ્રામીણ નગર પાલિકા સ્થિત શે-ફોક્સુંડો સરોવર નેપાળની સૌથી ઊંચું સરોવર છે. અહીં ૩,૬૦૦ મીટરની ઊંચાઈ પર આવેલ છે અને તે ઊંડાઈ આશરે ૧૪૫ મીટર છે.સમાચાર એજન્સીએ આપેલી માહિતી પ્રમાણે અમે આ જગ્યા અંગે જાણ થઈ છે કે જ્યાં લોકો ફસાયેલ છે. તેમને બચાવવા માટે સેનાના એક હેલિકોપ્ટર પહોંચી રહ્યું છે. અમને આશા છે કે અમે જલ્દીથી સુરક્ષિત લોકોને બહાર કાઢી લેશું. તેમણે કહ્યું કે સુરક્ષાકર્મચારીઓ અને તેમની સાતે રહેલા નેપાળી ગાઈડની ચેતવણી વચ્ચે આ ભારતીય પર્યટક તે વિસ્તારમાં જતા રહ્યા હતા. ગાઈડની ચેતવણી અવગણવામાં આવીધાકલે સમજાવ્યું કે ભારે હિમવર્ષા છતાં ટુરિસ્ટ ગાઈડને છોડીને સરોવરના વિસ્તાર તરફ ગયા હતા.તેને પરિણામે શનિવારે રાત્રે તેમનો સંપર્ક તૂટી ગયો હતો.

૧૧મીથી ૧૮મી, નવેમ્બર દરમિયાન "જનજાતિય ગૌરવ સપ્તાહ"ની રાજ્યવ્યાપી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જયંતિના અવસરે રાજ્યમાં ભવ્ય ઉજવણીના આયોજન અંગે ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં, ૧૧થી ૧૮મી, નવેમ્બર સુધી "જનજાતિય ગૌરવ સપ્તાહ"ની ઉજવણી કરવા અને રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓના તમામ વિધાનસભા મતવિસ્તારો, મહાનગરો તેમજ આદિજાતિ જિલ્લાઓ સિવાયના બાકીના જિલ્લાઓમાં જિલ્લા અને મહાનગર કક્ષાના વિવિધ કાર્યક્રમો યોજવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં છોટાઉદેપુર ખાતે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વલસાડ ખાતે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અન્ય તમામ આદિજાતિ વિધાનસભા ક્ષેત્રોમાં રાજ્યના મંત્રીઓની અધ્યક્ષતામાં વિશેષ કાર્યક્રમો સંપન્ન થશે. આ સાપ્તાહિક ઉજવણી દરમિયાન જનજાતિ યુવા સંવાદ, જનજાતીય મહાનુભાવોની પ્રતિમાઓને પુષ્પાંજલિ, ગ્રામ પંચાયત દીઠ ભગવાન બિરસા મુંડાજીના જીવન ચરિત્રનું પઠન અને આરતી, દીપોત્સવ, પરંપરાગત વાદ્યો સાથે શોભાયાત્રા, પ્રબુદ્ધ નાગરિક સંમેલન, પરંપરાગત રમતોત્સવ તથા મહિલા સંમેલન જેવા વિવિધ પ્રેરણાદાયી અને રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો જોડાયા હતા. આ તમામ પ્રાયોજના અધિકારીઓ, આદિજાતિ સાંસદો, ધારાસભ્યો તેમજ આદિજાતિ મોરચાના રાજ્ય અને જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહી કાર્યક્રમના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

અમદાવાદ મંડળનું શાનદાર પ્રદર્શન : ઓક્ટોબર ૨૦૨૬માં રૂા.૮૩૦ કરોડની આવક, યાત્રી તેમજ પાર્સલની આવકમાં નોંધપાત્ર વધારો

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓક્ટોબર ૨૦૨૬માં વાણિજ્યિક તેમજ યાત્રી સેવાઓના ક્ષેત્રમાં શાનદાર પ્રદર્શન કરતાં માલસામાન ભાડા, યાત્રી, પાર્સલ અને ટિકિટ ચકાસણી સહિત વિવિધ બાબતોમાંથી કુલ ?૮૩૦ કરોડની આવક મેળવી છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશ એ આ સિદ્ધિ પર મંડળના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતાં તેમના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી છે.

૧. નાણાકીય તેમજ વાણિજ્યિક પ્રદર્શન

ࠠ માલસામાન ભાડાની આવકઃ ?૬૫૫ કરોડ, જે પાછલા વર્ષની ?૬૧૨ કરોડની સરખામણીમાં ૭% વધુ છે.

ࠠ યાત્રી આવકઃ ?૧૬૪.૭૫ કરોડ, જે પાછલા વર્ષની ?૧૪૯.૫૦ કરોડની સરખામણીમાં લગભગ ૧૦% વધુ છે.

ࠠ પાર્સલ આવકઃ ?૭ કરોડ, જે પાછલા વર્ષની ?૫.૧૭ કરોડની સરખામણીમાં ૩૫% વધુ છે.

ࠠ ટિકિટ ચકાસણી આવકઃ ?૩.૨૫ કરોડ.

૨. માલ પરિવહનમાં નવી સિદ્ધિઓ

ࠠ અમદાવાદ મંડળે નવી કોમોડિટી તેમજ નવા ગંતવ્ય સ્થાનોના પરિવહનમાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

ࠠ M/s Kutch Copper Limited દ્વારા કોપર સ્લેગની ૭ રેક લોડ કરવામાં આવી, જેનાથી ?૩.૫૬ કરોડની આવક પ્રાપ્ત થઈ.

ࠠ જીરાની ૪ વેગનના આંશિક લોડિંગથી ?૪.૭૨ લાખની આવક મેળવવામાં આવી.

ࠠ M/s Synergy Saurashtra Pvt. Ltd. દ્વારા ગાંધીધામથી મેટ કોકની એક રેક લોડ કરવામાં આવી, જેનાથી ?૭૧.૭૦ લાખની આવક પ્રાપ્ત થઈ. આ ટ્રાફિક લગભગ ૩.૫ વર્ષ પછી રેલવેને પરત મળ્યો.

ࠠ M/s Krishana Phoschem Ltd. દ્વારા મુંદ્રા પોર્ટથી વિવિધ નવા ગંતવ્ય સ્થાનો માટે આયાત કરેલા ખાતરની ૮ રેક લોડ કરવામાં આવી, જેનાથી ?૪.૫૫ કરોડની આવક પ્રાપ્ત થઈ.

ࠠ M/s Khaitan Chemicals & Fertilizers Limited દ્વારા આયાત કરેલા ખાતરની ૩ રેક લોડ કરીને ?૧.૦૮ કરોડની આવક મેળવવામાં આવી.

ࠠ સ્ટીલ પાઈપ, ઔદ્યોગિક મીઠું, વાંસ પલ્પ અને સિમેન્ટના પરિવહનથી પણ મંડળને વધારાની આવક પ્રાપ્ત થઈ.

૩. નવા ગ્રાહકોને રેલવે પરિવહન સાથે જોડવાની પહેલ

ࠠ M/s Birla Corpo®aion Ltd. દ્વારા પેટ કોકની ૨ રેક લોડ કરવામાં આવી, જેનાથી ?૨.૧૬ કરોડની આવક પ્રાપ્ત થઈ.

ࠠ ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ GRFV ટર્મિનલથી પહેલીવાર M/s SimplO India ના ફ્રોઝન શાકભાજીઓથી ભરેલા ૨૦ રેફ્રિજરેટેડ કન્ટેનરોની રેક લોડ કરવામાં આવી. આમાં ૫૪૦.૪૯ ટન માલનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી ?૨.૩૬ લાખની આવક પ્રાપ્ત થઈ. આ રોડ પરિવહનથી રેલવે પરિવહન તરફ માલ સ્થાળાંતરિત કરવાની મહત્વપૂર્ણ પહેલ છે.

૪. યાત્રી સેવાઓ તેમજ વિશેષ ટ્રેનોનું સંચાલન

ࠠ તહેવારોની સિઝનમાં યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર મહિનામાં ૪૬ વિશેષ ટ્રેન ફેરાનું સંચાલન કરવામાં આવ્યું, જેનાથી લગભગ ૫૮ હજાર યાત્રીઓને સુવિધા મળી તથા ?૫.૨૮ કરોડની યાત્રી આવક મેળવવામાં આવી.

ࠠ ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સાબરમતી—વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસ તથા બેચરાજી—સાબરતી સ્ઈસ્ઈેંટ્રેનની ઉદ્ઘાટન સેવાઓને લીલી ઝંડી બતાવીને રવાના કરી. આ ઉપરાંત, સાબરમતી—કાટોસણ રોડ સ્ઈસ્ઈેં ટ્રેનને ૨૮ ઓક્ટોબરથી ચાંદખેડા રોડ સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું.

૫. ટિકિટ ચકાસણી અભિયાન

ࠠ વગર ટિકિટ અને અનિયમિત ટિકિટ પર યાત્રા કરનારાઓ વિરુદ્ધ ઓક્ટોબર મહિનામાં સઘન ટિકિટ ચકાસણી અભિયાનો ચલાવવામાં આવ્યા. અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ, મહેસાણા, ભુજ, પાલનપુર અને વિરમગામ સહિત વિવિધ સ્ટેશનો પર ફોટ્રેસ, એમ્બુશ અને વિશેષ ફોટ્રેસ ચેક યોજવામાં આવ્યા.

ࠠ આ અભિયાનો દરમિયાન કુલ ૪,૧૬૬ અનિયમિત યાત્રાના કેસો પકડવામાં આવ્યા તથા ?૩૮.૬૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો. આ ઉપરાંત, એન્ટી-લિટરિંગના લગભગ ૯૦ કેસોમાં ?૦.૬૦ લાખ તથા એન્ટી-સ્મોકિંગના ૧૧ કેસોમાં ?૦.૨૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો.

૬. પાર્સલ અને બિન-ભાડા આવક

ࠠ પાર્સલ સ્પેસની ૨ મિલકતોના ૩-વર્ષીય લીઝ કરારથી કુલ ?૧૧.૧૩ કરોડની આવક પ્રાપ્ત થશે.

ࠠ અસારવા સ્ટેશન પર ડિજિટલ સ્ટોરેજ લોકરના સંચાલન અને જાળવણીનો ૫-વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો.

ࠠ મણિનગર સ્ટેશનના ફૂટ ઓવરબ્રિજ તથા અમદાવાદ સ્ટેશનની ૭ લિફ્ટ પર જાહેરાત પ્રદર્શનના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા.

ࠠ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય સંકુલમાં મારુતિ સુઝુકી કારોના પ્રદર્શન મારફતે બિન-ભાડા આવક મેળવવામાં આવી.

૭. અન્ય વાણિજિયક તેમજ યાત્રી સુવિધા સંબંધી પહેલ

ࠠ ખાખરેચી ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેનાથી આધુનિક માલ પરિવહન સુવિધાઓ અને રેલવે આવકને પ્રોત્સાહન મળશે. ભુજ સ્ટેશન પર પે એન્ડ પાર્ક સુવિધાનો ૩-વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. આ ઉપરાંત, સ્થાનિક કારીગરો અને શિલ્પકારોને પ્રોત્સાહિત કરવા માટે અમદાવાદ, પાલનપુર, પાટણ, મહેસાણા અને ગાંધીધામમાં કુલ ૭ 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' (OSOP) સ્ટોલ ફાળવવામાં આવ્યા.

ࠠ ઓક્ટોબર મહિનામાં PRS ટિકિટોમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો હિસ્સો ૨૦.૨૬% તથા ેંજી ટિકિટોમાં ૩૭.૩૪% રહ્યો.

ࠠ એક નોંધપાત્ર સિદ્ધિ રૂપે ઓક્ટોબર ૨૦૨૬માં રેલ મદદ હેઠળ યાત્રાઓ પાસેથી પ્રાપ્ત ઉત્તમ ફીડબેકના મામલામાં અમદાવાદ મંડળે ભારતીય રેલવેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

અમદાવાદ મંડળ યાત્રીઓને સુરક્ષિત અને અનુકૂળ રેલવે સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા માલ પરિવહન અને વાણિજિયક પ્રવૃત્તિઓ મારફતે આવક વધારો કરવા માટે સતત પ્રતિબદ્ધ છે.

ઉત્રાણ - લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન

યાત્રીઓની સુવિધા તથા યાત્રાની વધતી માંગને પૂરી કરવા અને વધારાની ભીડને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળથી ઉત્રાણ – લાલકુઆં સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ આ ટ્રેનોની વિગતો નીચે પ્રમાણે છેઃ

ટ્રેન નંબર ૦૯૧૨૯/૦૯૧૩૦ ઉત્રાણ – લાલકુઆં – ઉત્રાણ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (૦૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૧૨૯ ઉત્રાણ – લાલકુઆં સ્પેશિયલ દરેક ગુરૂવારે ઉત્રાણથી બપોરે ૧૫:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૧૬:૧૦ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૦૫ અને ૧૨ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૩૦ લાલકુઆં – ઉત્રાણ સ્પેશિયલ દરેક શુક્રવારે લાલકુઆંથી રાત્રે ૨૨:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે ૨૨:૧૫ કલાકે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેન ૦૬ અને ૧૩ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંકશન, નાગદા, કોટા જંકશન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર જંકશન, મથુરા જંકશન, હાથરસ સિટી, કાસગંજ જંકશન, બદાયૂં, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર જંકશન, બહેડી જંકશન અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય ડબ્બાઓ હશે.

AMC દ્વારા દિવાળી પર્વ માટે એક્શન પ્લાન

મ્યુનિ. ફાયરબ્રિગેડના ૧૧૦૦થી વધુ કર્મીઓ તેમજ ૬૫ થી વધુ એમ્બ્યુલન્સ વાન સ્ટેન્ડ ટુ

અમદાવાદ, તા. ૨

દિવાળીના તહેવારો દરમિયાન આગ, અકસ્માત અને કાયદો-વ્યવસ્થાની કટોકટી સામે ત્વરિત કાર્યવાહી સુનિશ્ચિત કરવા અમદાવાદ ફાયર વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા અને શહેર પોલીસે સંયુક્ત એકશન પ્લાન અમલી બનાવ્યો છે. તહેવારો દરમિયાન ફટાકડા અને ભીડભાડને કારણે ઈમરજન્સી કોલ્સમાં સંભવિત વધારાને પહોંચી વળવા તમામ વિભાગોના સ્ટાફની રજાઓ મોકૂફ રાખી ૨૪ કલાક સઘન મોનિટરિંગ શરૂ કરાયું છે. શહેરના ગીચ રહેણાક અને ફટાકડા બજારોમાં હંગામી પોઈન્ટ્સ ઊભા કરી રિસ્પોન્સ ટાઈમ ઘટાડવા ખાસ કવાયત હાથ ધરાઈ છે.



અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ (AFES) દ્વારા તમામ ૧૮ ફાયર સ્ટેશનોને એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યા છે. કાલુપુર, રિલિફ રોડ, લાલદરવાજા અને બાપુનગર જેવા સાંકડી શેરીઓ ધરાવતા કોમર્શિયલ વિસ્તારોમાં મોટા ફાયર ટેન્ડર પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટે વોટર મિસ્ટ ટેક્નોલોજીવાળી બાઈક અને ક્વિક રિસ્પોન્સ વ્હીકલ (QRV) ગોઠવવામાં આવ્યા છે. એસ.જી. હાઈવે, સિંધુભવન અને એસ.પી. રિંગ રોડ પર આવેલા મોટા ફટાકડા સ્ટોલ્સ પાસે વોટર બ્રાઉઝર્સ તહેનાત રખાયા છે.

દિવાળીના દિવસોમાં ટ્રાફિક અકસ્માત અને દાઝવાના કેસોમાં ૧૫થી ૨૦ ટકાનો ઉછાળો આવતો હોવાથી ૧૦૮ ઈમરજન્સી સેવાની તમામ એમ્બ્યુલન્સમાં પેઈન મેનેજમેન્ટ દવાઓ, ઓક્સિજન સિલિન્ડર્સ અને બર્ન ડ્રેસિંગ કિટ્સનો પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે. અસારવા સિવિલ, સોલા સિવિલ, એલ.જી. અને શારદાબેન હોસ્પિટલના બર્ન્સ વોર્ડ અને ટ્રોમા સેન્ટર સાથે ડાયરેક્ટ હોટલાઈન સંપર્ક જાળવવામાં આવ્યો છે, જેથી ઈજાગ્રસ્ત દર્દીને હોસ્પિટલ પહોંચતા જ વિલંબ વગર સીધી સારવાર શરૂ થઈ શકે.

પોલીસ કમિશનરની સૂચના મુજબ શહેરના સંવેદનશીલ વિસ્તારો, રેલવે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેન્ડ અને શોપિંગ મોલ્સ ખાતે ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમો દ્વારા ફૂટ પેટ્રોલિંગ વધારાયું છે. ટ્રાફિક શાખા દ્વારા મુખ્ય સર્કલો પર રિકવરી વેન (ક્રેન) સ્ટેન્ડબાય રાખવામાં આવી છે જેથી કોઈ વાહન બ્રેકડાઉન થાય તો ઈમરજન્સી વાહનો (ફાયર કે ૧૦૮) ટ્રાફિક જામમાં ફસાય નહીં. મહિલાઓની સુરક્ષા માટે ભીડભાડવાળા બજારોમાં શી-ટીમ અને ૧૮૧ અભયમની ટીમ પણ તહેનાત રાખવામાં આવશે.

રૂફટોપ સોલરની સ્થાપિત ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૨

રાજયમાં વીજળીના વધતા વપરાશ અને ભવિષ્યની માંગને પહોંચી વળવા ગુજરાત સરકાર પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન વધારી રહી છે. જેના ભાગરૂપે સૂર્ય ઉર્જા પર ભાર મુકાઈ રહ્યો છે. હાલ, દેશમાં સ્થાપિત કુલ રૂફટોપ સોલર સિસ્ટમમાં ગુજરાતનો હિસ્સો ૧૮.૨૧% છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯.૦૮ લાખ રેસિડેન્શિયલ રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જેની કુલ સ્થાપિત ક્ષમતા ૩,૪૦૮ મેગાવોટ છે. આ સાથે ગુજરાતે માર્ચ ૨૦૨૭ સુધીમાં ૧૦ લાખ રેસિડેન્શિયલ રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરવાના લક્ષ્યાંકની ૯૦% સિદ્ધિ મેળવી લીધી છે. ગુજરાત સરકાર, રૂફટોપ સોલર સિસ્ટમના વ્યાપને વધારવા માટે રહેણાંક મકાનોમાં ૬ કિલોવોટ સુધીની રૂફટોપ સોલર સિસ્ટમ માટે નિયમનકારી ચાર્જ પેટે રુ. ૨,૯૫૦ની સહાય આપે છે. ઉપરાંત નેટવર્ક મજબૂતીકરણ ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે અને નેટ મીટરિંગ કરારની આવશ્યકતામાંથી પણ મુક્તિ આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રાજ્ય સરકારે નાના રેસિડેન્શિયલ વીજ ગ્રાહકો માટે વધારાની આર્થિક સહાયની જોગવાઈ પણ કરી છે. તે મુજબ, અનુસૂચિત જાતિ -જીઞ અને અનુસૂચિત જનજાતિ -જીના ગ્રાહકો ૨.૧૮ કિલોવોટ પીક-ઉઁ સુધીની ક્ષમતા ધરાવતી નવી રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરાવે તો તેમણે નિર્ધારિત ખર્ચની માત્ર ૫% રકમ આપવાની રહે છે. અન્ય ગ્રાહકો પણ ૧૦% ખર્ચ સાથે રૂફટોપ સોલર લગાવી શકે છે. કેન્દ્ર સરકારની નાણાકીય સહાય અને ગ્રાહક તરફથી મળેલી રકમને બાદ કર્યા પછી નિર્ધારિત બેન્ચમાર્ક ખર્ચની બાકીની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

રાજ્યની સોલર નીતિ હેઠળ, ઘરોમાં 'નેટ મીટરિંગ'ની સુવિધા ઉપલબ્ધ છે. જેનો અર્થ એ છે કે, વીજળીનું મીટર તમે કેટલી વીજળી વાપરો છો અને કેટલી વીજળી ગ્રીડમાં પાછી મોકલો છો, તેની નોંધ રાખે છે. ઘરો પર લાગેલી સોલર સિસ્ટમ માટે 'કનેક્ટેડ લોડ' પર કોઈ મર્યાદા નથી અને ઘરમાં ઉત્પન્ન થતી વધારાની વીજળી વેચી પણ શકાય છે. આ ઉપરાંત, ઘરેલુ વપરાશકર્તાઓએ કોઈ બેંકિંગ ચાર્જ પણ ચૂકવવો પડતો નથી. આ સુવિધાઓને કારણે, વધુને વધુ લોકો પોતાના ઘરની છત પર સોલર સિસ્ટમ લગાવી રહ્યાં છે અને કોઈપણ મુશ્કેલી વિના આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

૩૦મી, સપ્ટેમ્બર, ૨૦૨૬ની સ્થિતિએ ગુજરાતની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ૫૫,૫૧૧.૪૬ મેગાવોટ છે. જે દેશની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાના ૧૮.૫૫% જેટલી છે. તેમાં સૌર ઊર્જાની ક્ષમતા ૩૬,૨૩૪.૫૫ મેગાવોટ છે, જે રાષ્ટ્રીય સૌર ઊર્જા ક્ષમતામાં ૨૧.૨% યોગદાન આપે છે. જ્યારે રાજ્યની પવન ઊર્જા ક્ષમતા ૧૭,૦૪૩.૭૬ મેગાવોટછે, જે દેશની કુલ પવન ઊર્જા ક્ષમતાનો ૨૮.૮% જેટલો હિસ્સો છે

બે વર્ષ બાદ કાંકરીયામાં ફરી બોટીંગનો પ્રારંભ થશે

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૨

અમદાવાદના કાંકરિયા તળાવમાં છેલ્લા બે વર્ષથી બંધ રહેલી બોટિંગની સુવિધા આવતીકાલથી ફરી શરૂ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા કાંકરિયા પરિસરમાં કુલ ૨૦ બોટ કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુવિધા શરૂ થતાં મુલાકાતીઓ ફરી એકવાર તળાવમાં બોટિંગની મજા માણી શકશે.

ઉલ્લેખનીય છે કે વડોદરાના હરણી બોટકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા થોડા સમય અગાઉ બોટિંગની સુવિધા માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. આ માર્ગદર્શિકાના આધારે સુરક્ષાનાં વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. બોટિંગ દરમિયાન મુલાકાતીઓનો રૂ.૧૦ લાખનો વ્યક્તિગત વીમો ફરજિયાત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત લાઈફ જેકેટ, રેસ્ક્યૂ બોટ અને અન્ય સુરક્ષા ઉપકરણો ઉપલબ્ધ રાખવા પડશે. બોટિંગ સ્થળે એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ ફરજિયાત કરવામાં આવી છે.

કોર્પોરેશનની યાદી અનુસાર કાંકરિયા પરિસરમાં સુરક્ષાની દૃષ્ટિએ ૨૪ જેટલા ઝ્ઝ્ફ કેમેરા લગાવવામાં આવ્યા છે. કુલ ૨૦ બોટમાંથી ૧૯ બોટ મુલાકાતીઓ માટે કાર્યરત રહેશે, જ્યારે ૨ સ્પીડ બોટનો ઉપયોગ રેસ્ક્યૂ બોટ તરીકે કરવામાં આવશે.

બોટિંગ માટે અલગ-અલગ દર પણ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં સ્પીડ બોટ અને પોન્ટૂન બોટના રૂ.૧૬૦, શિકારા અને જીપ્સી બોટના રૂ.૧૫૦ તથા પેડલ બોટના રૂ.૬૦ ટિકિટ દર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત કાંકરિયામાં ફ્લોટિંગ કેફે પણ શરૂ કરવામાં આવશે. બોટિંગની દરેક ટિકિટની આવકમાંથી ૧૫ ટકા નફાની રકમ એએમસીને ચૂકવવાની રહેશે. આમ, બે વર્ષના લાંબા વિરામ બાદ કાંકરિયામાં બોટિંગ શરૂ થતાં અમદાવાદીઓ અને બહારગામથી આવતા પ્રવાસીઓને મનોરંજનની નવી સુવિધા મળશે.

રાજ્યની નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સાત માસમાં જીએસટી આવકમાં ૨૮%નો માતબર વધારો

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨

રાજયના ઝડપી આર્થિક વિકાસ અને સુદ્રઢ કર પ્રશાસનને પરિણામે ગુજરાત રાજય કર વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સાત માસમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે. ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર-૨૦૨૬ના રોજ પૂરા થતાં પ્રથમ સાત મહિનામાં રાજ્યની જીએસટી આવકમાં ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૨૮%નો ભવ્ય વધારો નોંધાયો છે. તદ્નુસાર રાજ્યને જીએસટી પેટે કુલ રૂ. ૫૮,૨૪૮ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષે આ સમયગાળામાં થયેલી રૂ. ૪૫,૬૬૭ કરોડની આવક કરતાં ૨૮% વધુ છે. રાષ્ટ્રીય કક્ષાએ આ સમયગાળા દરમિયાન જીએસટી આવકનો સરેરાશ ગ્રોથ ૧૩% રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે બમણાથી પણ વધુ ગ્રોથ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

ઓક્ટોબર-૨૦૨૬ના એક જ મહિનાની વાત કરીએ તો રાજયને જીએસટી હેઠળ રૂ. ૮,૩૯૧ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગત વર્ષના ઓક્ટોબર માસની રૂ. ૭,૧૨૭ કરોડની આવક કરતાં ૧૮% વધુ છે.આ ઉપરાંત ઓક્ટોબર-૨૦૨૬માં રાજ્યને વેટ હેઠળ રૂ. ૩,૧૫૩ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૧,૦૫૩ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ. ૨૨ કરોડની આવક થઈ છે.

આ તમામ વેરા મળીને રાજ્ય કર વિભાગને ઓક્ટોબર માસમાં જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ. ૧૨,૬૧૯ કરોડની ભવ્ય આવક મળી છે. રાજ્યમાં વેપાર-ઉદ્યોગોના વિકાસ માટેનું સાનુકૂળ વાતાવરણ અને કર પ્રશાસનની સક્ષમ કામગીરીના પરિણામે રાજ્યની આવકમાં સતત આ ઉત્સાહજનક વૃદ્ધિ જોવા મળી રહી છે.

અમદાવાદમાં દિવાળી પૂર્વે પોલીસે ૬૧ બાંગ્લાદેશીઓની અટકાયત કરી

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૨

દિવાળીના તહેવારો પહેલાં અમદાવાદ શહેરની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાના હેતુથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર રીતે વસવાટ કરતા હોવાની આશંકા ધરાવતા વિદેશી નાગરિકો સામે કાર્યવાહી હાથ ધરી છે. દિવાળી પૂર્વે હાથ ધરાયેલા સફાઈ અભિયાન દરમિયાન કુલ ૬૧ વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી છે, જેમાં મોટાભાગના બાંગ્લાદેશના વતની હોવાનું પોલીસ અને અહેવાલોમાં જણાવાયું છે. શહેરના અલગ-અલગ ઝોનમાંથી એકત્રિત ગુપ્ત માહિતીને આધારે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ જુદા જુદા વિસ્તારોમાં ચકાસણી કર્યા બાદ સંકલિત દરોડાન કાર્યવાહી કરી હતી.આ અભિયાન પાછળ પોલીસનો મુખ્ય હેતુ તહેવારોના સમયગાળામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેવો છે. આ લોકો ભારતમાં ગેરકાયદે રહી રહ્યા હતા કે કેમ તેની ચકાસણી કરાઈ રહી છે અને જરૂરી દસ્તાવેજો પુરાવા તરીકે રજૂ નહીં કરી શકનારા લોકોને ડીપોર્ટ કરવાની કામગીરી પણ કરવામાં આવશે.

અમદાવાદમાં ચંડોળા તળાવના ડિમોલીશન બાદ મોટાપાયે બાંગ્લાદેશીઓને ઝડપી પાડીને ડિપોર્ટ કરાયા હતા. ત્યારબાદ શહેરમાંથી ફરી એકવાર ૪૦ મહિલાઓ અને ૫ બાળકો સહિત ૬૧ જેટલા બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા છે. જેમાં મોટાભાગની મહિલાઓ છે અને તેઓ બોગસ ડોક્યુમેન્ટના આધારે ભારતમાં પ્રવેશી અમદાવાદમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. હાલમાં તમામની અટકાયત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ મોટાભાગની મહિલાઓ શહેરમાં સ્પામાં કામ કરતી હોવાનું જણાયું છે. ઉલ્લેખનીય છે કે, સ્પાની આડમાં દેહવેપારનો ધંધો થતો હોવાના અહેવાલો પણ છાશવારે સામે આવતા હોય છે.

પોલીસે વિશેષ ડ્રાઈવ હાથ ધરી હતી જેમાં ૧૦૦ જેટલા શંકાસ્પદોની અટકાયત કરી હતી. તમામના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી અને ત્યારબાદ ૬૧ બાંગ્લાદેશી નાગરિકો હોવાની જાણ થઈ હતી. આ અટકાયત કરાયેલા લોકો દાણીલીમડા, નરોડા, નારોલ, ઓઢવ તથા વટવા સહિતના વિસ્તારોની આસપાસ ઝૂંપડાઓણાં રહેતા હતા. પકડાયેલા પુરૂષો કડિયાકામ તથા છૂટક મજૂરી કરતા હોવાનું જણાયું છે. તહેવારો દરમિયાન શહેરમાં કોઈ અનિચ્છનિય બનાવ ના બે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ક્રાઈમ બ્રાન્ચ આગામી સમયમાં પણ કેટલાક શંકાસ્પદ વિસ્તારોમાં દરોડાની કાર્યવાહી ચાલુ રાખશે તેમ એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

૮,૧૬૯ નવ નિયુક્ત વિદ્યાસહાયકોને ભલામણ પત્રો એનાયત કરતા મુખ્યમંત્રી

અમદાવાદ,તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નવી નિમણુંક મેળવનારા નવ નિયુક્ત વિદ્યાસહાયકોને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરનારા અમૃતકાળના સાચા પ્રહરી ગણાવ્યા છે.આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, રાજ્ય સેવામાં જોડાઈ રહેલા આ શિક્ષકો વિદ્યાર્થીઓનું એવું સંગીન ઘડતર કરે કે તેઓ વિકસિત ભારતના નિર્માણમાં સંપૂર્ણ સહયોગ આપી શકે.

પ્રાથમિક શિક્ષણ વિભાગ હસ્તક પસંદગી પામેલા નવનિયુક્ત વિદ્યા સહાયકોનો અભિવાદન તથા ભલામણ પત્ર એનાયત કરવાનો ગૌરવપૂર્ણ સમારોહ અડાલજના ત્રિમંદિર ખાતે યોજાયો હતો. આ સમારોહમાં કેબિનેટ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ ભાજપના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત સર મુદ્દે મહિલા સભ્યો સાથે વિચારવિમર્શ કર્યો

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ (જીસીસીઆઈ)ની મહિલા પાંખનાં સભ્યો સાથે' સંવાદ યોજ્યો હતો. જનતાનું સમર્થન મેળવવામાં અસમર્થ વિપક્ષી દળો દ્વારા સર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) અંગે કરવામાં આવી રહેલાં બેબુનિયાદ અપપ્રચારના સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-સર એ કોઈ નવી પ્રક્રિયા નથી, પરંતુ આઝાદી બાદથી ચુંટણી પંચ દ્વારા અગાઉ પણ અનેક વખત આ પ્રક્રિયા કરવામાં આવી ચુકી છે. આ પ્રક્રિયા ચુંટણી પંચની કામગીરીનો ભાગ છે. આ પ્રક્રિયાનો હેતુ લોકશાહીમાં મતદાનના અધિકારથી એક પણ પાત્ર નાગરિક બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે. સાથે જ, કોઈ ગેરલાયક વ્યક્તિનું નામ મતદાર યાદીમાં ન રહે તે પણ એટલું જ મહત્ત્વનું છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન અને વિશ્વાસ સંપાદિત કર્યો છે. આજે મેનપાવર થી લઈને રોકાણ સહિતના તમામ ક્ષેત્રોમાં સમગ્ર વિશ્વ માટે ભારત મહત્ત્વના ભાગીદાર તરીકે ઊભરી આવ્યું છે. ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યો છે તેના પાયામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું નિર્ણાયક અને દૂરંદેશી નેતૃત્વ છે. તેમજ રાજકીય વિરોધીઓ દ્વારા દેશની લોકશાહી પદ્ધતિને નુકસાન પહોંચાડવા અને વિકાસની ગતિ અવરોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વડાપ્રધાને ઊભો કરેલો વિશ્વાસ જાળવી રાખવાની જવાબદારી હવે આપણા સૌની છે, તેમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું. પટેલે વધુમાં કહ્યું કે સમાજના શ્રેષ્ઠીઓ પર સામાન્ય લોકોનો ભરોસો હોય છે. આ દૃષ્ટિએ તેમની જવાબદારી પણ વધારે મહત્ત્વની બની જાય છે. લોકતંત્રને વધુ મજબૂત બનાવવા અને અરાજકતા દૂર કરવાના આ પ્રયાસમાં સૌને આગળ આવવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મહિલા ઉદ્યોગસાહસિકોએ સર સંદર્ભે પણ પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. દેશભરમાં સરના મુદ્દે ચાલી રહેલા કુપ્રચાર અને ગેરસમજણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી આયોજિત આ સંવાદમાં ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ રાજેશ ગાંધી, બિઝનેસ વિમેન્સ કમિટીનાં ચેરપર્સન સુ શાલુ લેખાડિયા સહિત મોટી સંખ્યામાં મહિલા ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

નરોડામાં ત્રણ-ચાર લોકોએ લાકડી અને ધોકા મારી યુવકની ઘાતકી હત્યા કરી

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ,તા.૨

અમદાવાદના નરોડામાં વહેલી સવારે યુવકની ઘાતકી હત્યાને લઈને ચકચાર મચી ગઈ છે. આંબેડકરનગરના સંવિધાન સર્કલ પાસે હંસપુરા ઔડાના મકાનો અને પ્રધાનમંત્રી આવાસ યોજના નજીક ૩૦ વર્ષીય યુવક પર ૩ થી ૪ શખસોએ લાકડીઓ અને ધોકા વડે બેરહેમીથી હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ નરોડાની સુમતિનાથ સોસાયટીમાં રહેતા જતીન સોલંકી તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ નરોડા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને હત્યાનો ગુનો નોંધ્યો હતો. હત્યા પાછળનું કારણ જાણવા પોલીસની વિવિધ ટીમો બનાવીને હત્યારાઓને શોધવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નરોડામાં જ રહેતા ત્રણથી ચાર લોકો દ્વારા અદાવતમાં હત્યા કરવામાં આવી હોવાની આશંકા રહેલી છે. વહેલી સવારે સ્થાનિકોએ જયારે યુવકને લોહીલુહાણ હાલતમાં ફૂટપાથ પર જોયો ત્યારે પોલીસને જાણ કરી હતી. નરોડા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. યુવકને લાકડા અને ધોકાથી ક્રૂરતાપૂર્વક માર મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે જાણ કરતા પરિવારજનો તાત્કાલિક સ્થળ ઉપર પહોંચ્યા હતા. પોલીસે બે આરોપીઓની ઓળખ કરીને રાઉન્ડ અપ કર્યા હોવાની માહિતી મળી છે. ટૂંકમાં જ તેમની ધરપકડ કરવામાં આવે તેવી શક્યતા છે. મૃતકના ભાઈએ જતીનની હત્યા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જતીનના ભાઈ ભાવેશના મતે તેનો ભાઈ સાંજે બહાર જતો હતો અને રાત્રે મોડા ઘરે પરત આવતો હતો પરંતુ ગત રાત્રે તે પરત ઘરે આવ્યો નહતો. સવારે પોલીસનો ફોન આવ્યો ત્યારે હત્યા થઈ હોવાની જાણ થઈ હતી. જતીનને કોઈની સાથે દુશ્મની હતી કે નહીં તેની ખબર નથી તેમ ભાવેશે જણાવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અત્યાધુનિક 'એસી વિસ્ટા ડોમ કોચ' બસ સેવા શરુ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૨

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ટુરિઝમ દ્વારા એક વિશેષ સંયુક્ત પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત, ભારતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની કુલ ૫ વિશિષ્ટ 'એસી વિસ્ટા ડોમ કોચ' બસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલી વિસ્તા ડોમ બસનું લોકાર્પણ કર્યું હતું અને વિસ્ટા ડોમ બસની સફર પણ માણી હતી. આ આધુનિક બસોમાં પારદર્શક સ્કાય-વ્યૂ રૂફ- ટ્રાન્સપરન્ટ રૂફ ડોમ ડિઝાઈન આપવામાં આવી છે. જેનાથી પ્રવાસીઓ આરામદાયક એસી કેબિનમાં બેઠા-બેઠા ખુલ્લા આકાશ અને આસપાસના દૃશ્યોનો આનંદ માણી શકશે. આ બસોમાં પ્રવાસીઓની સુવિધા માટે રિવોલ્વિંગ અને ફુલ્લી એડજસ્ટેબલ રિક્લાઈનિંગ સીટ્સ વાળી કુલ ૨૩ સીટો તથા ૧ ડ્રાઈવર માટેની બેઠક ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત નાગરિકો માટે પ્રીમિયમ એલ.ઈ.ડી. સ્માર્ટ ટી.વી., સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઈલ ચાર્જિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.સુરક્ષાના ભાગરૂપે તેમાં અત્યાધુનિક ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો અને હેરિટેજ રૂટ્સ પર પણ આ પ્રકારની બસ સેવા તબક્કાવાર શરૂ કરવામાં આવશે. આ બસની બોડી પર ગુજરાતના વિશ્વ-પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો જેવા કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અક્ષરધામ, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અડાલજની વાવ, ધોરડો રણ, તરણેતરનો મેળો અને વિજય વિલાસ પેલેસના આકર્ષક ગ્રાફિક્સ દર્શાવવામાં આવ્યા છે.

ધોલેરામાં વિશાળ રિઝર્વૅયર તૈયાર કરાશે

પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનના આગામી વિકાસને ધ્યાનમાં રાખીને પાણીના માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ આયોજન હાથ ધરાયું છે પરિણામ સ્વરૂપ ધોલેરામાં હવે, ૨,૨૦૦ મિલિયન લિટર (સ્ન) ક્ષમતાનો વિશાળ રો-વોટર સ્ટોરેજ રિઝર્વોયર ઊભો કરાશે. આ સમગ્ર પ્રોજેક્ટનું અંદાજિત મૂલ્ય રુ. ૪૩૮.૭૪ કરોડ નક્કી કરાયું છે. આ આયોજનમાં રિઝર્વોયર સાથે રો-વોટર પમ્પિંગ સ્ટેશન, રાઈઝિંગ મેઈન અને પાઈપલાઈન નેટવર્ક, ઓટોમેશન-કંટ્રોલ સિસ્ટમ, સાઈટ ડેવલપમેન્ટ તથા ટેસ્ટિંગ-કમિશનિંગ જેવી સુવિધાઓ ઊભી કરાશે એટલે કે, ધોલેરા માટે પાણીના સંગ્રહથી લઈને તેના સંચાલન સુધીનું એક સંકલિત માળખું તૈયાર કરવાનો અભિગમ છે.

ધોલેરા જેવા ઝડપી ઔદ્યોગિક અને શહેરી વિકાસ માટે પાણીની ઉપલબ્ધતા એક મહત્વપૂર્ણ માળખાકીય જરૂરિયાત બની શકે છે. આ જ કારણસર ૨,૨૦૦ સ્ન્ની ક્ષમતા કેમ મહત્વની ૨,૨૦૦ સ્ન એટલે ૨૨૦ કરોડ લિટર પાણી સંગ્રહવાની ક્ષમતાવાળું રો-વોટર સ્ટોરેજની વિશાળ ક્ષમતા ઊભી કરવાનું આયોજન કરાયું છે. જેની ખાસિયત એ છે કે, માત્ર રિઝર્વોયર બાંધવાની જગ્યાએ તેની સાથે જરૂરી પમ્પિંગ અને પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સામેલ છે. આ પ્રોજેક્ટમાં રિઝર્વોયરનો હિસ્સો સૌથી મોટો છે. કોન્ટ્રાક્ટ પ્રાઈસના વેઈટેજ મુજબ ૭૦.૯૫ ટકા હિસ્સો રિઝર્વોયર, જયારે ૭.૩૫ ટકા પમ્પિંગ સ્ટેશન, ૪.૫૦ ટકા રાઈઝિંગ મેઈન- પાઈપલાઈન નેટવર્ક તથા ઓટોમેશન -કંટ્રોલ અને ૧૧.૨૦ ટકા સાઈટ ડેવલપમેન્ટ માટે છે. આ ઉપરાંત ટેસ્ટિંગ -કમિશનિંગ અને જરૂરી દસ્તાવેજીકરણની કામગીરી પણ આયોજનનો ભાગ છે.

સમગ્ર બાંધકામ માટે ૧૮ મહિનાની સમયમર્યાદા રાખવામાં આવી છે. ત્યારબાદ ૬૦ મહિના સુધી ઓપરેશન અને મેન્ટેનન્સની જવાબદારી રહેશે. ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ પણ ૬૦ મહિનાનો છે એટલે કે આ આયોજનનો હેતુ માત્ર મોટું જળમાળખું ઊભું કરવાનો નહીં પરંતુ તેને લાંબા સમય સુધી કાર્યક્ષમ રીતે ચલાવવાનો પણ છે. ''શ્ર્સ દરમિયાન નિર્ધારિત કામગીરીમાં બેદરકારી અથવા બિન-પાલન થાય તો ચુકવણીમાં કપાત કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. એટલે પ્રોજેક્ટ તૈયાર થયા બાદ તેની જાળવણી અને કામગીરી માટે પણ જવાબદારી નક્કી કરવામાં આવી છે. આ પ્રકારની શરતો દર્શાવે છે કે પાણીના માળખાને માત્ર બાંધકામ આધારિત પ્રોજેક્ટ તરીકે નહીં, પરંતુ લાંબા ગાળાની કામગીરી સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે જોવામાં આવ્યું છે.

ધોલેરા ફ્જૈંઈમાં ઔદ્યોગિક અને શહેરી વિકાસ વધે તેમ પાણીની જરૂરિયાત પણ વધવાની સંભાવના છે. એવા સમયે ૨૨૦ કરોડ લિટરની સંગ્રહ ક્ષમતા ધરાવતું રો-વોટર રિઝર્વોયર પાણીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગોતરી ક્ષમતા આપવાના આયોજન તરીકે મહત્વનું બની શકે છે. આ પ્રોજેક્ટમાં રિઝર્વોયર ઉપરાંત પમ્પિંગ, પાઈપલાઈન અને ઓટોમેશન જેવી સુવિધાઓનો સમાવેશ કરાયો છે.

આશરે રુ. ૪૩૮.૭૪ કરોડના રોકાણ કદનું આ આયોજન ધોલેરામાં પાણીના માળખાને આગામી તબક્કાના વિકાસ સાથે જોડવાની દિશા દર્શાવે છે. ધોલેરાના વિકાસ માટે જમીન, રસ્તા અને

નેટાફિમ
વિશ્વની નં.૧ ટપક સિંચાઈ કંપની
NETAFIM™
વધુ ઉપજ,ઓછો ખર્ચ
નેટાફિમનો સોદો ફાયદો જ ફાયદો



સરકારની સબસીડી બધા ખેડુતો માટે સરખી જ છે, બધી કંપનીઓના ભાવ સરખા છે. તો હવે રાહ શેની જુઓ છો?
નેટાફિમ આપે છે, ઉત્તકૃષ્ટ ડીઝાઈન સાથે વેચાણ બાદની સેવાઓ, કૃષી વિષયક માર્ગદર્શન અને ઉચ્ચત્તમ ગુણવત્તા યુક્ત ઉત્પાદન, તો શા માટે વિશ્વની નં. ૧ ટપક સિંચાઈ કંપની નેટાફિમ ના અપનાવીએ?
સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી
- સામાન્ય ખેડુતો માટે ૭૦% સુધીની સબસીડી
- અનુ. જાતિ / અનુ. જન જાતિના ખેડુતો માટે ૮૫% સુધીની સબસીડી
જી.જી.આર.સી દ્વારા માન્ય કંપની
નેટાફિમ જ શા માટે ?
- નેટાફિમ ઈઝરાયેલમાં સ્થપાયેલ ટપક સિંચાઈ ક્ષેત્રે દુનિયાભરમાં અગ્રેસર સ્થાન ધરાવે છે.
- નેટાફિમ ૫૨ વર્ષના અનુભવ સાથે વિશ્વના ૧૧૦ દેશોમાં પોતાની સેવાઓ પૂરી પાડી રહી છે.
- નેટાફિમ ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષથી કાર્યરત છે અને ૧,૦૦,૦૦૦ એકરમાં ફેલાયેલી છે.
- ટપક સિંચાઈની વાત નીકળતાં જ ખેડૂતોની જીભે એક જ નામ આવે છે નેટાફિમ.
ડ્રીપર લાઈન
એરિઝ
સ્ટાન્ડર્ડ હેડ યુનિટ
વેન્ચ્યુરી ઈન્જેક્ટર
ઉચ્ચતમ ગુણવત્તા
ડિસ્ક ફિલ્ટર
નેટાફિમ ઈરિગેશન ઈન્ડિયા પ્રા.લિ.
આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૮ અને ૧૪૦૦૧:૨૦૦૪ કંપની
ઈરિગેશન । ગ્રીનહાઉસ । ફિલ્ડ ઓટોમેશન
ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૫૦૦૦
મુખ્ય કાર્યાલય : ૨૬૮-૨૭૦, ૨૭૧-બી, જી.આઈ.ડી.સી. મંજુસર(તા. સાવલી), જી. વડોદરા-૩૯૧૭૭૫, ગુજરાત. ફોન નં. : ૦૨૬૬૭-૨૬૪૬૦૧-૪, ૬૧૯૩૦૦
ક્ષેત્રિય કાર્યાલય : ૩૦૨, તક્ષ પેરાડાઈમ, સ્ટાર માર્ટ પાસે, જુના પાદરા રોડ, મનીષા ચાર રસ્તા, વડોદરા-૩૯૦ ૦૨૦. ફોન નં.: ૦૨૬૫ ૨૩૨૦૫૧૫/૨૦